ગુજરાત સમાચાર
રવિવાર, ૧૮-૧૦-૨૦૨૬
# રવિપૂર્તિ
www.gujaratsamachar.com



04
ડૉ. ગેલ ગ્રોસની ધ્યાન પદ્ધતિ દ્વારા શાંત અને સંતુલિત જીવન



08
રાવણ ગીતા : રાવણે લક્ષ્મણને આપેલું લેસન આજે પણ કેવી રીતે રીલેટેબલ છે?

## શહેર મોટા થયા, માણસો વચ્ચેનું અંતર પણ : આપણે ઈમારતોનું આયોજન કરીએ છીએ પણ જીવનનું નહીં

# રોટલો મળે પણ ઓટલો ન મળે

**હોરાઈઝન**
**ભવેન કચ્છી**

એક સમય હતો, જ્યારે ઘરની બહારનો ઓટલો માત્ર બેસવાની જગ્યા નહોતો. એ ઘર અને શેરી વચ્ચેનો સેતુ હતો. સાંજ પડતાં ઘરના વડીલો ઓટલે બેસે, પડોશી ખબર પૂછવા ઊભા રહે, બાળકો શેરીમાં રમે, કોઈના ઘરે પ્રસંગ હોય તો આખી શેરીને ખબર પડે અને કોઈના ઘરમાં મુશ્કેલી હોય તો મદદ માટે દરવાજે ટકોરા મારવાની જરૂર પણ ન પડે. કોઈની ગેરહાજરી નજરે ચડે અને કોઈના ઘરમાં ચુલો ન સળગ્યો હોય તો તેની ચિંતા થાય. એ સમાજની એક અનૌપચારિક વ્યવસ્થા હતી, જેનો કોઈ કાયદો નહોતો, કોઈ બજેટ નહોતું અને કોઈ સરકારી વિભાગ નહોતો. છતાં એ વ્યવસ્થા માણસને માણસ સાથે જોડતી હતી.

### ફ્લેટ નંબર

આજે શહેરો બદલાઈ ગયાં છે. જૂનાં મકાનોની જગ્યાએ બહુમાળી ઈમારતો ઊભી થઈ છે. સાંકડી શેરીઓની જગ્યાએ પહોળા રસ્તા, ખુલ્લાં મેદાનોની જગ્યાએ પાર્કિંગ અને પડોશીઓની ઓળખની જગ્યાએ ફ્લેટ નંબર આવી ગયા છે. ઘરમાં આધુનિક સુવિધાઓ વધી છે, પરંતુ બાજુના ઘરમાં કોણ રહે છે તેની ખબર ન હોય એવા લોકોની સંખ્યા પણ વધી છે. આપણે શહેરોને વધુ આધુનિક બનાવ્યાં છે, પણ એક સવાલ પૂછવો પડે : શું આપણે શહેરો બનાવતાં બનાવતાં સમાજ ગુમાવી રહ્યા છીએ?

શહેરની પ્રગતિ માપવા માટે આપણે સામાન્ય રીતે રસ્તાની પહોળાઈ, ફ્લાયઓવરની લંબાઈ, મેટ્રો, મકાનોની ઊંચાઈ, વાહનોની સંખ્યા અને મિલકતના ભાવ ગણીએ છીએ.

### સામાજિક માળખું

ખરેખર તો શહેરની સફળતા તેની ઈમારતો કેટલી ઊંચી છે એના કરતાં તેના નાગરિકો વચ્ચેના સંબંધો કેટલા ઊંડા છે તેના આધારે પણ થવી જોઈએ.

ગુજરાતનાં શહેરોમાં આ પરિવર્તન ખાસ જોવા મળે છે. અમદાવાદની પોળો, જૂના વડોદરાનાં મહોલ્લા, સૌરાષ્ટ્રની શેરીઓ અને ફળીયા, સુરતનાં પરંપરાગત રહેણાક વિસ્તારો કે નાના શહેરોના બજારોમાં એક સમયે સામાજિક જીવન ઘરની બહાર જ ધબકતું હતું. લોકોની ખાનગી જિંદગી અને જાહેર જીવન વચ્ચે કોઈ અભેદ્ય દીવાલ નહોતી. ઘરનો ઓટલો, ગામના પાદરનો વડલો, શેરીનો નાકુ , મંદિરનો ચોક, ચાની કીટલી અને બજારની દુકાન - આ બધાં મળીને શહેરનું સામાજિક માળખું રચતાં હતાં.

કોઈના ઘરે લગ્ન હોય તો પડોશીઓની ભાગીદારી, તહેવારોમાં સામૂહિક ઉજવણી અને જરૂર પડે ત્યારે મદદની ભાવના આ માળખાનો ભાગ હતાં. કોઈના ઘેર લગ્ન માટે છોકરી જોવા કોઈ પરિવાર આવતો ત્યારે યજમાન તેના ઘરમાં બે જ ખુરશી હોઈ બીજી બે તેના પાડોશીની લાવતો. એકબીજાની વાનગીની આપ લે થતી.

અમદાવાદની અનૌપચારિક વસાહતોમાં ઓટલાની ભૂમિકા અંગે Habitat International સામયિકમાં પ્રકાશિત થયેલા એક લેખમાં સંશોધકોએ નોંધ્યું કે ઓટલો ઘર અને શેરી વચ્ચેની મધ્યવર્તી જગ્યા તરીકે કામ કરે છે. ઓટલો માત્ર સ્થાપત્યનો નાનકડો ભાગ નહોતા; તે સામાજિક જીવનની એક અગત્યની કડી છે.



### આરામ વધાર્યો

આપણે ઘરની અંદરનો આરામ વધાર્યો, પરંતુ ઘરની બહારના જીવન માટેની જગ્યા ઘણી વખત ઓછી કરી નાખી.ગામડાઓમાં તો ઓટલો કે વડલો પંચ કહેવાતી કોર્ટની ગરજ સારતા હતા.

પણ હવે જે પરિવર્તન થયું છે તે પાછળ માત્ર સ્થાપત્ય જવાબદાર નથી. જીવનશૈલી, નોકરીની અનિશ્ચિતતા, લાંબી મુસાફરી, કામના કલાકો, ખાનગીપણાની વધતી ઈચ્છા અને સલામતી અંગેની ચિંતા પણ જવાબદાર છે. પહેલાં એક જ વિસ્તારમાં પેઢીઓ રહેતી. આજે નોકરી કે શિક્ષણ માટે લોકો વારંવાર સ્થળ બદલે છે. નવા શહેરમાં રહેતા લોકોને ઘર મળે છે, પરંતુ પડોશી સંબંધો રચાતાં વર્ષો લાગી શકે છે.

> **શહેરની સફળતા તેની ઇમારતો કેટલી શાનદાર છે તેના કરતાં તેના નાગરિકો વચ્ચેના સંબંધો કેટલા ઊંડા છે તેના આધારે થવી જોઈએ.**

કેટલીક વાર તો સંબંધો રચાય એ પહેલાં જ સ્થળાંતરનો વારો આવી જાય છે.પાડોશી જોડે અંતર રાખવું તેને સલામતીનો પ્રથમ નિયમ ગણાવાય છે.

જે શેરીમાં કરિયાણાની દુકાન છે, હજામતની દુકાન છે. ચાની કીટલી છે, શાકભાજી વેચનાર આવે છે, બાળકો રમે છે અને લોકો ચાલવા નીકળે છે, ત્યાં દિવસના જુદા જુદા સમયે માણસોની અવરજવર રહે છે. તેઓ એક બીજા સામે સ્મિત કરે, પરિચય કેળવાતા વાતચીત કરે તેની જગ્યાએ, જો કોઈ રહેણાક વિસ્તાર માત્ર સૂવા માટેનું સ્થળ બની જાય અને બાકીના બધા વ્યવહારો માટે કારમાં બેસીને બહાર જવું પડે, તો રસ્તો સામાજિક જગ્યા મટીને માત્ર વાહનવ્યવહારનો માર્ગ બની જાય છે. શહેરનું ભૌતિક માળખું અને સામાજિક જીવન એકબીજાથી અલગ ન હોવું જોઈએ.

### ચાની કીટલી

ગુજરાતી શહેરોમાં ચાની કીટલી આ વિચારનું ઉત્તમ ઉદાહરણ છે. ત્યાં કોઈ એક જ વિષય પર ચર્ચા થતી નથી. ક્રિકેટથી રાજકારણ, બજારભાવથી સ્થાનિક સમસ્યાઓ અને નોકરીથી પરિવાર સુધી વાત પહોંચે છે. ત્યાં દરેક વ્યક્તિ એકસરખા વિચારની હોતી નથી, છતાં વાતચીત માટે એક સામાન્ય જગ્યા મળે છે. આ પ્રકારની જગ્યાઓનું મહત્ત્વ એ છે કે અહીં સંબંધો માટે કોઈ સભ્યપદ, આમંત્રણ કે મોટી આર્થિક ક્ષમતાની જરૂર પડતી નથી.

આજના શહેરોમાં કાફે અને રેસ્ટોરાં વધ્યાં છે, પરંતુ દરેક કાફે સામાજિક જીવન માટેની ખુલ્લી જગ્યા બની જાય એવું નથી. કેટલીક જગ્યાએ ઊંચા ભાવ, ખાનગી ગ્રાહકવર્ગ અથવા લાંબા સમય સુધી બેસવાની મર્યાદાઓ હોય છે. બીજી તરફ, એક સામાન્ય જાહેર બગીચો, પુસ્તકાલય, ખુલ્લો ચોક કે સ્થાનિક બજાર જુદી જુદી આવક અને ઉંમરના લોકોને ભેગા કરી શકે છે. શહેરને જીવંત રાખવા માટે માત્ર ખર્ચાળ મનોરંજનની જગ્યાઓ નહીં, પરંતુ દરેક નાગરિક માટે સહજ રીતે ઉપલબ્ધ જગ્યાઓ જરૂરી છે.

અહીં જ શહેરના આયોજનમાં એક અગત્યનો પ્રશ્ન ઊભો થાય છે થ શું આપણે ઈમારતોનું આયોજન કરીએ છીએ કે જીવનનું? મકાનમાલિક અને બિલ્ડર માટે જગ્યા એટલે ચોરસ ફૂટ. નગરનિયોજક માટે જગ્યા એટલે રસ્તો, પ્લોટ, પાર્કિંગ અને ઝોનિંગ, ટી. પી. સ્કીમ. પરંતુ નાગરિક માટે જગ્યા એટલે બાળકને રમવા મળતું મેદાન, વૃદ્ધને બેસવા મળતો બાંકડો, મહિલાને સુરક્ષિત રીતે ચાલવા મળતો રસ્તો અને અજાણ્યા માણસ સાથે સહજ વાત શરૂ કરવાની તક પણ છે.

### પગપાળાનો મહિમા

જાહેર જગ્યા એટલે માત્ર મોટો બગીચો કે ભવ્ય રિવરફ્રન્ટ નહીં. રસ્તા પર પૂરતી પહોળાઈનો ફૂટપાથ, વૃક્ષની છાયા, સુરક્ષિત પદયાત્રી માર્ગ, બેસવા માટેનો બાંકડો અને બજારમાં પગપાળા ફરવાની સુવિધા પણ એટલી જ અગત્યની છે. શહેરનો નાગરિક જો દરેક નાનકડા કામ માટે વાહન પર નિર્ભર બને, તો રસ્તા પરની સહજ મુલાકાતો ઘટે છે. લોકો એકબીજાની બાજુમાંથી પસાર થાય છે, પરંતુ એકબીજાના જીવનનો ભાગ બનતા નથી.

આનો અર્થ એવો નથી કે આપણે આધુનિકતા છોડી દેવી જોઈએ પ્રશ્ન એ છે કે આધુનિકતાની સાથે માનવીય સંબંધોને જીવંત રાખી શકાય કે નહીં.

વિશ્વના ઘણા શહેરોમાં આ બાબતને ધ્યાનમાં રાખીને જાહેર જગ્યાઓને વધુ ઉપયોગી બનાવવાના પ્રયત્નો થયા છે. ડેનમાર્ક, હોલેન્ડ, જાપાન જેવા દેશોમાં પગપાળા ચાલવા અને સાયકલ ચલાવવા માટેની સુવિધાઓને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આવા ઉદાહરણોમાંથી મળતો પાઠ એ છે કે રસ્તા પર જગ્યા કોને મળે છે તે શહેરની પ્રાથમિકતાઓ બતાવે છે. રસ્તો માત્ર ઝડપથી પસાર થવા માટે છે કે લોકો ત્યાં સુરક્ષિત રીતે રહી, ચાલી અને મળી શકે તે માટે પણ છે?અમદાવાદ સહીત ગુજરાતના શહેરોમાં ફૂટપાથ, સાયકલ ટ્રેક, ઘટતા જતાં પાર્ક વિકાસ કરતા જીવનની ગુણવત્તા કથળી તેનો નિર્દેશ કરે છે.

શહેરની સાચી પ્રગતિ કદાચ ત્યારે થશે, જ્યારે આપણે પૂછવાનું શરૂ કરીશું કે અહીં કેટલી ઈમારતો ઊભી થઈ તેના બદલે અહીં કેટલા સંબંધો ઊભા થયા.

**જ્ઞાન પોસ્ટ**

**ઓટલો પાછો એ જ સ્વરૂપે આવે એ જરૂરી નથી. સમય બદલાયો છે, જીવન બદલાયું છે અને શહેરોની જરૂરિયાતો પણ બદલાઈ છે. પરંતુ ઓટલાનો મૂળ વિચાર બીજી કોઈ રીતે જીવંત રહે તે જરૂરી છે.**

**શહેર એ માત્ર નકશા પર દોરેલી સડકો અને બાંધેલી ઈમારતોનું નામ નથી. શહેર એટલે ત્યાં રહેતા લોકોની સહિયારી જિંદગી. અને જો આ સહિયારી જિંદગી જ નબળી પડતી હોય, તો આપણે કેટલુંય મોટું શહેર બનાવીએ, તેની અંદર એક નાનકડા સમાજની ખોટ રહી જવાની છે.** ■

# બાળકોમાં કિડનીના રોગોમાં ચોંકાવનારો વધારો

**હોટલાઈન**
**ભાલચંદ્ર જાની**

ભારતમાં બાળકોમાં કિડની સંબંધિત સમસ્યાઓ એક ગંભીર ચિંતાનો વિષય છે. યોગ્ય સમયે લક્ષણો ઓળખવામાં ન આવે તો આ સમસ્યા લાંબા ગાળે વધુ જટિલ બની શકે છે. સામાન્ય રીતે આપણે એવી માન્યતા ધરાવીએ છીએ કે હાઈપરટેન્શન, ડાયાબિટિઝ, કાર્ડિયોવેસ્ક્યુર ડિસિઝ અને કિડની ડિસિઝ માત્ર પુખ્તોને જ થાય છે. પરંતુ ના, આ રોગો બાળકોને પણ થઈ શકે છે. પુખ્તોમાં હાઈપર ટેન્શન (હાઈબ્લડ પ્રેશર) અને ડાયાબિટિઝને કારણે કિડની ફેઈલ થાય છે. પણ હકીકત એ છે કે આમાંની ઘણી સમસ્યાના મૂળ બાળપણમાં હોય છે. બાળપણમાં થયેલી કિડનીની સમસ્યાની જો સરખી સારવાર ન કરવામાં આવે તો પુખ્તાવસ્થામાં કિડની ફેઈલ થવાની શક્યતા વધી જાય છે.

મૂત્રપિંડ શરીરનું એક અતિ મહત્ત્વનું અંગ છે અને બાળકો કિશોરાવસ્થામાં પ્રવેશે તે પછી પણ મૂત્રપિંડનો વિકાસ ચાલુ રહે છે. શરીરમાં જમા થયેલા નકામા પદાર્થો અથવા કચરો મૂત્ર વાટે બહાર કાઢવો અને લોહીના દબાણનું નિયમન કરવું તે મૂત્રપિંડનાં બે મુખ્ય કાર્યો છે. આ બે ઉપરાંત બીજા કેટલાંક કાર્યો પણ મૂત્રપિંડ કરે છે. બાળકોમાં મૂત્રપિંડના રોગોનાં ચિન્હો ઘણા અસ્પષ્ટ હોવાથી આ સમસ્યાની જાણ વેળાસર થતી નથી અને ડોક્ટર દર્દીની તપાસ કરે ત્યાં સુધી તો કિડનીને ઘણી બધી હાનિ પહોંચી ચૂકી હોય છે.

કોઈપણ દેખીતા કારણ વિના વારંવાર તાવ આવવો, ઉલટી થવી, ભૂખ ન લાગવી કે વજન ન વધવું, મૂત્રની ક્રિયા પર અંકુશ ન રહેવો અને ઊંઘમાં પથારીમાં પેશાબ થઈ જવો વગેરે ચિન્હો મૂત્રપિંડના રોગોને કારણે જોવા મળે છે. લેબોરેટરીમાં કરવામાં આવતા પરીક્ષણો અને એક્સ-રે સાથેની તબીબની કાળજીપૂર્વકની તેમની તપાસને આધારે કિડની રોગોનું નિદાન શરૂઆતના તબક્કામાં જ થઈ શકે છે.

બાળકોમાં મૂત્રપિંડના રોગોને કારણે સામાન્ય રીતે લોહીનું દબાણ ઊંચું રહે છે. આ ચિન્હની શરૂઆતમાં જ નોંધ લઈ સત્વરે સારવાર આપવી ખૂબ જરૂરી બને છે. શરીરના લોહીનું દબાણ અસામાન્ય ક્યારે કહેવાય તેના ઘણા બધા માપદંડો હોવાથી બાળકોના લોહીના દબાણની દેખરેખ રાખવા તેમના હાથમાં ખાસ પ્રકારની બ્લડપ્રેશર કફ્સ (કડીઓ) બાંધવામાં આવે છે.

બાળકોમાં જોવા મળતા મૂત્રપિંડના રોગોમાં સૌથી સામાન્ય રોગ મૂત્રના ચેપ (યુરીન ઈન્ફેક્શન)નો છે. બાળકોમાં આ ચેપની સારવાર કરવી તે જ પૂરતું નથી. કારણ કે મૂત્રના ચેપથી પીડાતા ચોથા ભાગના બાળકોમાં આ ચેપ માટેનાં કેટલાક ચોક્કસ કારણો દેખાય છે જ.

બાળકોમાં ખાસ કરીને, સવારના સમયમાં શરીર પર અને આંખની આસપાસ સોજા થઈ જાય તે મૂત્રપિંડના રોગનું ચિન્હ છે. મૂત્રપિંડ પર થયેલા સોજા અને બળતરાને કારણે આવું બને છે અને તબીબી ભાષામાં તેને 'નેફ્રાઈટીસ' અથવા 'નેફ્રોટીક સિન્ડ્રોમ' કહેવામાં આવે છે. મોટી સંખ્યાના કેસોમાં નેફ્રોટીક સિન્ડ્રોમ લગભગ અસાધ્ય બની જાય છે અને તેમાં સ્ટીરોઈડઝ સાથેની લાંબા ગાળાની સારવાર જરૂરી બને છે. સ્ટીરોઈડ્ઝ ઉપરાંત બીજી કેટલીક દવાઓ પણ દર્દીને લાંબો સમય આપવી પડે છે તેમજ યોગ્ય દેખરેખ રાખવી પડે છે.

રાષ્ટ્રીય સર્વેક્ષણ અનુસાર ભારતના' કોમ્પ્રિહેન્સિવ નેશનલ ન્યુટ્રિશન સર્વે' અને કિડની સંશોધન સંસ્થાઓના અહેવાલ મુજબ, ભારતમાં અંદાજે પાંચ ટકા બાળકો અને કિશોરો નબળી અથવા અસામાન્ય કિડની ક્ષમતાથી પીડાય છે. આ આંકડો વસ્તીના પ્રમાણમાં દર દસ લાખ બાળકોએ આશરે ૪૯,૦૦૦ કેસ જેટલો થાય છે. બાળરોગ હોસ્પિટલોમાં દાખલ થતા કુલ બાળકોમાંથી આશરે ૮% થી ૧૨% દર્દીઓ કિડની સંબંધિત ગંભીર તકલીફો ધરાવતા હોય છે.

શહેરી વિસ્તારોની સરખામણીએ ગામડાઓમાં આ તકલીફનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેના મુખ્ય કારણોમાં સ્વચ્છ પીવાના પાણીનો અભાવ, સમયસર નિદાનની અછત અને કુપોષણ સામેલ છે. મોટાભાગના ગંભીર કેસો દિલ્હી મુંબઈ અમદાવાદ બેંગલુરુ અને ચેન્નાઈ જેવા મેટ્રો શહેરોની હોસ્પિટલોમાં નોંધાય છે, કારણ કે નાના શહેરો કે ગામડાઓમાં પેડિયાટ્રિક નેફ્રોલોજિસ્ટ' (બાળકોના કિડની સ્પેશિયાલિસ્ટ) ઉપલબ્ધ હોતા નથી.

આંધ્રપ્રદેશ, ઓડિશા, રાજસ્થાન અને ઉત્તર ગુજરાતના અમુક વિસ્તારો જ્યાં ભૂગર્ભ જળમાં ક્ષાર, ફ્લોરાઈડ કે રસાયણો વધારે હોય, ત્યાં સામાન્ય વસ્તીની સાથે બાળકોમાં પણ કિડની પર વિપરીત અસરના કિસ્સા વધુ જોવા મળે છે. નોંધપાત્ર વાત એ છે કે ભારતમાં બાળકોમાં જોવા મળતી કિડનીની સમસ્યાનું પ્રમાણ આંધ્રપ્રદેશ અને તેલંગણામાં સૌથી વધુ છે. આંધ્રના વિજયવાડા શહેરમાં તો દર ચાર બાળકોમાંથી એક કિડનીની સમસ્યાથી પિડાય છે. બે વર્ષ પૂર્વે યુ. કે. અને ઓસ્ટ્રેલિયાના કિડની નિષ્ણાતોની એક ટીમ દ્વારા કરાયેલા સર્વેમાં આંધ્ર પ્રદેશમાં ૨૯.૬ ટકા બાળકો અને ટીનેજરોમાં તો તેલંગણામાં ૧૯.૨ ટકાને મૂત્રપિંડ સંબંધિત બીમારી જોવા મળી હતી.



કિડની એક્યુટ (હંગામી) અથવા ક્રોનિક (કાયમી) ધોરણે ખરાબ થઈ શકે છે. અતિસારને કારણે ડિહાઈડ્રેશન થતાં કે બાળકને ગંભીર ઈન્ફેકશન લાગતાં કિડની કામ કરતી બંધ થઈ જાય છે. આથી બાળકની કિડનીની કામગીરી પૂર્વવત કરવા માટે હંગામી ધોરણે ડાયાલિસિસ કરવામાં આવે છે. ઉનાળા અને ચોમાસામાં બાળકોમાં આ તકલીફ વધારે પ્રમાણમાં જોવા મળે છે. જો સમયસર સારવાર કરવામા આવે તો બાળકના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થતી નથી.

જોકે ડોક્ટરોના જણાવ્યા પ્રમાણે એક્યુટકિડની ફેઈલ્યરની તકલીફમાં એકથી ત્રણ મહિનાની અંદર સુધારો ન આવે તો ક્રોનિક કિડની ડિસિઝ થઈ શકે છે. અને આમાં બાળકે નિયમિત રીતે ડાયાલિસીસ કરાવવું પડે છે. સામાન્ય રીતે ક્રોનિક કિડની ડિસીઝની શરૂઆતના તબક્કામાં ઝડપથી જાણ થતી નથી. જોકે અચાનક જ શરીર ફુલી જવું, હાડકાંની વિકૃતિ, અકારણ એનિમિયા કે હાઈ બ્લડ પ્રેશર જેવા લક્ષણો જોવા મળે છે. ક્રોનિક કિડની ડિસીઝમાં નિયમિત ડાયાલિસિસ અથવા કિડની પ્રત્યારોપણનો વિકલ્પ હોય છે. એક કિસ્સો જોઈએ. ૧૨ વર્ષની પ્રીતિ વારંવાર માથાના દુખાવાની ફરિયાદ કરતી હતી. એક દિવસ અચાનક જ તેને ખૂબ ઉલ્ટીઓ થવા લાગી ત્યારે તેને હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. તે સમયે પ્રીતિને હાઈબ્લડપ્રેશર હોવાની જાણ થઈ હતી. પ્રીતિના વધુ ટેસ્ટ કરતાં જાણ થઈ કે તેની કિડનીમાં ખરાબી ઉત્પન્ન થઈ છે. કિડનીમાંથી પેશાબને લઈ જતું યુરેટરનું મુખ મૂત્રાશયમાં ખૂલે છે. અહીં વાલ્વની યંત્રણા હોય છે જે પેશાબને પાછું કિડનીમાં જતાં રોકે છે. પરંતુ જ્યારે આ યંત્રણામાં ખામી સર્જાય છે ત્યારે પેશાબ પાછો જાય છે જેને વેસિકો યુરેટલ રિફલક્સ (વીયુઆર) કહેવામાં આવે છે. આનાથી પણ હાઈ બ્લડપ્રેશર થાય છે અને કિડની ખરાબ થવાની શક્યતા વધી જાય છે. વીયુઆરનું એક મુખ્ય લક્ષણ છે વારંવાર તાવ આવવો. પ્રીતિને નાનપણમાં અવારનવાર તાવ આવતો હતો. જો પ્રીતિની તપાસ થોડી વહેલી કરવામાં આવી હોત તો તેનું બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખી શકાયું હોત એવો મત ડોક્ટરોએ વ્યક્ત કર્યો હતો.

આવો જ કિસ્સો અશ્વિનીનો હતો. ૧૪ વર્ષની વય અશ્વિનીને પણ સખત ઉલ્ટીઓ થવા લાગતાં તેના માતા-પિતા ગભરાઈ ગયા હતા. અશ્વિનીને હોસ્પિટલમાં લઈ જવામાં આવી ત્યારે જાણ થઈ કે તેનું બ્લડપ્રેશર ઘણું વધારે છે અને તેની જમણી કિડની કામ કરતી બંધ થઈ ગઈ છે. કિડની કામ ન કરતી હોવાને કારણે તેનું બ્લડપ્રેશર વધી ગયું હતું. ડોક્ટરોએ ઓપરેશન કરીને તેની જમણી કિડનીને કાઢી નાખી હતી. આજે ૧૭ વર્ષની અશ્વિની સ્વસ્થતાપૂર્વક જીવન જીવે છે અને કોલેજમાં અભ્યાસ કરે છે. આગળ જણાવ્યું તેમ કિડનીના રોગનું એક મુખ્ય લક્ષણ છે આંખની આસપાસ અને ચહેરા પર સોજો. આને નેફ્રોટિક સિન્ડ્રોમ કહેવામાં આવે છે. દસમા ધોરણમાં ભણતા અનુજના પેશાબમાં પ્રોટીન જતું હતું. આ કારણે તેના શરીરમાં બ્લડ પ્રોટીનનું સ્તર ઘટી ગયું હતું. જોકે આ તપાસ દરમિયાન અનુજના નેફ્રોટિક સિન્ડ્રોમની જાણ થઈ હતી. વાસ્તવમાં છેલ્લા પાંચ વર્ષથી અનુજના ચહેરા પર સોજો જોવા મળતો હતો. દવા લેતાં આ સોજો ઓછો થતો અને થોડા દિવસ બાદ ફરી તેનો ચહેરો સોજી જતો હતો એવું તેના પિતાએ જણાવ્યું હતું. ડોક્ટરોએ સ્ટિરોઈડ આપીને અનુજની સારવાર કરી હતી. આથી તે થોડા સમય માટે સાધારણ બની જતો હતો. પરંતુ અવારનવાર સ્ટિરોઈડ આપવાથી તેની વિપરીત અસર અનુજની કિડની પર થઈ હતી અને તે કિડની ફેઈલનો ભોગ બન્યો હતો.

કેટલાક ઈન્ફેક્શન જે આમ તો સામાન્ય દેખાતા હોય છે પણ તેની વિપરીત અસર બાળકોમાં જોવા મળે છે. ગળું સોજી જવું કે ત્વચાનો ચેપ જેવી સામાન્ય સમસ્યા ગંભીર બનીને કિડનીની સમસ્યા સર્જાય છે. આને નેફ્રાઈટીસ કહેવામાં આવે છે અને શાળામાં ભણતાં બાળકોમાં તે વધુ જોવા મળે છે. કિડની ફેઈલ્યરનું મુખ્ય લક્ષણ શારીરિક સોજા,

> **બાળકોમાં ખાસ કરીને, સવારના સમયમાં શરીર પર અને આંખની આસપાસ સોજા થઈ જાય તે મૂત્રપિંડના રોગનું ચિન્હ છે. મૂત્રપિંડ પર થયેલા સોજાને કારણે આવું બને છે**

પેશાબનું ઘટતું જતું પ્રમાણ અને લાલ રંગનો પેશાબ છે. આ તકલીફની સારવાર ઝડપથી કરવામાં આવે તો વાંધો આવતો નથી. પણ જો દુર્લક્ષ સેવવામાં આવે તો બાળકને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે. આગળ જોયું તેમ એક સમયે મોટી ઉંમરની વ્યક્તિઓને લાગુ પડતી પથરીની બીમારી હવે બે વરસનાં બાળકોને પણ થઈ શકે છે એવો ચોંકાવનારો કિસ્સો જાણવા મળ્યો છે. મુંબઈનાં એક દંપતીને તાજેતરમાં જ્યારે ડોક્ટરોએ કહ્યું કે તેમના ૧૮ મહિનાના બાળક અશોકને મૂત્રનલિકાના ચેપને કારણે વારંવાર આવતા માંદગીના હુમલા, તેની કિડનીઓમાં રચાયેલી 'સ્ટેગહોર્ન કેલ્ક્યુલી' નામની જટિલ પથરીમાં પરિણમ્યા હતા, ત્યારે મા-બાપ આઘાતથી ચોંકી ઊઠ્યાં હતાં. 'પથરીની બીમારી કાયમ કાકાઓ અને દાદાઓને થતી જોવા મળે છે. ઉપરાંત દવાઓથી સ્થિતિમાં સુધારો જોવા મળતો હતો. પરંતુ અમારા પુત્રની બંને કિડનીમાં વિકસેલી પથરીમાંથી છુટકારો મેળવવા તબીબી સારવાર જરૂરી હોવાનું જાણીને અમે હતાશ થઈ ગયાં હતાં, એમ બાળકની માતાએ કહ્યું હતું.

માતાના અભિપ્રાય મુજબ તેમનું બાળક ખૂબ જ ઓછું પાણી પીતું હોવાથી તેની તબિયત વધુ લથડી ગઈ હતી.આ માટે આધુનિક જીવનશૈલીનાં અનેક કારણોને જવાબદાર ગણાવવામાં છે, જેમાં વધુપડતું મીઠાનું સેવન, દૂધનું ઓછું સેવન, મેદસ્વિતા અને એન્ટીબાયોટિક્સના બદલાયેલા ઉપયોગને કારણે. અમેરિકાના દક્ષિણ કેરોલિનામાં ૨૦૧૧થી ૨૦૨૦ના દાયકા દરમિયાન બાળકોમાં પથરીના તેમજ કિડની

અનુસંધાન પાનાનં ૦૬ પર



# ગ્રંથાલય દેવાલય ખરું, પણ એના ઉપાસકો ક્યાં છે?

## પારિજાતનો પરિસંવાદ

ડૉ. કુમારપાળ દેસાઈ

રશિયાના નવલિકાકાર અને નાટ્યકાર એન્ટન ચેખોવની એક નવલિકાનું સ્મરણ થાય છે. ૨૫ વર્ષના એક યુવાન વકીલ સાથે એનો યજમાન ધનિક શરત લગાવે છે કે તમે ફક્ત પંદર વર્ષ એકાંતવાસની સજા ભોગવવા તૈયાર હો, તો હું તમને વીસ લાખ રૂબલ આપીશ, પણ સાથોસાથ કહે છે કે આ તને ભારે પડી જશે આ એકાંત કેદ, પણ યુવાન એકાંત કેદની શરત સ્વીકારે છે. માત્ર એટલી મોકળાશ કે યુવાન એકાંત કેદ સમયે વાદ્યસંગીત માણી શકે, વાચન માટે પુસ્તકો રાખી શકે અને નાની બારીમાંથી જરૂરી ચીજવસ્તુઓ અને પસંદગીનું ભોજન મેળવી શકે.

ધનવાનના ઘરના વાડાની એક ઓરડીમાં કડક ચોકીપહેરા વચ્ચે પંદર વર્ષ સુધી એ ઓરડીની બહાર પગ નહીં મૂકી શકે, એમ ઠરાવવામાં આવ્યું. જો આમાં શરતનું કોઈ ઉલ્લંઘન થાય કે થોડીક મિનિટો માટે એ ઓરડી છોડે તો શરત હારી જાય.

યુવાનને એકાંતવાસનું પ્રથમ વર્ષ અત્યંત પીડાદાયક લાગ્યું, પરંતુ ધીરે ધીરે ઉત્તમ ગ્રંથોનો અભ્યાસ કર્યો. એક પછી એક ગ્રંથો વાંચતો રહ્યો, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ અને વિશ્વના મહાન લેખકોની કૃતિનું અવગાહન કર્યું. તબીબી વિજ્ઞાન તેમજ પ્રાકૃતિક વિજ્ઞાનોના ગ્રંથોમાં એને ખૂબ રસ પડ્યો. વર્ષો વીતતાં ગયાં. બીજી બાજુ ધનવાન વિચારતો હતો કે હવે એ નક્કી વીસ લાખ રૂબલ જીતી જશે. એકાંતવાસમાં પણ એ ભવિષ્યનાં કેવાં મધુરાં સ્વપ્નો સેવતો હશે! વળી હજી તો એ ફક્ત ચાળીસ વર્ષનો છે જિંદગીની કેટલી બધી મોજ માણવાના ખ્યાલોમાં ડૂબેલો હશે, પરંતુ એણે જોયું તો શરતની સમયમર્યાદા પૂર્વે એ યુવાન ઓરડીમાં એક કાગળ મૂકીને ચાલ્યો ગયો હતો. તેમાં એણે લખ્યું હતું કે,

'કાલે બાર વાગે મને મુક્તિ મળશે. સૂર્યપ્રકાશ અને ખુલ્લી હવાનો સંપર્ક અને લોકો મળશે, પરંતુ મેં અનુભવ્યું છે કે દુનિયા જે વસ્તુઓને ઊંચું સ્થાન આપે છે, તે સાવ તુચ્છ છે, કારણ કે કાળની એક થપાટ એને નષ્ટ કરી દે છે. પંદર વર્ષમાં મને મળેલી પુસ્તકોની દુનિયા હવે કોઈ ઝૂંટવી શકવાના નથી. એણે મને ભરપૂર જ્ઞાન અને વિવેકબુદ્ધિ



> **સાહિત્ય એટલે અક્ષર. ક્ષર નાશ પામે છે, પણ અક્ષર અવિનાશી હોય છે. 'અભિજ્ઞાન શાકુન્તલ'માં શકુંતલાના સૌંદર્યનું વર્ણન મળે છે. આજે શકુંતલા નથી, પરંતુ અક્ષરમાં આલેખાયેલી શકુંતલાનું સૌંદર્ય અ- ક્ષર રહ્યું છે.**

આપ્યાં છે. એક સમયે મને જે સ્વર્ગીય સૃષ્ટિ ભાસતી હતી તે વીસ લાખ રૂબલ જીતવાનો મોહ પણ ચાલ્યો ગયો છે અને માટે જ નિશ્ચિત સમય કરતાં પાંચ કલાક વહેલો ઓરડી છોડી, કરારનો ભંગ કરી સ્વેચ્છાએ ચાલ્યો જાઉં.

વૃદ્ધ ધનવાને આ કાગળ વાંચીને ઊંડો નિસાસો મૂક્યો.

રશિયન નવલિકાકાર એન્ટન ચેખોવની આ નવલિકા ગ્રંથવાચનનો મહિમા દર્શાવે છે. આપણે જાણીએ છીએ કે પુસ્તક એ માનવજાતિનું મગજ જ નહીં, પરંતુ એના મગજને જીવંત રાખતું લોહીનું પરિભ્રમણ છે. પુસ્તક દ્વારા વિશ્વમાં ક્રાંતિ થઈ છે અને ફ્રાંસના એન્સાઈક્લોપીડિયાએ તો જ્ઞાન પરત્વેની નવી જાગૃતિ સર્જીને એક શાંતક્રાંતિ સર્જી હતી.

'જે ગ્રંથિમાંથી મુક્ત કરે તે ગ્રંથ' અને એ ગ્રંથોએ માનવજાતિને કેટકેટલી ગ્રંથિમાંથી મુક્ત કરી છે. માનવીય સંવેદનાની માવજત માટે પુસ્તકો સૌથી વધુ જરૂરી છે, કારણ કે એ વિચારો આપે છે, કલ્પના આપે છે અને સર્જનાત્મકતા આપે છે. માણસોએ ગ્રંથોની રચના કરી અને એ ગ્રંથોએ માણસોને ઘડ્યા છે. ગ્રંથ એ ચેતનાની ખેતી કરે છે અને આઈન્સ્ટાઈન, કાર્લ માર્ક્સ કે ન્યૂટનનાં સંશોધનો આ હકીકતની સાબિતી આપે છે. 'રામાયણ' કે 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નો કેટલો મોટો પ્રભાવ પ્રજાજીવન પર જોવા મળે છે.

સાહિત્ય એટલે અક્ષર. ક્ષર નાશ પામે છે, પણ અક્ષર અવિનાશી હોય છે. 'અભિજ્ઞાન શાકુન્તલ'માં શકુંતલાના સૌંદર્યનું વર્ણન મળે છે. આજે શકુંતલા નથી, પરંતુ અક્ષરમાં આલેખાયેલી શકુંતલાનું સૌંદર્ય અ-ક્ષર રહ્યું છે. આમ ગ્રંથો દ્વારા પ્રજાજીવનમાં જ્ઞાન, વિજ્ઞાન, સર્જનાત્મકતા એ સઘળું ઊગે છે. આથી એક ઉર્દૂ શાયરે કહ્યું છે,

ખજાના ઈલ્મો હિકમત કા નહીં હોતા તો ક્યા હોતા

જૂનું હી કે ભરોસે યે, જહાં હોતા તો ક્યા હોતા

'જ્ઞાનવિજ્ઞાનનો ખજાનો આપણને પ્રાપ્ત થયો ન હોત તો શું થાત? તો દુનિયા પાગલોના ભરોસે ચાલતી હોત.'

બિલ ગેટ્સ અને માર્ક ઝકરબર્ગ બંને પોતાના સંશોધનક્ષેત્રમાં નિષ્ણાત. એક માઈક્રોસોફ્ટમાં નિષ્ણાત અને બીજા ફેસબુકમાં, પરંતુ આ બંને મહાનુભાવો એક બાબતમાં સહમત હતા કે હાર્વર્ડ વિશ્વવિદ્યાલયના પ્રાધ્યાપક અને વિશ્વના સૌથી વધુ પ્રભાવશાળી બૌદ્ધિક સ્ટીવેન પિંકરનું ૮૨૨ પૃષ્ઠનું દળદાર પુસ્તક 'The Better Angels of Our Nature & Why Violence Has Declined' સહુએ વાંચવું જોઈએ. આ પુસ્તકમાં સ્ટીવેન પિંકરે વિશ્વમાં લાંબા ગાળે અને ટૂંકા સમયમાં કઈ રીતે હિંસા ઘટતી રહી છે, તે દાખલા-દલીલ સહિત સમજાવ્યું છે.

બિલ ગેટ્સ માટે એમ કહેવાય છે કે તેઓ રોજ રાત્રે નિયમિત રીતે એક કલાક પુસ્તક વાંચે છે અને એક અઠવાડિયામાં એક આખું પુસ્તક પૂરું કરી દે છે, તો બીજી બાજુ ઝકરબર્ગે ૨૦૧૫માં નવા વર્ષે સંકલ્પ લીધો હતો કે તેઓ દર મહિને બે પુસ્તકો અવશ્ય વાંચશે.

વર્લ્ડ બેંકના પ્રમુખે એમ કહ્યું હતું કે, 'દુનિયા આખી ઈંગ્લેન્ડની દેવાદાર છે, ઋણી છે. એનું કારણ એ કે ઈંગ્લેન્ડે નાટ્યકાર શેક્સપિયર આપ્યો છે. ઈજિપ્તમાં તો કહેવત છે કે 'પુસ્તકો તો આત્માની ઔષધિ છે અને તે આપનારો ગ્રંથપાલ આત્માનો ડૉક્ટર છે.' આમ છતાં વાસ્તવિકતા એ છે કે વાંચન સતત ઓસરતું જાય છે અને ગ્રંથાલયો ને મુલાકાતીઓ ઘટતા જાય છે. પરિણામે ગ્રંથગરિમાની વાતો ધીરે ધીરે જાણે ભૂતકાળની સ્મૃતિઓ બની રહી છે. ગ્રંથવાચન અને ગ્રંથાલયનો સુવર્ણકાળ જાણે વીતી ગયો છે. ગ્રંથાલયોને સરકારી સહાય મળે છે, પરંતુ એ આ ગ્રંથાલયોને ટટ્ટાર ઊભા રહેવા માટે પૂરતી હોતી નથી. એટલે કે એક જમાનામાં ગ્રંથાલય દેવાલય ગણાતું હતું, આજે એ દેવાલય છે, પણ ઉપાસકો ક્યાંય નજરે પડતા નથી. અને ધીરે ધીરે કમ્પ્યૂટર અને મોબાઈલ પર સઘળું હાથવગું થતું જાય છે. કોન્ડલ અને ઈ-બુકનો ઉપયોગ વધી રહ્યો છે. બીજી બાજુ સોશિયલ મીડિયાનો પ્રભાવ એટલો વધતો જાય છે કે માણસ સમાજથી વિખૂટો પડી માત્ર મોબાઈલ પર સોશિયલ બનીને રહી ગયા છે.

છેલ્લા બે દાયકામાં સાર્વજનિક ગ્રંથાલયોની અત્યંત વિપરીત પરિસ્થિતિ છે. વીસમી સદીના મધ્યભાગમાં દેશમાં ૫૪,૮૫૬ જેટલાં સાર્વજનિક ગ્રંથાલયો કાર્યરત હતાં. એમાંથી આજે અઢાર હજારથી વધુ સાર્વજનિક ગ્રંથાલયો તો અદ્રશ્ય થઈ ગયાં છે. આ અદ્રશ્ય થઈ ગયેલાં ગ્રંથાલયોની શોધ કરીએ તો ક્યાંક એમાંથી સરકારી કચેરી મળે છે, તો ક્યાંક કોઈક જ્ઞાતિની વાડી મળે છે. એ હકીકત છે કે કોવિડના સમયે લોકો મોબાઈલ પર નિર્ભર હોવાથી એમની વાચનની ટેવ ધીરે ધીરે વિદાય લેવા માંડી અને પરિણામે સાર્વજનિક ગ્રંથાલયોના વાચકોની સંખ્યાઓમાં ઘણો ઘટાડો થયો. કોલેજમાં ગ્રંથાલયો, જુદાં જુદાં મંદિરો દ્વારા ચાલતાં ગ્રંથાલયો, જ્ઞાનભંડારો આ બધા ઉપર એક પ્રકારે કુઠારાઘાત થયો અને લોકો જ્ઞાન માટે સોશિયલ મીડિયા પર આધારિત બની ગયા.

આનો સૌથી વધુ દુષ્પ્રભાવ આપણા ગ્રામીણ વર્ગ પર પડ્યો. ગ્રામીણ વર્ગ ગ્રંથોને વિદાય આપીને માત્ર મોબાઈલને આધારે રહેવા લાગ્યો અને એ મોબાઈલના અતિ ઉપયોગે વાચનની ટેવનો શિરચ્છેદ કરી નાખ્યો. એવું પણ બન્યું કે ભારતનાં ગામડાંઓમાં જે ગરીબો પાસે શાળાનું વિશેષ શિક્ષણ મેળવવું શક્ય નહોતું, તેમની પાસેથી પુસ્તકો ઝૂંટવાઈ જતાં સમાજને ઘણી મોટી હાનિ થઈ છે અને લાઈબ્રેરી બંધ થતાં પુસ્તકોએ વિદાય લીધી અને હવે એની પાછળ સવારનું અખબાર પણ ધીરે ધીરે વિદાય લઈ રહ્યું છે.

આનાં ગંભીર પરિણામો વિશે થોડો વિચાર કરવાની જરૂર છે. હાર્વર્ડ યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. વિનય જૈન ઉચ્ચશિક્ષણ લેતા પોતાના વિદ્યાર્થીઓ પાસે એવો આગ્રહ રાખે છે કે એમણે રોજ વીસેક વાક્યો લખીને લાવવાં. વાંચનની ટેવ એ એકાગ્રતાની સાધના માટે જરૂરી માને છે. નિયમિત ગ્રંથવાંચન વ્યક્તિનાં ભાષા-કૌશલ, તર્કશક્તિ અને આઈ.ક્યૂ. વગેરેમાં ઘણું લાભદાયી બને છે અને તેને પરિણામે કોઈ ગ્રંથાલય વિદાય લે છે, ત્યારે કોઈ ઈમારત જ બંધ થતી નથી, પરંતુ આપણી આવનારી પેઢીની બૌદ્ધિક ક્ષમતા અને ચિત્તની એકાગ્રતા પર એક પ્રકારનો સામૂહિક કાપ આવે છે. આ અંગે કોઈ ગંભીરતાથી વિચારશે ખરું?

> **બિલ ગેટ્સ માટે એમ કહેવાય છે કે તેઓ રોજ રાત્રે નિયમિત રીતે એક કલાક પુસ્તક વાંચે છે અને એક અઠવાડિયામાં એક આખું પુસ્તક પૂરું કરી દે છે....**

---

# ઝ્વેરેવે નિષ્ફળતા, વિવાદો અને ઈજાને હરાવી ટેનિસમાં સફળતાનું શિખર સર કર્યું

## Sports ફન્ડા

રામકૃષ્ણ પંડિત

સફળતાને ક્યારેય કોઈ ચોક્કસ ગાણિતીક સમીકરણમાં બાંધી શકાતી નથી, પણ સતત પ્રયાસોનો અવિરત સિલસિલો વહેલા કે મોડા એક અલગ જ મુકામ સુધી પહોંચાડવામાં પાયારુપ ભૂમિકા ભજવતા હોય છે. સખત મહેનત અને વિશિષ્ટ પ્રતિભા હોવા છતાં ટોચની નજીક પહોંચ્યા બાદ ચૂકી જવાનો રંજ ઘણી વખત આત્મવિશ્વાસને ડગાવી દેનારો બની રહેતો હોય છે. આ જ એવી પળ છે, જે રેસ્ટ(બાકીના લોકો)માંથી બેસ્ટને અલગ કરીને દુનિયાની સામે રજુ કરે છે. જે સ્પર્ધામાં ટકી રહેવાનો મિજાજ કેળવી લે છે. હારને હસીને સ્વીકારી લેવાની સાથે ભવિષ્યમાં પણ નવી ઊંચાઈ સુધી પહોંચવાનો નિર્ધાર મનોમન કરી શકે છે, તે જ ભાગ્યની સામે સંઘર્ષ ખેલીને સફળતાને હાંસલ કરવાનું ખરા સામર્થ્ય પ્રાપ્ત કરે છે. ટેનિસ જગતમાં છેલ્લા એક દશક થી પોતાની પ્રતિભાને વિશ્વમાં શ્રેષ્ઠ સાબિત કરવાની કોશીશ કરી રહેલા ઝ્વેરેવ માટે ચાલુ વર્ષ જાણે ભાગ્યોદયનું વર્ષ બની રહ્યું છે.

જર્મનીના ૨૯ વર્ષના ટેનિસ ખેલાડી એલેક્ઝાન્ડર ઝ્વેરેવે છેલ્લા ૧૦ મહિનામાં સાતત્ય સાથે આગવો પ્રભાવ પાડતાં વિશ્વના ટોચના ખેલાડી તરીકેનો તાજ મેળવી લીધો છે. વિશ્વના ટોચના ખેલાડીના સિંહાસન સુધી પહોંચવા દરમિયાન તેણે કારકિર્દીના પહેલા બે ગ્રાન્ડ સ્લેમ - ફ્રેન્ચ ઓપન અને યુએસ ઓપન ટાઈટલ હાંસલ કર્યા હતા. તેની સાથે ઈતિહાસમાં પહેલીવાર વિમ્બલડનની ફાઈનલ સુધીની સફર ખેડતા રનરઅપ તરીકેની ટ્રોફી પણ મેળવી. આ સાથે ઝ્વેરેવે દુનિયાને બતાવી દીધું કે તેનામાં ચેમ્પિયન બનવાની કુશળતા છે અને આ સાથે જ તેણે ટીકાકારોની બોલતી પણ બંધ કરી દીધી છે.

ટેનિસની વર્તમાન સિઝન શરુ થઈ તેની પહેલા ઝ્વેરેવની ઓળખ ચોકર તરીકેની હતી. ચોકર એટલે એવો ખેલાડી કે ખરા સમયે જ ફસકી પડે. ફાઈનલમાં પહોંચવા સુધી જબરજસ્ત દેખાવ કરે પણ દશેરાના દહાડે જ ઘોડું ન દોડે અને ચમકતી ટ્રોફીને હાંસલ ન કરી શકવાના અફસોસની સાથે ચેમ્પિયન ખેલાડીની બાજુમાં ચહેરા પર રંજ સાથે ઉભેલો જોવા મળે. ઝ્વેરેવ તેની કારકિર્દીમાં અગાઉ ૨૦૨૦થી ૨૦૨૫ સુધી ત્રણ ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પ્રવેશ્યો હતો, પણ દરેક વેળાએ તેને પરાજયના આંચકાનો સામનો કરવો પડ્યો હતો. આ કારણે ઝ્વેરેવ ફાઈનલમાં હોય એટલે હરિફ ખેલાડીથી લઈને મીડિયા અને ચાહકોની ધારણામાં તો તે રનરઅપ ટ્રોફી સાથે સમાપન સમારંભમાં ઉભો હોય તેવું ચિત્ર માનસપટલ પર ખડુ થઈ જાય.

ઝ્વેરેવ ચાલુ વર્ષે બધાની ગણતરીને ઉંધી વાળી દેવાના ઈરાદા સાથે ઉતર્યો હતો. તે સિઝનની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપનમાં પાંચ સેટના સંઘર્ષ બાદ અલકારાઝ સામે હાર્યો હતો, પણ તેની રમતમાં આગવો ચમકારો જોવા મળતો હતો. આ પછી ફ્રેન્ચ ઓપનમાં ભારે સંઘર્ષ બાદ તેણે ૧૦ વર્ષની કારકિર્દીમાં પહેલી વખત ચેમ્પિયન બનવામાં સફળતા મેળવી અને તેની સાથે તમામ વિવેચકો અને ચાહકોને આશ્ચર્યજનક આંચકો આપ્યો. વિમ્બલડનની ફાઈનલની હાર પછી તેણે યુએસ ઓપનમાં શેલ્ટનને મહાત આપતાં ફરી પોતાની ચેમ્પિયન તરીકેની પ્રતિભાને દુનિયાની સામે રજુ કરી. તેણે ચાલુ વર્ષે કુલ ૧૫ ટુર્નામેન્ટમાં ભાગ લીધો અને ૬૦થી વધુ વિજય મેળવતા સિનર પાસેથી ટોચના ખેલાડી તરીકેનો તાજ આંચકી લીધો છે.



> **જર્મનીમાં સ્થાયી થયેલા રશિયન પરિવારમાં જન્મેલા ઝ્વેરેવના ૧૦ વર્ષના એકધારા સંઘર્ષ અને સફળતા મેળવવા માટેના અવિરત પ્રયાસો આખરે રંગ લાવી રહ્યા છે**

આ સાથે ૧૯૯૧ પછી પહેલી વખત જર્મન ખેલાડી એસોસિશએન ઓફ ટેનિસ પ્રોફેશનલ્સ (એટીપી)ના પુરુષ સિંગલ્સ રેન્કિંગમાં ટોચના ક્રમે પહોંચવામાં સફળ થયો હતો. છેલ્લે જર્મનીના દિગ્ગજ ખેલાડી બોરિસ બેકરે આ સિદ્ધિ મેળવી હતી. ઝ્વેરેવે વિશ્વના ટોચના ખેલાડી તરીકે સિઝનનો અંત આણનારો સૌપ્રથમ જર્મન પુરુષ સિંગલ્સ ખેલાડી બનવાનો અનોખો રેકોર્ડ પોતાના નામે નિશ્ચિત કરી લીધો છે અને ટેનિસની રેકોર્ડ બુકમાં તેનું નામ સુવર્ણાક્ષરે અંકિત કરી દીધું છે. નિષ્ફળતા છતાં મેદાન પર ટકી રહેનારા ખેલાડીઓને વહેલી કે મોડી સફળતા મળે જ છે, તેનું જિવંત ઉદાહરણ ઝ્વેરેવ છે.

સોવિયેત સંઘમાં જન્મેલા ઈરિના ઝ્વેરેવા અને એલેક્ઝાન્ડર ઝ્વેરેવ સિનિયરની ટેનિસ કારકિર્દી રાજકીય મર્યાદા અને બંધનોના કારણે આગળ વધી શકી નહતી.જોકે, સોવિયેત સંઘનું પતન થયું અને તે સમયે ઈરિના અને ઝ્વેરેવ સિનિયરની સામે જિંદગી નવેસરથી શરૂ કરવાનો પડકાર હતો.આ દરમિયાન ઈરિના ૧૯૯૦માં જર્મનીમાં ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ગઈ હતી અને તેની સાથે કોચ તરીકે તેના પતિ ઝ્વેરેવને પણ લઈ ગઈ હતી. આ પછી તેમણે જર્મનીમાં સ્થાયી થઈને કોચિંગ આપવું શરુ કર્યું અને તેમના પરિવારમાં બીજા પુત્ર તરીકે એલેક્ઝાન્ડર ઝ્વેરેવનો જન્મ થયો. પરિવારમાં સાશા તરીકે ઓળખ ધરાવતા ઝ્વેરેવે ત્રણ વર્ષની ઉંમરે જ ટેનિસ રમવાનું શરુ કર્યું હતુ. બાળપણમાં તે ફૂટબોલ અને હોકી પણ રમતો. જોકે જુનિયર ટુર્નામેન્ટમાં મળેલી હાર બાદ તેણે તેનું સમગ્ર ધ્યાન માત્ર ટેનિસ પર આપવાનું નક્કી કર્યું.

જુનિયર ટેનિસમાં ઓસ્ટ્રેલિયન ઓપન બોઈઝ સિંગલ્સ ટાઈટલ મેળવનારા ઝ્વેરેવે જુનિયર વર્લ્ડ રેન્કિંગમાં ટોચનું સ્થાન પણ હાંસલ કર્યું હતુ. ટેનિસની જુનિયર સર્કિટમાં ઓસ્ટ્રીયાનો ડોમિનિક થિમ અને રશિયાનો રૂબ્લેવ તેના અચ્છા દોસ્તો હતા. તેણે માત્ર ૧૭ વર્ષની વયે પ્રોફેશનલ ટેનિસ ખેલાડી તરીકેની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. યુવા વયે તે ટોચના ખેલાડીઓ સામે ચોંકાવનારો દેખાવ કરનારા ઝ્વેરેવે ૧૯ વર્ષની વયે ૨૦૧૬માં તેના ઘરઆંગણે જર્મનીમાં રમાયેલી હાલી ઓપનની સેમિ ફાઈનલમાં ફેડરરને હરાવીને તેને સતત ૧૦મી ફાઈનલમાં પ્રવેશતો અટકાવ્યો હતો. ફેડરર સામેની જીતની સાથે આગવી ઓળખ ઉભી કરનારા ઝ્વેરેવ માટે ત્યાર બાદની સફર સંઘર્ષમય રહી હતી.

ઝ્વેરેવે ૨૦૧૮માં એટીપી ફાઈનલ્સ ટુર્નામેન્ટની ફાઈનલમાં યોકોવિચને હરાવીને કારકિર્દીનું સૌપ્રથમ મેજર ટાઈટલ હાંસલ કર્યું. આ પછી ૨૦૨૦ના યુએસ ઓપનની ફાઈનલમાં મળેલી હાર બાદ તેણે ૨૦૨૧માં ટોકિયો ઓલિમ્પિકમાં યોકોવિચ બાદ ખચાનોવનું સ્વપ્ન ચકનાચૂર કરીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. દરમિયાનમાં જ ૨૦૨૨માં તેણે જાહેરાત કરી કે, મને બાળપણથી ટાઈપ વન ડાયાબિટિસ છે. આમ છતાં મેં પ્રોફેશનલ ખેલાડી બનવાનું પસંદ કર્યું. ડોક્ટરે મને કહ્યું હતુ કે, તું ક્યારેય ખેલાડી બની નહીં શકે. જોકે હું તેમને ખોટા સાબિત કરવા ઈચ્છતો હતો.મારા માતા-પિતાએ પણ મારો જુસ્સો વધાર્યો. તેમણે કહ્યું કે, કોઈ બીજાએ કરેલા તારી પ્રતિભા અને ક્ષમતાના મૂલ્યાંકનમાં તારી પ્રતિભાને બાંધી ન રાખ. બસ ત્યાર થઈ લઈને આજ દિન સુધી હું રમતો રહ્યો છું. જોકે આ દરમિયાન મારા શુગર લેવલનું સતત ધ્યાન પણ રાખું છું.

જર્મન સુપરસ્ટારને ૨૦૨૨માં ફ્રેન્ચ ઓપનની સેમિ ફાઈનલમાં ગંભીર ઈજા થઈ હતી. તે નડાલ સામે રમી રહ્યો હતો અને અપસેટ સર્જવાના મૂડમાં લાગતો હતો, ત્યાં જ તેનો પગ મચડોકાઈ ગયો અને તેને ટુર્નામેન્ટ છોડવી પડી હતી. દરમિયાનમાં ઝ્વેરેવની સામે બે વખત ઘરેલું હિંસાની સાથે અપમાનજનક વર્તનનો આરોપ પણ મુકાયા.

અનુસંધાન પાનાનં ૦૬ પર

---

# દીકરીના પિતા થવા લાયક બનવું પડે...

## ઝાકળઝંઝા

રવિ ઈલા ભટ્ટ

આસો સુદ આઠમની એ સંધ્યા વડોદરાના આકાશમાં એક અનોખો રંગ ઘોળી રહી હતી. અકોટા વિસ્તારની શાંત અને સુવ્યવસ્થિત આદ્યશક્તિ રેસિડેન્સીમાં નવરાત્રીનો માહોલ ચરમસીમા પર હતો. વડોદરાની નવરાત્રી એટલે માત્ર ગરબા નહીં, પણ ભક્તિ, સંસ્કૃતિ અને સંવેદનાઓનો અવિરત પ્રવાહ. સોસાયટીના કમ્પાઉન્ડમાં મધ્યમાં સ્થાપિત અંબાજી માતાના ગરબાની આસપાસ અદ્વિતિય ડેકોરેશન થયેલું હતું. તેને ફરતે લોકો ગરમે રમી રહ્યા હતા.

આ સોસાયટીમાં છેલ્લાં સોળ વર્ષથી એક અતૂટ પરંપરા ચાલી આવતી હતી. આઠમની મહાપૂજા, હવનની તમામ સામગ્રી અને પૂજા પછી સમગ્ર સોસાયટીના તમામ પરિવારો માટે શુદ્ધ દેશી ઘીમાં બનતો ફરાળી નાસ્તો, સાબુદાણાની ખીચડી, મોરૈયો, સુકામેવાનો શીરો અને રાજગરાની પૂરી, હંમેશાં 'દુર્ગાભુવન' નામના બંગલામાંથી જ આવતો. એ બંગલો હતો આદિત્ય અને એકતા પંડ્યાનો. આદિત્ય વડોદરાની એક પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કન્સલ્ટન્સી ચલાવતો હતો. સંપન્ન પરિવાર, મોટું હૃદય અને ચહેરા પર કાયમ એક શાંત, સ્થિર સ્મિત.

ગરબા શરૂ થઈ ચૂક્યા હતા. ઢોલના ધબકારે પગ આપોઆપ તાલ મિલાવવા માંડ્યા હતા. સોસાયટીના ગ્રાઉન્ડના એક છેડે ગોઠવેલી પ્લાસ્ટિકની ખુરશીઓ પર આદિત્ય પોતાના જૂના મિત્રો અને વડીલો સુરેશભાઈ, મહેન્દ્રભાઈ અને કેતન સાથે બેઠો હતો. બધાના હાથમાં ફરાળની પ્લેટ હતી, પણ આદિત્ય ખાલી હાથે સૌને ગરબે ઘૂમતા જોઈ રહ્યો હતો.

તેની નજર ગરબામાં ઘૂમી રહેલી ત્રણ મૂર્તિઓ પર સ્થિર હતી, તેની પત્ની એકતા, અને તેની સોળ વર્ષની જોડિયા દીકરીઓ, જુઈ અને જીયા.

જુઈ અને જીયા, એકબીજાની કાર્બન કોપી જેવી છતાં સ્વભાવે સાવ અલગ. જુઈ શાંત, ગંભીર અને પુસ્તકપ્રેમી; જ્યારે જીયા ચંચળ, વાતોડિયણ અને સંગીતની શોખીન. આજે બંનેએ એક સરખી મરૂન રંગની પરંપરાગત ગુજરાતી ચણિયાચોળી પહેરી હતી. તેમની વચ્ચે એકતા ઊભી હતી, લીલા રંગની બાંધણીમાં અત્યંત સૌમ્ય, જાજરમાન અને શોભાયમાન. ત્રણેય મા-દીકરીઓ એકબીજાના હાથ પકડીને તાળીઓના તાલે જે લયબદ્ધ ગરબો રમી રહી હતી, તે જોઈને આદિત્યની આંખોમાં અપાર સંતોષ છલકાઈ ઊઠ્યો.

'આદિત્ય, આ લે શીરો. ગરમ ગરમ છે, મજા આવશે,' - સુરેશભાઈએ પ્લેટ આગળ ધરતાં કહ્યું.

'ના કાકા, તમે ભુલી ગયા, આજે મારે ઉપવાસ છે.' - આદિત્યએ હાથ જોડીને નમ્રતાથી નકારતાં કહ્યું.

મહેન્દ્રભાઈએ ચાનો ઘૂંટડો ભરતાં આશ્ચર્યથી પૂછ્યું, 'આદિત્ય, છેલ્લાં કેટલાય વર્ષથી હું જોઉં છું. આઠમના દિવસે તારા તરફથી આખી સોસાયટી માટે લાખો રૂપિયાનો ખર્ચ કરીને ઉત્તમ ફરાળ બને છે, પણ તું કે તારો પરિવાર ખાસ કંઈ ખાતા-પીતા નથી. તમે લોકો કંઈ તંત્રમંત્ર કરીને અમને ખવડાવો છો કે પછી કેશવભાઈનો સેવાભાવ આગળ ચલાવે રાખ્યો છે. કોઈ માનતા રાખી છે? રહસ્ય શું છે ભાઈ?'



> **'ચાલો પપ્પા, આજે આઠમ છે, તમારી સાથે એક રાઉન્ડ તો રમવો જ પડશે. રાસ શરૂ થશે એટલે તમે નહીં આવો.' જુઈએ આદિત્યનો હાથ પકડતાં લાડથી કહ્યું**

'આ કોઈ માનતા નથી. કોઈને દેખાડવાની સેવા પણ નથી. આ તો જગદંબાના ચરણોમાં મારું અસ્તિત્વ ગિરવે મૂક્યાનો એક નાનકડો ઋણસ્વીકાર છે.'- આદિત્યએ શાંતિથી કહ્યું. બધા મિત્રો શાંત થઈને સાંભળવા લાગ્યા.

'તમે બધા મારા પરિવારને ઓળખો છો. તેમાંય મહેન્દ્રકાકા અને સુરેશકાકા તો મારા દાદાને પણ ઓળખે છે. આ સોસાયટીના સૌથી જૂના પરિવારોમાં અમે છીએ. અમારું ખાનદાન મોટું છે. મારા દાદા, મારા પિતાજી, કાકાઓ... બધાને ત્યાં માત્ર દીકરાઓ જ જન્મ્યા. પેઢીઓથી અમારા વંશમાં દીકરીનું પારણું બંધાયું જ નહોતું. સમગ્ર કુટુંબમાં જો કોઈ દીકરી હોય તો તે માત્ર મારા એક ફોઈના ઘરે હતી. અમારા આખા પંડ્યા પરિવારમાં ક્યારેય ઝાંઝરીનો રણકાર સંભળાયો નહોતો. સમજણ આવી ત્યારથી મને હંમેશાં લાગતું કે જે ઘરમાં દીકરી નથી, એ ઘર મંદિર હોવા છતાં તેમાં પ્રાણપ્રતિષ્ઠા નથી થઈ.'

મને લાગે છે કે, ઈશ્વર બધું સમય જોઈને આપે છે. મારા જીવનમાં સૌથી મોટો ચમત્કાર ત્યારે થયો જ્યારે એકતા મારી પત્ની બનીને મારા જીવનમાં આવી. પુરુષ ગમે તેટલો સફળ હોય, પણ એ પિતા બનવા લાયક ત્યારે જ બને છે જ્યારે એને સંસ્કારી અને સંવેદનશીલ સ્ત્રીનો સંગાથ મળે. લગ્ન પછીના શરૂઆતના વર્ષોમાં એકતાએ મને અહંકાર ઓગાળતાં શીખવ્યું. એણે મને શીખવ્યું કે કર્મ એટલે માત્ર અધિકાર જમાવવો નહીં, પણ બીજાના સુખ માટે પોતાની જાતને સમર્પિત કરી દેવી. એણે મારી અંદર ધીરજ, કરુણા અને સંવેદનાનાં બીજ વાવ્યાં. સાચું કહું તો, એકતાએ મને નવો આકાર આપ્યો કે હું એક દીકરીનો બાપ બનવા માટે યોગ્ય બની શકું.'

આદિત્યનો અવાજ લાગણીથી ભીનો થઈ રહ્યો હતો.

'સુરેશકાકા તમને ખબર હોય તો, સોળ વર્ષ પહેલાંનો આઠમનો જ એ દિવસ હતો. નમીતા બેનના નર્સિંગ હોમમાં એકતા દાખલ હતી. સોનોગ્રાફી વખતે જ ખબર પડી ગઈ હતી કે જોડિયા બાળકો છે, પણ એ શું હશે તેની અમને ખબર નહોતી. મારા પપ્પા અને કાકાઓ, કઝીન્સ બધા બહાર બેઠા બેઠા દીકરાની આશા રાખી રહ્યા હતા. બધાને વંશવેલો આગળ વધારવાની, વેપાર વધારવાની ચિંતા હતી. હું હોસ્પિટલના ખૂણામાં ઊભા રહીને સામે રહેલી દેરીમાં બિરાજતા મા ખોડિયારને પ્રાર્થના કરતો હતો કે, 'હે માં, સદીઓથી અમારું આંગણું તરસ્યું છે, તારી કૃપા હોય તો એક કન્યા આપજે.'

તેણે આંખોનાં ખૂણા લૂછીને આગળ કહ્યું, - '...અને સાંજે સાત વાગ્યે, બરાબર જ્યારે આઠમની આરતીના નગારા વાગતા હતા, ત્યારે ડોક્ટરે બહાર આવીને સમાચાર આપ્યા, 'મુબારક હો આદિત્યભાઈ, લક્ષ્મીજી એકલા નથી આવ્યા, સાથે સરસ્વતીને પણ લાવ્યા છે. તમારે ત્યાં બે દીકરીઓનો જન્મ થયો છે!' એ ક્ષણે હું હોસ્પિટલના ફ્લોર પર જ ઘૂંટણિયે પડી ગયો હતો. જે કુળ એક દીકરી માટે દાયકાઓથી તરસતું હતું, ત્યાં જગદંબાએ બે-બે દીકરીઓ મોકલી આપી!'

'મેં પહેલીવાર એ નાનકડાં ફૂલ જેવાં જીવોને મારી હથેળીમાં લીધાં, ત્યારે મને સમજાયું કે ઈશ્વરે મારા પર કેટલો મોટો વિશ્વાસ મૂક્યો છે. દીકરો અને દીકરી બંને ઈશ્વરની જ દેણ છે, મને બંને વચ્ચે કોઈ ભેદભાવ કે અણગમો નથી. પણ દીકરીનું આગમન એ ઈશ્વર તરફથી મળેલું એક દૈવી સન્માન છે. દીકરી એ વાતની સાબિતી છે કે ભગવાને મારા ઘરને પવિત્ર માન્યું છે. માતાજીએ મારા ઘરે બે દીકરીઓ આપીને જાણે મને સ્પષ્ટ સંકેત આપી દીધો કે, 'આદિત્ય, હવે તારા ભૌતિક બંધનો પૂરાં થયાં.

'તમે પૂછો છો ને કે હું ઉપવાસ કેમ કરું છું?' - આદિત્યએ મિત્રો સામે જોઈને હળવું હાસ્ય વેર્યું. 'આ ઉપવાસ ભૂખ્યા રહેવા માટે નથી. મારે માં ભગવતીનું ઋણ ચૂકવવું છે. જોકે, સંતાન રૂપે સાક્ષાત શક્તિ આપનાર માનું ઋણ તો સાત જન્મમાં પણ ન ચૂકવાય, પણ આ ઉપવાસ, આ ફરાળનું વિતરણ, આ નાનકડી સેવા... એ તો મારી કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક ક્ષુલ્લક પ્રયાસ માત્ર છે. આ ઋણ ઉતારવા માટે મારે આખી જિંદગી ઉપવાસ કરવા પડે તોય મને ખુશીથી મંજૂર છે.'

મહેન્દ્રભાઈના હાથમાં રહેલી ચા ઠરી ગઈ અને સુરેશકાકાનો શિરો પણ ઠંડો થઈ ગયો. તેમની આંખોમાં પણ ભીનાશ હતી. તેમણે આદિત્યના ખભા પર હાથ મૂક્યો અને ગળગળા અવાજે કહ્યું, 'આદિત્ય, આજે તેં અમને નવરાત્રીનો સાચો અર્થ

અનુસંધાન પાનાનં ૦૬ પર

# ઉછેર

**સરદારખાન મલેક**

તમે હેરત પામી ગયાં ને જેનબ? જ્યારે એક દિલ બીજા દિલ સાથે ટકરાય છે ત્યારે કેવા હાલ થાય છે?

સિત્તેરના દાયકામાં તમે પણ કોલેજીયન કહેવાતાં હતાં. ઘરથી કોલેજ દોઢથી બે કિલોમીટર દૂર, મોટાભાગના કોલેજીયનોની જેમ તમે પણ ચાલતાં કોલેજ જતાં. એક બે બહેનપણીઓ ખરી, પણ તેઓ સાઈકલ પર જતી અને તમે ઘરેથી નીકળી નીચું મોં રાખી રસ્તામાં કોઈની સામે નજર નાખ્યા વગર એકધારી ચાલે કોલેજ પહોંચી જતાં. ખરુંને જેનબ!

યાદ કરો, કોલેજમાં ફ્રી પિરિયડ કે રીસેસમાં તમારી કેટલીક ફ્રેન્ડઝ કેન્ટીનમાં મજા માણતી હોય, કોલેજના બોટની ગાર્ડનમાં તેમના બોયફ્રેન્ડ સાથે બેઠી હોય કે લાયબ્રેરીમાં બેઠી હોય ત્યારે તમે લેડીઝ-રૂમમાં બેસી રહેવાનું પસંદ કરતાં જેનબ. તમારા આવા અંતર્મુખ સ્વભાવને કારણે કોલેજના વાર્ષિકોત્સવના ફિસપોન્ડના કાર્યક્રમમાં તમને 'ફાધર ઓફ ધ લેડીઝ રૂમ'ની ઉપાધિ મળેલી. ખરુંને જેનબ? યાદ છે? આ કાર્યક્રમના સંચાલક કોણ હતા? જી હા તે, ગુજરાતીના ટ્યુટર મી. અસદુલ્લાખાન હતા. તમને યાદ તો હશે જ. હોય કેમ ન હોય? એ પળો તો તમારા હૃદયમાં કોતરાયેલી છે.

હા. આ, એ જ ટ્યુટર જેનો એક પિરીયડ એટેન્ડ કરવાનું તમે ચૂકતાં નહીં. એમનો ગુજરાતી કવિતા કે ગઝલનો રસાસ્વાદ ચાલુ થાય, ત્યારે આખા વર્ગમાં પિનડ્રોપ સાયલન્સ છવાઈ જતી અને તે વખતે તમે! જેનબ તમે જાણે ક્યાં ખોવાઈ જતાં. જેનબ! એક અનન્ય ભાવ જગત ખડું થઈ જતું! અને એ જગત તમને ક્યાં ને ક્યાં ખેંચી જતું ખરુંને જેનબ!

જેને ચોકલેટી બોય કહેવાય તેવું સોહામણું વ્યક્તિત્વ ધરાવતો એ યુવાન નોકરીમાં નવો જોડાયેલો હતો. વિશાળ પહોળું કપાળ, સાદી હેરસ્ટાઈલ, ગોરો વાન અને છ ફૂટની ઊંચાઈ, કોટ-પેન્ટમાં સાયકલ સવારી કરી નોકરી આવતો. ક્યારેક રસ્તામાં તમારી બાજુમાંથી પસાર થાય ત્યારે તેની સાઈકલની ગતી આપોઆપ ધીમી પડી જતી, અને હવામાં માઈલ્ડ અત્તરની માદક સુગંધ પ્રસરી જતી. એ તમારી યાદશક્તિમાં સચવાયેલું છે. જેનબ!

યાદ આવે છે? એ સોહામણા યુવાન માટે જાણે અજાણે તમારા દિલના ખૂણામાં થોડી જગ્યા ઊભી થઈ ગયેલી. એની ગેરહાજરીમાં પણ ક્યારેક તેની યાદ તમને આવી જતી. તેમ છતાં તમારા દિલમાં ઉઠેલા સ્પંદન તમારા મનોજગત પુરતાં મર્યાદિત રહી જતાં જેનબ! હા એટલું ખરું કે કોલેજના સાહિત્ય મંડળે વરસ અંતે પાડેલ ગ્રુપ ફોટો આજેય તમારી પાસે સચવાયેલો પડ્યો છે.

એમાં ક્યારેક તમે ચુપકેથી અસદની તસવીર પર હળવી આંગળી ફેરવો છો ત્યારે તમારા દિલમાં કેવાં કેવાં સ્પંદન ઉદ્‌ભવે છે એ તો શાયદ તમે જ જાણો.

તમારા મનને આશ્વાસન આપતી એ મીઠી ભાવનાને તમે ક્યારેય તમારા વર્તનથી, કે શબ્દોથી વ્યક્ત થવા દીધી ના હતી. તેની પાછળનું કારણ હતું, તમારો ઉછેર, તમારી દીની સાથેની દુન્યવી તાલીમ.

તમારા અબ્બાજાન શહેરના એક પ્રતિષ્ઠિત વેપારી હતા એટલું જ નહીં પણ એક નેક દિલ મુસલમાન હતા. નમાજ, રોજા, જકાત જેવાં

**ક્યારેક તમે ચુપકેથી અસદની તસવીર પર હળવી આંગળી ફેરવો છો ત્યારે તમારા દિલમાં કેવાં કેવાં સ્પંદન ઉદ્‌ભવે છે એ તો શાયદ તમે જ જાણો**

ઈસ્લામના અરકાનોના પાબંધી હોવાને નાતે, નાત જાત કે ધર્મ જોયા વગર તે ગરીબ વિદ્યાર્થીઓ અને વિધવા ઓરતોને છૂપી મદદ કરતા. આવા કુટુંબમાં તમારો ઉછેર થયેલો હોવાથી તે નેકદિલ અબ્બાજાન અને અમ્મીજાન માટે તમને ભારોભાર માન હતું. તેઓની આશા-આકાંક્ષાઓને તમે ઈચ્છવા છતાં ક્યારેક ઉથાપી શકો તેવી હાલતમાં ન હતાં. જેનબ, નિસ્વાર્થ લાગણીઓના બંધનથી તમે એવાં તો બંધાઈ ગયેલાં કે મા-બાપની લાગણીઓને જરા પણ ઠેસ ના પહોંચે તેનો તમે પુરેપૂરી કાળજી રાખતાં. ખરુંને જેનબ?

મા-બાપની પસંદગીના અને નજીકના સગા જનાબ બદરૂદ્દિન એડનવાલા સાથે આપનો નિકાહ થયેલો. એડનવાલા વર્ગ એકના સરકારી અધિકારી હોઈ આપને



આપની વહાલસોઈ તમન્ના સાથે એક શહેરથી બીજા શહેરની ઓફિસર્સ કોલોનીમાં અને જુદા જુદા માહોલમાં રહેવાની ફરજ પડેલી.

યાદ કરી જુઓ જેનબ.

સરકારની નોકરીની ભાગદોડમાં આપના શોહર બદરૂદ્દીન એડનવાલા દીકરીના ઉછેરમાં પૂરતું ધ્યાન ના આપી શક્યા. પણ તમે તો તેની મા હતાં. જેનબ! તમારી વહાલસોઈ દીકરીને તમે તમારા જેવી સિત્તેરના દાયકાની કોલેજીયન સમજી લીધેલી. શ્રીમતી જેનબ એડનવાલા, પણ તમન્ના તમારી દીકરી, એકવીસમી સદીની કોલેજીયન હતી. એનો તમને ક્યારેય ખ્યાલ આવ્યો નહીં. જેવી તમારી લાડલી તમન્નાની ફાઈનલ એક્ઝામ સમાપ્ત થઈ તે પછીના અઠવાડિયે એ એના કોઈ ફ્રેન્ડની સાથે તમારું ઘર છોડીને ભાગી ગઈ. એ ભાગી તો ગઈ સાથે સાથે તમને પણ ભાંગી પડેલાં તે તમે હજુ નથી ભૂલ્યાં.

બે દિવસ સુધી રડી રડીને તમારી આંખો લાલઘૂમ થઈ ગઈ હતી. ખાવાનું પણ ગળા હેઠળ ઉતરતું ના હતું. તમારા મિસ્ટર બદરૂદ્દીન એડનવાલા, તપાસ કરાવીને પણ ક્યાં તપાસ કરાવે? એ ભલાને એમનું સરકારી કામ ભલું! એવું હતું એમનું. એ પણ બેચેન થઈ ગયા હતા. એક માત્ર સહારો એ હતો કે તમન્નાએ ઘર છોડતાં પહેલાં ચિઠ્ઠી લખી હતી. એણે સાફ સાફ લખ્યું હતું કે તેણે જે પગલું ભર્યું હતું તે પુખ્ત વિચારણાને અંતે ભર્યું હતું. અબ્બા-અમ્મીને મંજુર હશે, તો તે યોગ્ય સમયે તેના પાર્ટનર સાથે એક વખત જરૂર મળવા આવશે. વગેરે.. વગેરે... તેનો સ્માર્ટફોન તમામ ડેટા સાફ કરીને મૂકતી ગઈ હતી.

શ્રીમતી જેનબ એડનવાલા, તમે ક્યાંક ભૂલ કરી હતી. તમારું મન માનતું ના હતું. તમે કેટલીયે રાતો બેચેનીભરી વિતાવી હતી. ઓફિસર્સ કોલોનીમાં ઘરની બહાર નીકળવાનું થયું ત્યારે તમે લાચારી અનુભવતાં. જાણે તમારા શરીરનો એક ટુકડો જુદો પડી ગયો હોય, તેવી વેદના તમે અનુભવી રહ્યાં હતાં. સમાજમાં બદનામી થઈ રહી હતી. પણ જે હકીકત બની ગઈ તે સત્ય હતી તેમાં કોઈ મીનમેખ થઈ શકે તેમ ન હતી. તમારી મેમરીમાં હજુ સચવાયેલું પડ્યું છે જેનબ. એક નોધારી ક્ષણે બની ગયેલા એ ઘટનાતત્વનું તિરોધાન થયું હોવાથી તમે તમારી જાતને સાંભળી શક્યાં છો.

ખૂબ જ સ્માર્ટ કેરિયર ધરાવતી, તમન્ના કોઈ સાધારણ છોકરી ના હતી. ગ્રેજ્યુએટ થતાં થતાં એને બે કોલેજો બદલવી પડી હતી છતાં તેની ક્ષમતામાં કોઈ ફરક પડ્યો ના હતો. તમારી જાણ બહાર તેનું પ્રેમપ્રકરણ પાંગરી રહ્યું હતું. તેનો તમને અણસાર સુદ્ધાં આવવા દીધો ના હતો. તમન્નાનો પ્રેમજ્વર તમે પારખી શક્યા ના હતાં. શ્રીમતી એડનવાલા.

તમારી ભૂલોની પરંપરાઓનું પોસ્ટમોર્ટમ કરતાં કરતાં તમે એ તારણ પર આવ્યાં હતાં કે, એક તો તેના ઉછેર દરમ્યાન વારંવાર બદલાયેલ આજુબાજુનો માહોલ, પોતાના સમાજના સહવાસનો અભાવ, ધાર્મિક તાલીમની ઉણપ અને છેલ્લે કોમ્પ્યુટર, ટીવી અને સ્માર્ટ-સેલફોન જેવાં ડિજિટલ સાધનો પર સમગ્ર ઘટનાનું ઠીકરું તમે ફોડ્યું હતું. મિસિસ જેનબ એડનવાલા! તે દિવસે આપના શોહર મી. બદરૂદ્દીન એડનવાલાએ, આપના હાથમાં તમન્ના તરફથી આવેલું એક કવર મૂક્યું. અને આપે ધ્રૂજતા હાથે અને ભારે હૈયે તે વાંચ્યું હતું. જેનબ, તેને ફોન કર્યો ના હતો. પણ પત્ર લખ્યો હતો. આવું કેમ કર્યું હશે? મનમાં ઉઠેલા પ્રશ્નનો જવાબ આપનાર કોઈ ના હતું.

પત્રમાં કોઈ પસ્તાવાના શબ્દો ના હતા. માફી માગી હતી. આપની સાથે સંબંધ તો ચાલુ જ રહેશે. તેનો હસબન્ડ મી. તૈમુરઅલીખાન ફોરેસ્ટ ઓફિસર તરીકે સરકારશ્રીની નોકરી કરે છે. પત્રનો આવો સાર હતો. પણ છેલ્લી કેટલીક લાઈનોથી આપના મનને ઘણી તસલ્લી મળી હતી. શ્રીમતી જેનબ એડનવાલા, એ લાઈનો હતી - 'મારા પપ્પાજી યાને કે મારા ફાધર ઈન લો. મી. અસદુલ્લાખાન કોલેજના પ્રિન્સિપાલ છે. તૈમુરને હું કોર્ટમાં લગ્ન નોંધણી કરાવીને પપ્પાજી સામે પ્રસ્તુત થયાં હતાં. તેથી તેઓ ચાહીને પણ અમારો વિરોધ કરી શકે તેવી હાલતમાં ના હોય! અને હા મમ્મી, તારી પાસે જે કોલેજના સાહિત્ય મંડળનો ફોટો છે, એ જ ફોટો અમારા ઘરના ડ્રોઈંગ રૂમમાં પણ છે. એટલે કે હરતાં ફરતાં તું મારી નજર સામે જ હોય છે. મમ્મી, બની શકે તો મને માફ કરજે મમ્મી!'

# પર્ફોર્મન્સ અપ્રેઝલ :

## કર્મચારીઓની કામગીરીના મૂલ્યાંકન માટેનું કૌશલ

**મેનેજમેન્ટ**

**ધવલ મહેતા**

કંપનીમાં કે સંસ્થામાં કામ કરનાર મેનેજરને કે કર્મચારીને વર્ષોવર્ષ બઢતી મળે તેવી અપેક્ષા હોય છે. બઢતી એટલે પગારમાં બઢતી અને અમુક કિસ્સાઓમાં કર્મચારીની ઉપરના સ્થાને બઢતી એમ બંને રીતે થઈ શકે છે. કંપનીમાં કોઈ ખાતાકીય વડાને જનરલ મેનેજરનું અથવા જનરલ મેનેજરને મેનેજીંગ ડીરેક્ટરનું પદ મળે તો કંપનીમાં તેમનું સ્ટેટસ અને સત્તા એકદમ વધી જાય છે. દરેક કંપની કે સંસ્થામાં તમામ કર્મચારીઓનું અર્ધવાર્ષિક કે વાર્ષિક મૂલ્યાંકન થતું રહે છે અને તેમની કામગીરીના મૂલ્યાંકન માટે ઈન્ટરવ્યુ પણ ગોઠવવામાં આવે છે જેને અંગ્રેજીમાં અપ્રેઈઝલ ઈન્ટરવ્યું કહેવામાં આવે છે. સંસ્થાના દરેક કર્મચારી માટે તેની કામગીરીની આ મૂલ્યાંકન પરીક્ષા અગત્યની હોય છે. કોઈક વાર જે કર્મચારી કે મેનેજરનું મૂલ્યાંકન ઘણું નેગેટીવ હોય તેને નોકરીમાંથી બરખાસ્ત પણ કરવામાં આવે છે.



જેમીની ટેક્ષ્ટાઈલ કંપની કાપડ ઉદ્યોગની એક સફળ કંપની છે. તેના મેનેજિંગ ડાયરેકટર પરીમલ દાસગુપ્તા છેલ્લા ૧૨ વર્ષથી જનરલ મેનેજર છે. જેમની નીચે જુદા જુદા આઠ ખાતાના વડાઓ કામ કરે છે. તેમાં પ્રોડકશન ડિપાર્ટમેન્ટના વડા સંતોષ મહાજન છેલ્લા ૧૫ વર્ષથી કામગીરી બજાવે છે અને તેમને કોઈકવાર કંપનીના વડા દાસગુપ્તા સાથે પ્રોડકશન પોલીસી અને પ્રોસીજર અંગે કેટલીક વાર ઘર્ષણ પણ થાય છે. અને તેઓ કેટલીક વાર પરીમલ દાસગુપ્તાના પ્રોડકશન પ્લાનિંગ અંગેના પ્રોસીજર્સને બદલવાની વિનંતી પણ કરે છે. નીચે પરીમલ દાસગુપ્તાની તેમની નીચે પ્રોડકશન ખાતાના વડા તરીકે કામ કરતા સંતોષ મહાજનની વાર્ષિક મૂલ્યાંકનના ઈન્ટરવ્યુની વિગતો રજૂ કરી છે.

પરીમલ દાસગુપ્તા : આવો, પધારો, તમે જાણો છો કે આજે આપણે તમારા વાર્ષિક પરફોમન્સ એપ્રેઈઝલ માટે ભેગા થયા છીએ. તમે કંપનીમાં ૧૫ વર્ષથી કામ કરો છો પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી કંપનીમાં તમારી કામગીરી કંપનીના જે માપદંડો છે તેનાથી નીચી છે.

સંતોષ મહાજન : હાજી તમને એમ લાગે છે પણ...

પરીમલ દાસગુપ્તા : ડોન્ટ બી ડીફેન્સીવ. તમે જાણે કે કંપનીનો સમગ્ર ભાર ઉપાડીને ફરો છો તેમ મને લાગે છે.

સંતોષ મહાજન : જી, આ બાબતમાં મારે એ કહેવું છે કે...

પરીમલ દાસગુપ્તા : તમારી સમકક્ષ મેનેજરોનું માનવું છે કે તમારૂ કામમાં કમીટમેન્ટ ઘટતું જાય છે. તમને તમારા કામમાં પહેલા જેવો રસ પડતો નથી.

સંતોષ મહાજન : કમીટમેન્ટની બાબતમાં એવું છે ને કે...

પરીમલ દાસગુપ્તા : કામમાં કમીટમેન્ટ ઘટતું જાય તે બાબત કંપની માટે સારી નથી.

સંતોષ મહાજન : હું આપને આ બાબતમાં એ કહેવા માગું છું કે...

પરીમલ દાસગુપ્તા : તમારી ગયા વર્ષની કામગીરી વિષે આપણે ચર્ચા કરવાની જરૂર છે.

સંતોષ મહાજન : હા જરૂર છે. ગયા વર્ષની મારી કામગીરી દરમિયાન ઉત્પાદન દસ ટકા.....

પરીમલ દાસગુપ્તા : આ પહેલા તમે મને જણાવ્યું હતું કે ભૂતકાળમાં કંપનીએ તમારી સામે અન્યાય કર્યો હતો. પરંતુ ભૂતકાળની બાબતને યાદ કરવાથી અત્યારની પરિસ્થિતિમાં કોઈ ફેર પડવાનો નથી. કારણ કે આ વાત ઘણા વર્ષો પહેલા બની હતી. હવે આપણે તેની ચર્ચા કરીશું તો કાંઈ નીપજવાનું નથી. કંપની માટે ભૂતકાળ નહીં પરંતુ વર્તમાનકાળ અગત્યનો છે. પહેલાના સંજોગો હવે બદલાઈ ગયા છે. હવે આપણે ટેક્ષ્ટાઈલ્સના યંત્રોનું ઘણું સારૂ મેઈન્ટેનન્સ કરીએ છીએ.

**સાંભળવું તે એક કળા છે. અપ્રેઝલની ચર્ચા કરવી હોય ત્યારે મેનેજરે કર્મચારીઓની વાત ધ્યાનથી સાંભળીને સૂચનો આપવા જોઈએ**

સંતોષ મહાજન : હા જી, ભૂતકાળની વાતને હજી હું ભૂલી શક્યો નથી. અને વર્તમાનકાળ...

પરીમલ દાસગુપ્તા : આપણા માર્કેટીંગ મેનેજર આપણો માલ

અનુસંધાન પાનાનં ૦૬ પર



**ટ્રાવેલ**

**નીલ પાટીલ**
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ફ્યોર્ડ, જે ખરેખર ફ્યોર્ડ નથી!

જરા મનમાં યુરોપનો નકશો ખોલો. સ્પેન અને ફ્રાન્સથી પૂર્વ તરફ આગળ વધો, ઇટાલી વટાવો, અને પહોંચો એડ્રિયાટિક સમુદ્ર સુધી, ઇટાલી અને સામેના કિનારા વચ્ચે ફેલાયેલી પાણીની એ લાંબી, સાંકડી પટ્ટી સુધી. એ પૂર્વી કિનારા પર અને એની પાછળ જે પ્રદેશ આવેલો છે, એને આપણે ભારતીય પ્રવાસીઓ સામાન્ય રીતે ઈસ્ટર્ન યુરોપ કહી દઈએ છીએ. ભૂગોળના જાણકારો એને વધુ ચોક્કસ નામ આપે છે, બાલ્કન્સ અથવા દક્ષિણ-પૂર્વ યુરોપ. રોમન, વેનેશિયન, ઓટોમન અને ઑસ્ટ્રિયન શાસને આ પ્રદેશને ઘડ્યો, અને ૧૯૯૦ના દાયકામાં યુગોસ્લાવિયાના વિભાજને એને ફરી નવો આકાર આપ્યો.

હવે આ નકશા પર ત્રણ દેશ ગોઠવીએ. સૌથી સહેલાઈથી નજરે ચડે છે ક્રોએશિયા, જે અર્ધચંદ્રાકારે આ પ્રદેશ પર વળીને એડ્રિયાટિકના કિનારે કિનારે સેંકડો કિલોમીટર દક્ષિણ તરફ જાય છે અને કિલ્લેબંધ શહેર ડુબ્રોવનિક (ગેમ ઑફ થ્રોન્સના ચાહકો માટે કિંગ્સ લૅન્ડિંગ) પછી થોડે આગળ પૂરું થાય છે. એ કિનારાની પાછળ છે બોસ્નિયા અને હર્ઝેગોવિના, જેને દરિયો મળે છે ફક્ત નેઉમ નગરની આસપાસ, લગભગ વીસ કિલોમીટરની એક પાતળી પટ્ટીમાં. આ પટ્ટી એટલી સાંકડી છે કે ક્રોએશિયાના પોતાના દરિયાકિનારાને બે ભાગમાં વહેંચી દે છે. ડુબ્રોવનિક વટાવતાં જ આવે છે મોન્ટેનેગ્રો, આશરે છ લાખની વસ્તી ધરાવતો નાનકડો દેશ, જે છેક ૨૦૦૬માં સ્વતંત્ર થયો. એના નામનો અર્થ છે કાળો પર્વત, અને કિનારા પરથી સીધી આકાશ તરફ ઊઠતી ચૂનાના પથ્થરની પર્વતમાળાઓ જુઓ તો આ નામ એકદમ યોગ્ય લાગે. એની દક્ષિણ-પૂર્વે આલ્બેનિયા છે, પૂર્વમાં સર્બિયા અને કોસોવો, અને સમુદ્રની પેલે પારથી ઇટાલીના બારીથી આવતી ફેરીઓ મોન્ટેનેગ્રોના બાર બંદરે લાંગરે છે.

મોન્ટેનેગ્રોના આ ટૂંકા દરિયાકિનારાના ઉપરના છેડે સમુદ્ર કંઈક અણધાર્યું કરે છે. પાણી અંદરની તરફ વળે છે અને પર્વતોની વચ્ચે જાણે ગડી વાળીને પેસી જાય છે, માંડ ત્રણસો મીટર પહોળી નાળમાંથી સરકીને એક એવા અખાતમાં ફેલાય છે, જે એટલો બંધિયાર અને નાટ્યાત્મક છે કે જાણે ઘણે ઉત્તરના કોઈ દેશનો હોય એવું લાગે. આ છે બે ઑફ કોટોર, ડુબ્રોવનિકથી રસ્તા માર્ગે બે કલાક દૂર. હું હમણાં જ ત્યાંથી પાછો ફર્યો છું, અને ત્યારથી મિત્રોને એનું વર્ણન કરવાનો પ્રયત્ન કરું છું, પણ ખાસ સફળ થયો નથી. એને ઘણી વાર યુરોપનું સૌથી દક્ષિણનું ફ્યોર્ડ કહેવામાં આવે છે. ઘેરા ભૂરા પાણીમાં સીધા ઊતરતા પર્વતો, અને ખડકો જેટલી જગ્યા આપે એટલા સાંકડા કિનારા પર વસેલાં મધ્યયુગીન નગરો. એ દેખાય છે પણ બિલકુલ ફ્યોર્ડ જેવું જ. પણ એમાં એક નાનકડી ગરબડ છે, અને એ જ ગરબડ આ પ્રવાસને ખરેખર કેવી રીતે માણવો એ સમજાવે છે.

બે ઑફ કોટોર ખરેખર ફ્યોર્ડ છે જ નહીં. ફ્યોર્ડ ગ્લેશિયર, એટલે કે હિમનદીથી કોતરાય છે, અને આ વિસ્તારની આસપાસ ક્યારેય કોઈ ગ્લેશિયર આવ્યું જ નથી. આ તો રિયા છે, એક પ્રાચીન નદીની ખીણ, જે સમુદ્રની સપાટી વધતાં પાણીમાં ડૂબી ગઈ. એ જ નાટ્યાત્મક ખડકો, એ જ સાંકડી ખાડીઓ, બસ બરફનું નામોનિશાન નહીં. ભૂસ્તરશાસ્ત્રીઓ વર્ષોથી નમ્રતાપૂર્વક આ ભૂલ સુધારતા રહે છે, પણ પ્રવાસન ઉદ્યોગ એમની વાત કાને ધરતો નથી, કારણ કે યુરોપનું સૌથી દક્ષિણનું રિયા કહીને એક પણ હોલિડે પૅકેજ વેચાવાનું નહોતું! આ વાત આખા પ્રદેશ વિશે એક સાચી હકીકત કહી જાય છે: મોન્ટેનેગ્રો દૂરથી કંઈક જુદું દેખાય છે, અને નજીક જાઓ તો કંઈક સાવ જુદું જ આપે છે. અને મોટા ભાગના પ્રવાસીઓ અહીં જ થાપ ખાય છે. ક્રૂઝ શિપના ડેક પરથી કે ઉતાવળી એક દિવસની ટ્રિપમાં કોટોર, પેરાસ્ટ, સ્વેતી સ્ટેફન અને હર્ત્સેગ નોવી, આ ચારેય એક જ લાંબા પોસ્ટકાર્ડમાં ભળી જાય છે. પથ્થરની દીવાલો, લાલ છાપરાં, ફીરોજી પાણી, અને ફરી એ જ. તો ચાલો, આજે તમને એક ભૌગોલિક રોલર કોસ્ટરની સફરે લઈ જાઉં, અને સમજાવું કે આ જગ્યાઓને એકબીજાથી કેવી રીતે અલગ ઓળખવી, અને દરેકને એની આગવી ઓળખ સાથે કેવી રીતે માણવી.

કોટોર એટલે કિલ્લો. બાયઝેન્ટાઇન, વેનેશિયન અને ઓટોમન સદીઓ દરમિયાન એક પછી એક ઘેરાનો સામનો કરવા બંધાયેલું, દીવાલોથી રક્ષાયેલું શહેર. એનું ઓલ્ડ ટાઉન વીસ મિનિટમાં પગપાળા ફરી વળાય, પણ સાચું કોટોર દીવાલોની અંદર નથી. એ દીવાલોની ઉપર છે. આ દીવાલો પર્વતના ઢોળાવ પર વાંકીચૂકી ચડતી ચાર કિલોમીટરથી વધુ લંબાય છે,



અને આશરે બસો ઍંશી મીટરની ઊંચાઈએ સેન્ટ જોનના કિલ્લા સુધી પહોંચે છે. ગરમીમાં હજારથી વધુ પગથિયાંનું આ ચઢાણ ખરેખર કસોટી કરે, પણ કોટોર બરાબર આ જ જગ્યાએ કેમ વસ્યું છે એ ત્યાં ઉપર ચડીને જ સમજાય. ટોચ પરથી આખો અખાત તમારી નજર સામે ખૂલી જાય છે: સાંકડી વેરિગે સામુદ્રધુની, બહારનો અને અંદરનો અખાત, અને દૂર દેખાતું પેરાસ્ટ. પાણી પરથી જોતાં કોટોર સુંદર લાગે છે. પણ દીવાલોની ઉપરથી જોયેલું કોટોર, એ જ ખરી વાત છે. ચઢાણ ભારે લાગે તો નવી કેબલ કાર અગિયાર મિનિટમાં તમને લોવચેન પર્વત પર લઈ જાય છે, જે આખા અખાત પર નજર રાખતો ઊભો છે. એ જ નજારો, અને એક પણ પગથિયું નહીં. ગમે તે રીતે જાઓ, કોટોરને ફક્ત ફરવાનું શહેર નહીં, ઉપરથી નિહાળવાનું શહેર માનજો.

**...તો ચાર જુદી જુદી કથાઓ લઈને પાછા ફરશો: એક કિલ્લો, એક શ્રદ્ધા, એક નવો અવતાર અને એક બગીચો...**

કોટોરના ઓલ્ડ ટાઉનથી હોડીમાં પંદર મિનિટ દૂર આવેલા પેરાસ્ટનો મિજાજ સાવ જુદો છે. કોટોર જો સુરક્ષા છે, તો પેરાસ્ટ શ્રદ્ધા છે. શ્રીમંત દરિયાઈ કૅપ્ટનોએ એક જ વોટરફ્રન્ટ સ્ટ્રીટ પર બંધાવેલા બરોક શૈલીના મહેલોનું આ નગર, જેણે એડ્રિયાટિકની સૌથી હૃદયસ્પર્શી કથાઓમાંની એક આપણને આપી છે. કહેવાય છે કે ૧૪૫૨માં પેરાસ્ટના બે માછીમારોને કિનારા નજીકના એક ખડક પર વર્જિન મેરીની એક પ્રતિમા મળી. ત્યાર પછી, દરિયાઈ સફરેથી સહીસલામત પાછો ફરતો દરેક ખલાસી એ ખડક પર એક પથ્થર નાખવા લાગ્યો, અને જૂનાં જહાજોને જાણીજોઈને ત્યાં ડુબાડવામાં આવ્યાં. પથ્થરે પથ્થરે, સફરે સફરે, એ ખડક એક ટાપુ બની ગયો. આજે ત્યાં અવર લેડી ઑફ ધ રૉક્સ નામનું ચર્ચ છે, જેની દીવાલો પર ચાંદીની અસંખ્ય તકતીઓ જડેલી છે, જે પેઢીઓથી ખલાસીઓએ પોતાને ઘરે સલામત પાછા લાવવા બદલ મેડોનાનો આભાર માનવા અર્પણ કરી છે. દર વર્ષે બાવીસમી જુલાઈએ ફાસિનાડા ઉત્સવમાં આખું નગર હોડીઓ લઈને ત્યાં જાય છે અને લગભગ છસો વર્ષથી બંધાઈ રહેલા આ સ્મારકમાં વધુ એક પથ્થર ઉમેરે છે. તો પાંચ મિનિટની હોડીમાં સામે પાર જજો, સંપૂર્ણપણે કૃતજ્ઞતાથી ચણાયેલા એ ચર્ચમાં ઊભા રહેજો, અને અનુભવજો કે તમે એડ્રિયાટિક કિનારાનું સૌથી ધીમું અને સૌથી ધીરજવાળું બાંધકામ જોઈ રહ્યા છો.

સ્વેતી સ્ટેફન એટલે નવો અવતાર. એ અખાતની બહાર, બુડવા પાસેના ખુલ્લા દરિયાકિનારે, કોટોરથી કલાકના ડ્રાઇવિંગ જેટલે દૂર છે. અહીં જતાં પહેલાં એટલું જાણી લેજો કે આ ટાપુ હવે ફક્ત એની દીવાલોની અંદરના રિસોર્ટના મહેમાનો માટે જ ખુલ્લો છે. ૧૪૪૨માં એની શરૂઆત એક કિલ્લેબંધ માછીમાર ગામ તરીકે થઈ હતી, જ્યાં બાર પરિવારો ઓટોમન હુમલાઓથી બચવા પથ્થરની દીવાલો પાછળ આશરો લેતા, અને પાંચ સદી સુધી એ આમ જ રહ્યું. ૧૯૫૦ના દાયકામાં યુગોસ્લાવ સરકારે ત્યાંના રહેવાસીઓને ખસેડીને આખા ટાપુને હોટેલમાં ફેરવી નાખ્યો; બહારથી જૂના પથ્થરનાં ઘર એમ ને એમ રહ્યાં, પણ અંદરથી એ લક્ઝરી સ્યુટ્સ બની ગયાં. ૧૯૬૦માં ફરી ખૂલ્યા પછી એ દુનિયાના સૌથી જાણીતા રિસોર્ટ્સમાંનો એક બની ગયો. સોફિયા લોરેન, એલિઝાબેથ ટેલર અને પ્રિન્સેસ માર્ગારેટ જેવાં નામો અહીં આવ્યાં, પણ યુગોસ્લાવિયાના વિભાજન પછી એની ચમક ઝાંખી પડી. પછી અમાન ગ્રૂપે એને ફરી સજાવ્યો, અને ૨૦૧૪માં વિમ્બલ્ડન જીત્યાના થોડા જ દિવસો પછી નોવાક જોકોવિચે અહીં લગ્ન કર્યાં. એટલે સ્વેતી સ્ટેફનને દૂરથી જ માણજો, ઉપરની ટેકરી પરના વ્યૂપોઇન્ટ પરથી કે સામેના ગુલાબી રેતીવાળા બીચ પરથી. એ હવે ગામ નથી, ગામની યાદ છે, અને એના ફોટા પણ એ જ રીતે સૌથી સુંદર આવે છે: પોતાની જ દીવાલોની બહારથી જોયેલી, એક વિચિત્ર છતાં અતિ સુંદર રચના.

હર્ત્સેગ નોવી એટલે બગીચો. એ અખાતના મુખ પર વસેલું છે. મોટા ભાગના પ્રવાસીઓ એને છોડી દે છે, અને એ ભૂલ છે, કારણ કે ચારેયમાં રહેવા માટે સૌથી સુંદર નગર આ જ છે. સ્થાનિક લોકો એને સૂર્યનું શહેર કહે છે, અને એનું ઓલ્ડ ટાઉન ટેકરી પર એટલી બધી સીડીઓની ગૂંચ સાથે ચડે છે કે એને સીડીઓનું શહેર પણ કહેવાય છે. દરિયા પાસેનાં ખજૂરીનાં ઝુંડથી લઈને ઉપરનાં આલ્પાઇન જંગલો સુધી, અહીં જુદાં જુદાં અનેક વાતાવરણ એકસાથે મળે છે, એટલે અહીંના બગીચાઓમાં એવા છોડ સાથે ઊગે છે, જેમને એક જ નગરમાં હોવાનો કોઈ હક જ નથી!

તો આ લેખની ખરી વાત આટલી જ છે: આ કિનારાનું દરેક નગર જુદા કારણસર વસ્યું છે. કોટોરને ચઢાણ આપો, વહેલી સવારે, ગરમી અને ક્રૂઝની ભીડ સાથે આવી પહોંચે એ પહેલાં. પેરાસ્ટને હોડીની સફર આપો, અને તારીખો અનુકૂળ હોય તો જુલાઈનો ઉત્સવ પણ. સ્વેતી સ્ટેફનની અંદર જવાનો પ્રયત્ન કરવાને બદલે એને નિહાળો. અને હર્ત્સેગ નોવી માટે એક નિરાંતની બપોર રાખો, સીડીઓથી થાકી ન જાઓ ત્યાં સુધી ઉપર તરફ લટાર મારતા રહો. ચારેયને એક જ ઉતાવળિયા દિવસમાં પતાવશો, તો ઘરે પથ્થરની દીવાલો અને ફીરોજી પાણીના એવા ફોટા લઈને પાછા આવશો, જે એડ્રિયાટિકના કોઈ પણ કિનારાના હોઈ શકે. પણ દરેક નગરને એ જેને લાયક છે એટલું ધ્યાન આપશો, તો ચાર જુદી જુદી કથાઓ લઈને પાછા ફરશો: એક કિલ્લો, એક શ્રદ્ધા, એક નવો અવતાર અને એક બગીચો. અને આ બધું એ જ અદ્ભુત રિયાથી માંડ એક કલાકના અંતરે, જેને દુનિયા જીદપૂર્વક ફ્યોર્ડ જ કહે છે. આ હતી મારી મોન્ટેનેગ્રોની સફર, મળીએ આવતા અઠવાડિયે..

Fly Anywhere.
Book your flights on veenaworld.com
Book Now

## આઈલેન્ડ ગેટઅવેઝ બાય વીણા વર્લ્ડ કસ્ટમાઈઝ્ડ હોલિડેઝ

ના ઑફિસના ઈમેલ, ના રોજનું ટેન્શન... બસ દરિયાની લહેરો, પામ ટ્રીની છાંયડી અને હાથમાં ઠંડું નાળિયેર પાણી. ઘરથી થોડા જ કલાકની ફ્લાઇટ, પણ અહેસાસ જાણે સાવ બીજી જ દુનિયાનો! ફૂકેતથી ફુ ક્વોક, આંદામાનથી મોરેશિયસ સુધી, તમારા મનગમતા આઇલેન્ડ પર તમારી મરજી મુજબનું હોલિડે. તમારી ડેટ્સ, તમારી કંપની, તમારી સ્પીડ. બાકીનું બધું અમે સંભાળી લઈશું.

| | | | | |
|---|---|---|---|---|
| ફૂકેટ ગેટઅવે<br>5 Days<br>₹37000 | વિયેતનામ<br>ફુ ક્વોક ગેટઅવે<br>5 Days ₹37000 | અંદમાન વિથ હેવલોક<br>6 Days<br>₹39000 | મોરિશિયસ<br>5 Days<br>₹43000 | બાલી વિથ પૂલ વિલા સ્ટે<br>6 Days<br>₹44000 |
| શ્રીલંકા ગેટઅવે<br>5 Days<br>₹44000 | માલદીવ્સ<br>4 Days<br>₹82000 | મનિલા સેબુ બોરાકે<br>7 Days<br>₹90000 | એક્સપિરિયન્સ સેશેલ્સ<br>6 Days<br>₹121000 | ડિસ્કવર મેડાગાસ્કર<br>7 Days<br>₹178000 |

Price is per person on twin sharing basis and includes accommodation, meals, sightseeing and transfers. Govt taxes extra. T&C apply.
Email: customizedholidays@veenaworld.com | veenaworld.com
Veena World: Ahmedabad: 887 997 7200 | Vadodara: 887 997 3900



# ડૉ. ગેલ ગ્રોસની ધ્યાન પદ્ધતિ દ્વારા શાંત અને સંતુલિત જીવન

■ 'In today's busy world, it is important to reduce daily stress and regain control of our mind, body and health.

આજની વ્યસ્ત દુનિયામાં દૈનિક તનાવને ઓછો કરવો અને પોતાના મન, શરીર અને સ્વાસ્થ્ય પર ફરીથી નિયંત્રણ પ્રાપ્ત કરવું બહુ જરૂરી છે.'

■ 'By shifting the nervous system from fight-or-flight to rest-and-degest, we allow maximum apportunity to use our brain's potential.'

નર્વસ સિસ્ટમને 'ફાઈટ કે ફ્લાઈટ'થી બહાર કાઢીને 'રેસ્ટ-એન્ડ-ડાઈજેસ્ટ' મોડમાંથી લાવવાથી આપણે આપણા મસ્તિષ્કની ક્ષમતાનો સૌથી વધારે ઉપયોગ કરી શકીએ છીએ.'

■ 'Tension is physical first, when you consciously squeeze and release the body you clear somatic stress before the mind overthinks.

તણાવ સૌથી પહેલાં શારીરિક હોય છે, જ્યારે તમે શરીરને કસીને ઢીલું મૂકી દો છો ત્યારે મનના અતિવિચાર કરતાં પહેલાં જ શારીરિક તણાવ દૂર થઈ જાય છે.'

■ 'This simple meditation technique helps children find peace and calm, reducing stress to help them process the day's troubles and anxieties.

આ સરળ ધ્યાન પદ્ધતિ બાળકોને શાંતિ અને રાહત આપે છે. જેનાથી તણાવ ઓછો થાય છે અને તે દિવસભરની મુસીબતોનો ઉકેલ લાવવાનું શીખે છે.

- Dr. Gail Gross (ડૉ. ગેલ ગ્રોસ)

અમેરિકાના પ્રસિદ્ધ મનોવિજ્ઞાની, ફેમિલી એન્ડ ચાઈલ્ડ

**અગોચર વિશ્વ**

**દેવેશ મહેતા**

ડેવલપમેન્ટ વિશેષજ્ઞ અને અધ્યાત્મશાસ્ત્રી ડૉ. ગેલ ગ્રોસે માનવ સંબંધો, સ્ટ્રેસ મેનેજમેન્ટ, ધ્યાન અને યોગ જેવા અનેક ક્ષેત્રે સંશોધન કર્યા છે. સાન ફ્રાન્સિસ્કોની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના ક્લિનિકલ પ્રોફેસર ઈન મેડિસિન ડૉ. ડીન ઓર્નિશ ડૉ. ગેલ ગ્રોસ વિશે કહે છે - 'ડૉ. ગેલ ગ્રોસ હૃદય અને આત્માના ક્ષેત્રે તો અસાધારણ, મહાન, પ્રતિભાશાળી વ્યક્તિ તો છે જ, એ સાથે મસ્તિષ્કના ક્ષેત્રે પણ એટલા જ ઊંડા અને પ્રતિભાશાળી સંશોધક છે. ડીન ઓર્નિશ એમને મળ્યા ત્યારે એમની પાસેથી અધ્યાત્મ અને ધ્યાન-યોગની ઘણી બાબતો જાણી હતી.

ડૉ. ગેલ ગ્રોસે તણાવ ઘટાડવાની પદ્ધતિ દર્શાવી છે. આ દસ ચાવીરૂપ ઉપાયો (Ten Keys) તણાવ ઘટાડવા ખૂબ ઉપયોગી સાબિત થયા છે.

૧. વર્તમાન ક્ષણમાં જીવવું : ભૂતકાળની ઘટનાઓ વિશે વારંવાર વિચારવાને અને ભવિષ્યની ચિંતા કરવાને બદલે અત્યારે શું થઈ રહ્યું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું.

૨. ઊંડા અને સ્વાભાવિક શ્વાસ લેવા : થોડો સમય શાંતિથી બેસીને શ્વાસની આવનજાવન પર ધ્યાન આપવું. આનાથી મનને શાંત કરવામાં મદદ મળી શકે છે.

૩. નિયમિત ધ્યાન કરવું : દરરોજ પાંચ થી દસ મિનિટ ધ્યાન માટે ફાળવવી. પોતાના મનમાં આવતા વિચારોને તેમની સાથે સંઘર્ષ કર્યા વિના નિહાળવા અને શ્વાસ પર ધ્યાન આપવું.

૪. વિચારો પ્રત્યે જાગૃત બનવું : નકારાત્મક વિચારો આવે ત્યારે તેમને તરત જ સાચા માની લેવા નહીં. વિચાર અને વાસ્તવિકતા વચ્ચેનો તફાવત સમજવાનો પ્રયત્ન કરવો.



૫. લાગણીઓનો સ્વીકાર કરવો : ગુસ્સો, દુઃખ, ભય કે ચિંતા જેવી લાગણીઓને દબાવવાને બદલે તેમને ઓળખવી અને સમજવી.

૬. પૂરતી ઊંઘ લેવી : નિયમિત સમયે સૂવું અને જાગવું. પૂરતી ઊંઘ માનસિક સ્વાસ્થ્ય અને તણાવના સંચાલન માટે મહત્વપૂર્ણ છે.

૭. નિયમિત શારીરિક પ્રવૃત્તિ કરવી : ચાલવું, યોગ કરવો અથવા હળવી કસરત કરવી. શારીરિક પ્રવૃત્તિ મૂડ સુધારવામાં અને તણાવ ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.

૮. સમયનું યોગ્ય આયોજન કરવું : એક સાથે અનેક કામ કરવાનો પ્રયત્ન કરવાને બદલે કામને પ્રાથમિકતા આપવી અને વચ્ચે આરામને માટે સમય રાખવો.

૯. હકારાત્મક સંબંધો જાળવવા : કુટુંબ, મિત્રો અથવા વિશ્વાસુ વ્યક્તિ સાથે પોતાની લાગણીઓ વહેંચવી જરૂર પડે ત્યારે મદદ માંગવી. હકારાત્મક ભાવો જીવનને હળવું બનાવે છે. જીવન પ્રવાહ નિર્બંધ વહે છે. પ્રેમ, પ્રસન્નતા, પરિતોષ ઈમ્યુનિટી (રોગ પ્રતિકારક શક્તિ)ને વધારે છે. એનાથી સ્વાસ્થ્ય સારું રહે છે. વ્યક્તિ જેટલી ખુલ્લી થાય છે, મુક્ત બને છે, સહજ જીવન જીવતી થાય છે એટલી હળવી અને સ્વસ્થ થાય છે. એ સંજોગોમાં વૈશ્વિક ચૈતન્યની ફ્રીકવન્સી એની વ્યક્તિગત ફ્રીકવન્સી સાથે સંવાદિતા સાધે છે.

૧૦. આત્મ-ઓળખ કરવી અને પોતાની સંભાળ રાખવી : આત્મ ઓળખ કરવી, સ્વયંનો પરિચય સાધવો. પોતાનો પરિચય આત્મ જાગરણ અને સ્વયં સાથે સાક્ષીભાવથી જ આવે. આ આત્મહોશ અને સાક્ષીભાવને પામવા ધ્યાન અને યોગ સહાયકારી બને છે.

ધ્યાન અને યોગ અનેક રીતે લાભકારક બને છે. તેનાથી હાઈ બ્લડ પ્રેશર ઓછું થાય છે અને રક્ત પરિભ્રમણ નિયમિત અને યોગ્ય પ્રમાણમાં થાય છે. એનાથી સ્મરણ શક્તિ અને રચનાત્મકતાની વૃદ્ધિ થાય છે. એ જ રીતે ચિંતનાત્મકતા અને અંતર્જ્ઞાન પણ સ્થિર થાય છે. તણાવ પેદા કરનાર હોર્મોન કોર્ટિસોલને સાવધાનીપૂર્વકના ધ્યાન દ્વારા પોતાના શ્વાસ પર નિયંત્રણ મેળવીને ઘટાડી શકાય છે. શરીરના ૭ ઊર્જા બિંદુઓને જોડનારી અને ચેતનાઓનો વિસ્તાર કરનારી વિશેષ સૂક્ષ્મ ધ્યાન પ્રક્રિયા કરવી. ગેલ ગ્રોસની ધ્યાન પ્રક્રિયામાં બ્રોક મ્યૂઝિક થેરેપી (Baroque Music, 60 BPM) નો ઉપયોગ કરાય છે. અભ્યાસ કે કામ દરમિયાન ૬૦ બીટ પ્રતિ મિનિટ (Largo movement) વાળા સંગીતને સાંભળવાથી હૃદયની ગતિ ધીમી થાય છે અને યાદશક્તિ વધે છે. આ ધ્યાન અને યોગ મન અને શરીરને સ્વસ્થ કરે છે તેનાથી મનોશારીરિક (Psychosomatic) રોગો દૂર થાય છે અને પૂર્ણ સ્વાસ્થ્યની સ્થિતિ સંપાદિત થાય છે. ડૉ. ગેલ ગ્રોસને અનેક એવોર્ડ્સ એનાયત કરાયા છે. સી.એન.એન. (CNN), ધ ટુડે શૉ, સી.એન.બી.સી., ધ ન્યૂયોર્ક રિપોર્ટર, ધ વોશિંગ્ટન પોસ્ટ, યુએસએ ટુડે જેવા પ્રસારણ, પ્રિન્ટ અને ઓનલાઈન મિડિયાના ક્ષેત્રોમાં ડૉ. ગેલ ગ્રોસે યોગદાન આપ્યું છે.

**આજની વ્યસ્ત દુનિયામાં દૈનિક તનાવને ઓછો કરવો અને પોતાના મન, શરીર અને સ્વાસ્થ્ય પર ફરીથી નિયંત્રણ પ્રાપ્ત કરવું બહુ જરૂરી છે.'**

# પાપ પ્રારબ્ધથી નહીં, પણ આસક્તિથી થાય છે!

**જાણ્યું છતાં અજાણ્યું**

**મુનીન્દ્ર**

પુણ્યની વાતો ઘણી સાંભળી, પુણ્યકાર્યના લાભો પણ જાણ્યા, પુણ્યશાળીના ગુણગાન પણ સાંભળ્યા, પણ ખરેખર જરૂરી તો પાપ વિશે વિવેકપૂર્ણ વિચારણા કરવાની છે. જો માનવી પાપને બરાબર જાણે, તો આપોઆપ એના જીવનમાં પુણ્યનો ઉદય થશે. પાપ સર્જનારા કામ, ક્રોધ, મોહ, લોભ કે અહંકાર સામે એ પહેલેથી જ સાવચેત બને છે અને એને પોતાના ચિત્ત પર સવાર થવા દેશે નહીં, તો એવી વ્યક્તિને પાપનો કોઈ વિચાર આવતો નથી.

પહેલાં દ્રષ્ટિ, પછી વિચાર અને અંતે આચરણ - એ પાપની પ્રક્રિયા છે. અર્થાત્ પહેલાં માનવીના મનમાં કામ જાગે, પછી એ કામવાસના એના ચિત્ત પર પ્રભુત્વ મેળવી લે છે અને ત્યારબાદ એ કામાતુર બનીને કોઈ પાપાચરણ કરે. આપણા મહાકાવ્ય 'મહાભારત'માં મહારાજ પાંડુ એ આ પ્રક્રિયાનું તાદ્દશ દ્રષ્ટાંત છે. નિયમિત સાધના કરતા અને સંયમજીવન ગાળતા મહારાજ પાંડુની દ્રષ્ટિ સદ્યસ્નાતા એટલે કે તાજેતરમાં જ સ્નાન કરીને આવેલી રાણી માદ્રી પર જાય છે. એની ચંચળ ચાલ, એના સમગ્ર અંગનું ડોલન અને પુષ્ટ અંગો પાંડુની દ્રષ્ટિમાં વસી ગયા. ચંચળ માદ્રી અતિ ઉત્સાહથી શૃંગાર સર્જતી મદ્રદેશનું મિલન ગીત ગાતી હતી અને એ ગીતમાં પિયામિલન માટે આતુર પ્રિયતમાનાં મનોભાવોને વર્ણવવામાં આવ્યા હતા.

આ રીતે પહેલાં દ્રષ્ટિ અને પછી વિચાર મહારાજ પાંડુ પર પ્રભાવ પાડે છે અને માદ્રીના ખભાને સ્પર્શ કરવા જતા સફાળે ઉછળી પડેલી માદ્રીનું ઉત્તરીય અસ્ત-વ્યસ્ત થઈ જાય છે. એ પોતાનાં અંગો ઢાંકવાનો પ્રયત્ન કરે છે, ત્યારે પાંડુનાં દેહમાં કામજુવાળ ધસી આવે છે અને પછી એના આચરણની ઘટના તો આપણે જાણીએ છીએ. આ કામાવેગ પાંડુને માટે મૃત્યુનું નિમંત્રણ હતું, તેમ છતાં માદ્રીનો હસ્ત ગ્રહીને એને એકાંતમાં લઈ જાય છે અને એને આલિંગન આપે છે.

માદ્રી એમને અટકાવવા પ્રયત્ન કરે છે, પરંતુ પાંડુના કર્ણ અને મન બધિર બધિર ગયા હોય છે અને પરિણામે કામાગ્નિથી ઘેરાઈ ગયેલા પાંડુનાં કાન કે ચિત્ત એની કોઈ વાત સાંભળવા તૈયાર નથી. માદ્રી મહારાજ પાંડુને મૃગ રૂપે રહેલા ઋષિપુત્રના શાપનું સ્મરણ કરાવે છે, છતાં મહારાજ પાંડુ અટકતા નથી. કામનો આવેગ મૃત્યુ જેવી ભયાવહ પરિસ્થિતિને પણ બાજુએ અડસેલી શકે છે એનું આ ઉદાહરણ છે અને મહારાજ પાંડુ અતિ આવેગપૂર્વક ક્રિયા કરે છે અને થોડી જ ક્ષણોમાં એમનો દેહ ઋષિના શાપને પરિણામે નિશ્ચેષ્ટ બની ભૂમિ પર ઢળી પડે છે.

આમ પાંડુની દ્રષ્ટિમાં પહેલાં સદ્યસ્નાતા માદ્રીના રૂપે કામણ કર્યું. એ પછી એનો વિચાર એમને માદ્રી તરફ લઈ ગયો અને અંતે નિશ્ચિત મૃત્યુ હોવા છતાં એ માદ્રી સાથે સંભોગક્રિયા કરે છે. આ ઘટના પાપની પ્રત્યેક પળોને સ્પષ્ટ કરે છે અને એ દર્શાવે છે કે માનવી એની આસક્તિને કારણે પાપ કરતો હોય છે.

સામાન્ય રીતે પોતાના પાપાચરણને કોઈ પૂર્વજન્મના ફળ તરીકે છુપાવવા કોશિશ કરે છે, તો કોઈ પોતાના પ્રારબ્ધનો વાંક કાઢે છે, પણ હકીકત એ છે કે પાપ વ્યક્તિના પ્રારબ્ધથી નથી થતું બલ્કે આસક્તિથી થાય છે. મેનકાનાં નૃત્ય આગળ ઋષિ વિશ્વામિત્ર તપમાંથી ચલિત થઈ જાય છે અને એ રીતે એમના મન ઉપર મેનકાનું રૂપ છવાઈ જાય છે અને પરિણામે એ મહાન ઋષિ તપભંગ કરી બેસે છે.



ડૉક્ટર જેકીલ અને મિસ્ટર હાઇડ

આપણા ગ્રંથોમાં પાપમાંથી પુણ્ય તરફ જનારી ઘણી ઘટનાઓ મળે છે. જૈન ધર્મમાં મોદી-પત્નીની કથા મળે છે. નગરનો રાજા મોદી-પત્નીના અપાર સૌંદર્ય પર મુગ્ધ બને છે અને એનો પતિ જ્યારે વિદેશ ગયો હોય છે, ત્યારે રાજા સામે ચાલીને એને કહેવડાવે છે કે, 'હું તમારે ત્યાં ભોજન માટે આવવાનો છું.' એ પછીની અત્યંત રસપ્રદ ઘટના જરા જોઈએ.

મોદી-પત્ની રાજાની મનની ઈચ્છાને પારખી ગઈ હતી. રાજાની માગણીનો ઈન્કાર એ આતિથ્યનો ઈન્કાર નહોતો, બલ્કે મહાઆપત્તિને નોંતરું હતું. આથી રાજાની ઈચ્છાનો સવિનય સ્વીકાર કર્યો. ભોજન માટે પધારેલા રાજાનો યોગ્ય આદર-સત્કાર કર્યો. એ પછી મોદી-પત્ની ભોજનથાળ લાવી. આ ભોજનથાળમાં જુદા-જુદા રંગના અને આકારના પ્યાલામાં દૂધપાક પીરસ્યો હતો. રાજાએ વિચાર્યું કે દરેક પ્યાલામાં દૂધપાક હશે, પરંતુ એનો સ્વાદ ભિન્ન હોવો જોઈએ. આથી રાજા એક પછી એક પ્યાલામાંથી દૂધપાક ચાખવા લાગ્યો. એને અત્યંત આશ્ચર્ય થયું. બધા જ પ્યાલામાં એક જ પ્રકારના સ્વાદવાળો દૂધપાક હતો.

રાજાએ મોદી-પત્નીને કહ્યું, ''અરે! એક જ પ્રકારનો દૂધપાક જુદા જુદા પ્યાલામાં આપવાનું કારણ શું?'' મોદી-પત્નીએ ઉત્તર આપ્યો ''હે પ્રજાપાલક રાજા! રાજ્યની પ્રજા એ આપની સંતાન છે. આપ મારા પિતા સમાન છો. તેથી વિશેષ તો શું કહું? માત્ર એટલું કે જુદાજુદા પ્યાલા હોય, પરંતુ એમાં દૂધપાક તો એક જ હોય છે એમ ભિન્ન ભિન્ન સ્ત્રીઓ હોય તોપણ અંતે એ તમામ સ્ત્રીઓ જ છે!''

રાજા મોદી-પત્નીની વાત સાંભળી રહ્યો. મોદી-પત્નીએ કહ્યું, ''માત્ર જેનું ચિત્ત વાનર જેવું ચંચળ હોય એ જ એક ડાળ પરથી બીજી ડાળ પર કૂદકો લગાવે, સ્વસ્ત્રીને છોડીને પરસ્ત્રીનો વિચાર કરે. બાકી તો હે રાજન, જે સ્ત્રીના શરીર પર આપ મુગ્ધ બન્યા છો એ સ્ત્રીનું શરીર પણ લોહી, માંસ અને અશુચિથી ભરપૂર છે, તે તમે જાણો છો.''

રાજાને વિચારમાં ડૂબેલો જોઈને મોદી-પત્નીએ વળી સવાલ કર્યો, ''હે પુરુષશ્રેષ્ઠ! સ્ત્રીની કૂખમાંથી જ પુરુષનો જન્મ થાય છે, આથી પરસ્ત્રી એને માટે માતા સમાન હોવી જોઈએ. પ્રત્યેક પુત્ર પ્રાણનું બલિદાન આપીને પણ પોતાની જનનીની રક્ષા કરે છે. નારીરક્ષણ એ જ પુરુષનો સાચો પુરુષાર્થ છે. જ્યારે નારીને પજવનારા કે રંજાડનારા માનવીનું પરમાત્માના ચરણમાં કોઈ સ્થાન નથી.''

મોદી-પત્નીની માર્મિક વાતોએ રાજાના હૃદયમાં શુભ ભાવો જગાડ્યા. એણે કહ્યું, ''હે રાજન! આપ રાજા છો માટે મારા પિતા સમાન છો. પરસ્ત્રી માતા હોય તે દ્રષ્ટિએ આપ પુત્ર સમાન છો. આથી મારા સતીત્વની રક્ષા કરો. નરકગતિ છોડીને મોક્ષમાર્ગ અપનાવો.''

રાજાના વિકારી ચિત્તમાંથી મોદી-પત્નીનાં વચનોએ વાસના ગાળી નાખી. રાજાએ મોદી-પત્નીની પોતાના મલિન વિચારો માટે ક્ષમાયાચના કરી. શીલવતી મોદી-પત્નીની તેજસ્વિતા જોઈને રાજા પ્રસન્ન થયો.

આ રીતે આસક્તિ એ પાપનું કારણ છે, પછી એ આસક્તિ કોઈ પણ પ્રકારની હોય. વળી પાપ છુપાવવાથી એ વૃદ્ધિ પામતું હોય છે અને એ સંદર્ભમાં મહર્ષિ વાલ્મિકીએ રામાયણના અયોધ્યાકાંડમાં કહ્યું છે,

कायेन कुरुते पापं मनसा
संप्रधार्य तत् ।
अनृतं जिहवया चाह त्रिविधं
कर्म पातकम् ॥

'અસત્યરૂપ પાપ પહેલાં માનવીના મનમાં વિચરણ કરે છે, પછી એ શરીર દ્વારા કરે છે અને ત્યારે જીભને પણ કહે છે. આથી માનસિક, વાચિક અને કાયિક એમ ત્રણ પ્રકારનાં પાપ હોય છે.'

પાપનું ફળ એ માત્ર દુઃખ હોતું નથી, બલ્કે એનાથી વધુ મોટું પાપ હોય છે. આથી સાધક જાણી શકશે નહીં એમ માનતો નથી. બલ્કે પાપની તુચ્છતાને ઓળખતો હોવાથી એ પાપાચરણ કરતા અટકી જતો હોય છે. આથી અમેરિકાના કવિ લોંગ ફેલોએ કહ્યું છે, 'પાપમાં પડવું તે માનવ- સ્વભાવ, તેમાં ડૂબેલા રહેવું તે શેતાનનો સ્વભાવ, એનાથી દુઃખી થવું તે સંત-સ્વભાવ અને બધાં જ પાપોથી મુક્ત થવું એ ઈશ્વર-સ્વભાવ.'

કોઈ જોનારું નથી કે પકડી પાડનારું નથી, ત્યારે પણ માણસ પાપાચરણથી મુક્ત રહે તો તે ખરો પ્રમાણિક માણસ કહેવાય અને આથી જ મુમુક્ષુ તો સતત એમ માનતો હોય છે કે, 'ઈશ્વર મને જુએ છે' અને એ જ ભાવ સાથે એ પાપમુક્ત જીવન વિતાવતો હોય છે.

સ્કોટિશ લેખક રોબર્ટ લુઈસ સ્ટીવન્સનની વિખ્યાત નવલકથા 'ડૉ. જેકીલ એન્ડ મિસ્ટર હાઈડ' અહીં યાદ આવે છે. જેમાં જેકીલ પરોપકારી છે અને હાઈડ અનાચારી છે, પરંતુ એક જ વ્યક્તિમાં આ બંને બાબત છે અને એથી દર્શાવે છે કે માનવીમાં દૈવી અને દાનવી એમ બંને અંશો હોય છે.

આથી સાચો સાધક પાપ કૃત્યને અગ્નિ સ્પર્શ જેવો માનતો હોય છે. એ માનતો હોય છે કે પાપ કરવાથી જીવનમાં અવારનવાર દાઝવાનું તો રહેશે જ. એનું કારણ એ છે કે ગમે તેવો માનવી હોય, પણ એ પોતાના પાપની સ્મૃતિ ચિત્તમાંથી ભૂંસી શકતો નથી. બીજા અર્થમાં કહીએ તો પાપ કરતાં ય ઘણી વાર તો એની સ્મૃતિ વ્યક્તિને અધિક પીડાદાયક બનતી હોય છે.

વર્તમાન સમયે જીવનમાંથી પાપવૃત્તિને અળગી રાખવાનો સૌથી મોટો ઉપાય આપણા ચિત્તનો અભિગમ છે. જો આપણું ચિત્ત જ સતત પુણ્ય પ્રવૃત્તિઓમાં અથવા શુભકાર્યોમાં ગૂંથાયેલું હશે અને એનું મહત્ત્વ સમજતું હશે તો અશુભ વિચાર પ્રગટવાની કોઈ તક નહીં રહે. પાપનું પ્રાગટ્ય એ માનવીની દ્રષ્ટિમાંથી થતું હોય છે.

ક્યારેક માનવી ભયને કારણે પાપ કરી શકતો નથી, ક્યારેક નિંદા થશે એવી ભીતિને કારણે પાપથી દૂર રહે છે, ક્યારેક લજ્જાના ભાવને કારણે પાપથી દૂર રહે છે, પરંતુ ડર, લજ્જા કે ભયને કારણે પાપથી દૂર રહેનાર ક્યારેક પાપના સકંજામાં આવી જાય છે, પરંતુ પાપ વિશેની સાચી દ્રષ્ટિ ધરાવનાર એ પાપને વશ થતો નથી અને એને પરિણામે દૂષિત પ્રવૃત્તિઓથી ઉગરી જાય છે.

પાપનિવારણ માટે અધ્યાત્મજગતમાં કોઈ શોર્ટકટ નથી, કોઈ ટૂંકો માર્ગ નથી, એમાંથી તમારે જાતે જ તમારી મુક્તિ શોધવાની છે. જેમ જેમ એ મુક્તિની શોધ માટે જાગ્રત રહેશો, તેમ તેમ પાપદ્રષ્ટિ, પાપવિચાર અને પાપાચરણથી દૂર રહેશો. આને માટે જરૂરી છે જીવનમાં સદાકાળ પ્રકાશ આપતું પુણ્યનું પ્રભાત ઊગે તે.

**ક્યારેક માનવી ભયને કારણે પાપ કરી શકતો નથી, ક્યારેક નિંદા થશે એવી ભીતિને કારણે પાપથી દૂર રહે છે, ક્યારેક લજ્જાના ભાવને કારણે પાપથી દૂર રહે છે**

# માતંગીનું અભયદાન : સ્વ, સૂર, સમસ્ત, સર્વસ્વ અને સૌ!

**સનાતન તંત્ર**

**બ્રહ્મચારી પરખ ઓમ**

મા માતંગીના વિવિધ અંગો વિશે શરૂ કરેલી આ લેખમાળાના પાછલા અંકોમાં ખડ્ગ, કપાલ અને વીણાની સમજૂતી પ્રાપ્ત કરી. ખડ્ગ વડે મનુષ્યની નકારાત્મકતાનો વધ કર્યા પછી દેવી પોતાના સંતાનના કપાલ (અર્થાત્ મન)માં કૃપારૂપી સકારાત્મકતા ઉમેરી દે છે, જેના લીધે વૃત્તિ અને વિકારહીન મનમાં જીવનના સુમધુર સૂર ઉમેરવાનું કાર્ય વીણા કરે છે. સાધક પરાવિદ્યા અર્જિત કરી શકે એ માટે દેવી આશીર્વાદ વરસાવે છે.

વાંસળીમાં પોલાણ હોય, તો જ તેમાંથી અલગ અલગ ધૂન નીકળી શકે, એવી જ રીતે મન જ્યારે સ્વયં એક સંગીતવાદ્ય બની ચૂક્યું હોય, ત્યારે સાક્ષાત્ ઈશ્વર પણ એને ધારણ કરવા માટે ઉત્સુક હોય છે. માણસનું મન એક વખત વીણામાંથી પ્રસ્ફુરિત થતાં સંગીત સમાન નિર્મળ થઈ ગયું હોય, તો તે આપોઆપ જ અભય બની જાય છે.

દેવીનો ચોથો હાથ અભય મુદ્રામાં છે, જેનો શાબ્દિક અર્થ એવો થાય કે પોતાના સંતાનને દેવી અભય હોવાનું અર્થાત્ ડર વિનાનું જીવન જીવવાનું વરદાન આપે છે. દેવીના આ ચોથા કરકમળનો ગૂઢાર્થ એ છે કે મનુષ્ય જ્યારે પૂર્ણપણે સત્યના માર્ગ પર ચાલી રહ્યો હોય, કમળ સમાન કોમળ અને કરૂણાસભર હૃદયનો બની જાય, ત્યારે તેને પોતાના જીવનમાં કશાયથી ભય નથી રહેતો. ઘોર સત્યનો માર્ગ કઠિન છે, કદાચ દુષ્કર પણ! જે વ્યક્તિ એ પથ પર ચાલવાનું સાહસ કરે છે, એને સંસાર પજવી શકતું નથી. સત્ય જ તેને સિદ્ધિ સુધી લઈ જાય છે.

અભયદાન પ્રાપ્ત કરી લીધા પછી એ મનુષ્ય હવે સામાન્ય મનુષ્ય નથી રહેતો. પંચમહાભૂતમાંથી બનેલા શરીરનો હોવા છતાં એ સાધક હવે ઉચ્ચકોટિ પ્રાપ્ત કરી ચૂક્યો હોય છે. એ ન માત્ર સ્વકલ્યાણ કરી શકવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ સાથોસાથ સમસ્ત સમાજ માટે ઉદાહરણરૂપ બની જાય છે અને લોકકલ્યાણ કરવાનું સામર્થ્ય પણ ધરાવવા માંડે છે. તેનું સત્ય સહસ્ત્ર સૂર્યની માફક દૂર દૂર સુધી ઝગારા મારે છે. અજ્ઞાનતાના અંધકાર વચ્ચે તેના મુખમાંથી પ્રસ્ફુરિત થતું વાક્ય દીવાનું કામ કરે છે અને જ્ઞાનના પ્રકાશમાં વધારો કરે છે.



મા માતંગીના આ સ્વરૂપને સિદ્ધ કર્યા પછી મનુષ્ય સ્વયં કળાનો ભંડાર બની જાય છે. દેવી મા માતંગી કળાની દેવી છે, વાક્સિદ્ધિ પ્રદાયક છે, જ્ઞાનવર્ધક અને સંપત્તિદાયક છે. તેમનો વર્ણ લીલા રંગનો છે. પ્રકૃતિનો રંગ લીલો છે. જેવી રીતે આખી ધરતી પર પ્રકૃતિનું રાજ છે, હરિયાળીનું સામ્રાજ્ય છે, એવી જ રીતે મા માતંગીનો ઉપાસક પણ પોતાના ક્ષેત્ર પર પ્રભુત્વ સ્થાપિત કરી દે છે. તેને ગમતા ક્ષેત્રનો તે અધિષ્ઠાતા બની જાય છે, જે પોતાના નિયમો સ્વયં બનાવવામાં વિશ્વાસ ધરાવે છે.

જેવી રીતે પ્રકૃતિને લીધે અબજો લોકોનું જીવન ધબકી રહ્યું છે, એવી જ રીતે આ અવસ્થા સુધી પહોંચી ગયેલો એક ઉત્કૃષ્ટ સાધક પોતાની નિશ્રામાં અનેકાનેક જીવોને છાંયડો આપવાલાયક બની જાય છે.

પ્રકૃતિની માફક સ્વયં સાક્ષીભાવમાં તે જીવતા શીખી જાય છે. સાક્ષીભાવ એ અદ્વૈતવાદનું મૂળ છે. તેના વગર 'મારા' અને 'ઈશ્વર' વચ્ચેની ભેદરેખા ખતમ નથી થતી. પ્રકૃતિ પરમસત્ય છે, અદ્વૈતી છે, મૂકભાવે બધુ નિહાળ્યા રાખે છે અને સમય આવ્યે ખટ્ટમીઠા ફળ પણ આપે છે. પોતાના સંતાનના દુષ્કૃત્યો બદલ તે સુનામી, વાવાઝોડાં -તોફાન, દાવાનળ સ્વરૂપે દંડ પણ આપી જાણે છે, તો બીજી બાજુ, ઔષધિ - ફળફળાદિ - વનસ્પતિ અને શાકભાજી આપીને સમસ્ત સૃષ્ટિના જીવચક્રને ચલાયમાન રાખવામાં પણ સહાયરૂપ બને છે. પ્રકૃતિનું આ અદ્ભુત લક્ષણ છે. તે કદી પક્ષપાત નથી કરતી. એવી જ રીતે, મા માતંગીને વાસ્તવિક રૂપે પામી ચૂકેલો સાધક પોતાના જીવનના દરેક રસનો આસ્વાદ લઈ જાણે છે અને જરૂર પડ્યે પોતાની આસપાસના લોકોને એનો સ્વાદ ચખાડી પણ શકે છે.

અંતતઃ તે એક એવો સૂર્ય બની જાય છે, જેના પ્રકાશ હેઠળ અસંખ્ય જનજીવન ધબકે છે. અધ્યાત્મનું મૂળ માત્ર સ્વકલ્યાણ નહીં, પરંતુ લોકકલ્યાણ છે. જ્યારે મનુષ્ય અન્યો માટે જીવી જાણે, ત્યારે તે ખરા અર્થમાં આધ્યાત્મિકતાને પામ્યો કહેવાય.

**મા માતંગીને વાસ્તવિક રૂપે પામી ચૂકેલો સાધક પોતાના જીવનના દરેક રસનો આસ્વાદ લઈ જાણે છે અને જરૂર પડ્યે પોતાની આસપાસના લોકોને એનો સ્વાદ ચખાડી પણ શકે છે**

# 19મી સદીના અંકશાસ્ત્રીએ જન્મઅંકનું રહસ્ય સમજાવ્યું હતું

**શોધ સંશોધન**

**વસંત મિસ્ત્રી**

પ્રાચીન ભારત કુંડળીશાસ્ત્ર, હસ્તરેખા અને અંકશાસ્ત્રમાં વિશ્વભરમાં ખ્યાતનામ હતું. વિશ્વના અનેક અભ્યાસુઓ ભારત આવી આ વિષયોનું જ્ઞાન મેળવતા. ૧૮૬૬માં આયર્લેન્ડમાં જન્મેલા વિલિયમ જ્હોન વૉર્નર ઉર્ફે કાઉન્ટ લૂઈ હેમોન ઉર્ફે કીરો હસ્તરેખાશાસ્ત્રી અને અંકશાસ્ત્રી પોતાની બાયોગ્રાફીમાં તેઓ લખે છે કે તેમણે ભારત આવી કોંકણના એક ગામમાં હસ્તરેખા અને અંકશાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું હતું.

અંકશાસ્ત્ર પ્રમાણે મૂળ અંકો તો ૧થી ૯ છે. ત્યાર પછી ૨ કે ૩ ડિજિટમાં આવતા અંકોને સિંગલ ડિજીટલમાં ગણી લેવા તમારા જન્મ દિવસની તારીખ તમારો બર્થ નંબર છે જેનો ઉપયોગ તમે સુખ અને સમૃધ્ધિ માટે કરી શકો છો. ઘોડાની રેસમાં દાવ લગાવી તમે સમૃધ્ધ થઇ શકો છો. તમારા જન્મઅંક પ્રમાણે તમે વાર પસંદ કરો અને રેસકોર્સ પર પહોંચી જાવ. તમારો જન્માંક ૩ (૧૨, ૨૧) હોય તો આ નંબરના જોકીને પણ પસંદ કરો. હવે જો તેઓ આ ત્રણ નંબર (૩, ૧૨, ૨૧)ના ઘોડો પર સવાર હશે તો તમે રેસ જીતી ગયા સમજો. આ ગણત્રી કીરોની છે. રેસકોર્સની ફાઈવ સ્ટાર હોટલમાં તમે ભોજન લઇ શકો છો. પરંતુ ડ્રેસકોડ પ્રમાણે વસ્ત્રો પહેરીને જવું. જીન્સ, સેન્ડલ, શોર્ટસ પ્રતિબંધિત હોય છે.

તમારી જન્મ તારીખના અંકોનો ઉપયોગ તમે યોગ્ય રીતે કરો તો સુખનો સૂરજ ઊઘડી જાય છે. એક જ નંબરમાં સુખ નથી. દરેક નંબર પોતાની ખાસ એનર્જી ધરાવે છે. તે તમારા વ્યકિતત્વનો ખ્યાલ આપે છે. કીરોના મતે દરેક નંબર તમને જીવનના ખાસ અનુભવો કરાવે છે.

કીરોની પધ્ધતિમાં જન્મ અંક કેવી રીતે સુખ અને પરિપૂર્ણતા સાથે સંબંધીત છે એ જાણવા જેવું છે.

નંબર-૧ : નેતાગીરી, સ્વતંત્રતા અને કોઈ વસ્તુ મેળવીને સુખી થાય છે.

નંબર-૫ : સાહસ, મુસાફરી, સ્વતંત્રતા અને વિવિધતાથી સુખ મેળવે છે.

નંબર-૯ : ઉદારતા, અન્યને સહાયતા વડે પરિપૂર્ણતા, સેવા અને ડહાપણથી સુખ મેળવે છે.

નંબર-૬ : કુટુંબ, સ્નેહ, સૌંદર્ય અને લાગણીશીલ સંતોષથી સુખની અનુભૂતિ કરે છે.

નંબર-૩ : સર્જનાત્મકતા, આનંદ, આશાવાદ અને ધનિક મિત્રોથી સુખ મેળવે છે.

કીરોના મત પ્રમાણે ફકત જન્મઅંક નહિ જન્મ તારીખનો સરવાળો કરતા મળતો સિંગલ ડિજીટ નંબર (ડેસ્ટિની નંબર) પણ સાથે કામ કરે છે. દા. ત. તમારી જન્મતારીખ ૧૨-૨-૧૯૮૪ છે તો તમારો બર્થ નંબર ૩ (૧ + ૨) થશે અને ભાગ્ય નંબર ૯ (૧ + ૨ + ૨ + ૧ + ૯ + ૮ + ૪) થશે. કીરોની પધ્ધતિમાં ૩ નંબર ગુરૂ ગ્રહ સાથે સંબંધીત છે તેનું સુખ તમારી સર્જનશક્તિ દર્શાવવાથી, તમારા કામની ઓળખ થવાથી, આસપાસ ચતુર અને પોઝિટિવ લોકો હોવાથી તેમજ અન્યોને પ્રેરણા આપવાથી પ્રાપ્ત થાય છે.

ડેસ્ટિની નંબર ૯ ને ત્યારે સુખ પ્રાપ્ત થાય છે જ્યારે આર્થિક સફળતા કરતાં અર્થપુર્ણ કામ થાય છે. કીરોના મતે તમે આંકડાઓના રંગો જાણી સુખની અનુભૂતિ કરી શકો છો. દા. ત. નંબર ૩ ગુરૂ સાથે સંબંધિત હોવાથી પીળા, સોનેરી રંગોને તમે લિવિંગ રૂમ કે બેડરુમમાં વાપરી શકો છો. નંબર-૫ હોય તો બુધ સાથે સંબંધિત હોવાથી લીલા રંગના દરેક શેડ, સિલ્વર, હળવો તપખીરી- ભૂરા રંગનો ઉપયોગ કરી શકો છો. તમે આ નસીબદાર રંગોના વસ્ત્રો પહેરી સારી લાગણી અનુભવી શકો છો.

કીરોના મતે તમારા જન્માંક પ્રમાણે ફળો, શાકભાજી ખાઈને સ્વસ્થ રહી સુખ માણી શકો છો. સ્વાસ્થ્યથી વિશેષ સુખ શું હોય શકે?

**જગવિખ્યાત અંકશાસ્ત્રી કીરો માનતા હતા કે સુખ, સંઘર્ષ, સફળતા, નિષ્ફળતા જેવી બાબતોની આગાહી જન્મઅંકના આધારે કરી શકાય છે**

## જ્ઞાનેશ કુમાર કંઈ દેશના સર્વ પ્રથમ C.E.C. નથી જેમને પ્રજાએ ઘેરી લીધા...

# આ રહ્યા દેશના અન્ય મુખ્ય Election Commissioners જેઓએ પણ વિવાદોમાં સપડાવાનું થયેલું!

આ પણે ત્યાં ઈલેક્શન કમિશન તા.૨૫-૦૧-૧૯૫૦ના રોજ અસ્તિત્વમાં આવેલું અને, દર વર્ષે ૨૫ જાન્યુઆરીને આપણે 'મતદાતા દિવસ' તરીકે ઉજવીએ છીએ તે કદાચ તમારામાંથી ઘણાંને ખબર નહિ પણ હોય! ૭૬ વર્ષના ઈલેકશન કમિશનને અત્યાર સુધીમાં કુલ ૨૬ મુખ્ય ચૂંટણી કમિશનર મળ્યા છે. કલ્યાણ સુંદરમ્ આપણા દેશના બીજા મુખ્ય ચૂંટણી કમિશનર હતા જેમણે પોતાના પદ પર રહીને સૌથી લાંબો સમય સુધી સેવાઓ આપી હતી, ૮ વર્ષ-૨૮૪ દિવસ! મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે સૌથી ઓછા સમયગાળા માટે સેવાઓ આપનાર વી.એસ. રમાદેવી હતાં જેમણે માત્ર ૧૬ દિવસ માટે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે સેવાઓ આપી હતી! અત્યાર સુધીમાં દેશને એક માત્ર મહિલા મુખ્ય ચૂંટણી કમિશનર મળ્યાં છે જેમનું નામ વી.એસ. રમાદેવી. તેમણે તા.૨૬-૧૧-૧૯૯૦થી તા.૧૧-૧૨-૧૯૯૦ સુધી દેશના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે સેવા આપી હતી.



૨૬મા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ગુપ્તા વિરુદ્ધ દેશની પ્રજા મોટી લડાઈ માંડીને બેઠી છે અને તેઓ એવા ગંભીર આરોપોનો સામનો કરી રહ્યા છે કે જે આરોપો પુરવાર થઈ જાય તો તેમણે જેલમાં પાકા કામના કેદી તરીકે આગામી આખું જીવન વિતાવવું પડે! હંમેશા આરોપ લાગતો રહે છે કે, સરકારની મહેરબાની વગર મુખ્ય ચૂંટણી કમિશનરની ખુરસી સુધી પહોંચી શકાતું નથી એટલે દરેક મુખ્ય ચૂંટણી કમિશનર એક પ્રકારે સરકારની હરસંભવ મદદ માટે ખડે પગે તત્પર રહે છે અને કાયદાઓ તોડીને પણ સરકાર ઉપર ઉપકારો કરવાના હોય તો મુખ્ય ચૂંટણી કમિશનર 'આઉટ ઓફ વે' જઈને પણ સરકાર સાથે દોસ્તી નિભાવી જાણે છે...એવી ખાતરી સાથે કે, પોતાને કંઈ થશે તો સરકાર બચાવી લેશે! અહિ જ્ઞાનેશ કુમાર સિવાયના એવા મુખ્ય ચૂંટણી કમિશનર્સ વિષે થોડીક વાતો કરવી છે જેઓએ પણ ખતરનાક વિવાદોમાં સપડાવું પડ્યું હતું...

### ટી.એન.શેષાન (૧૨-૧૨-૧૯૯૦થી ૧૧-૧૨-૧૯૯૬)

તીરુનેલ્લાઈ નારાયણ અય્યર શેષાન બરાબર ૬ વર્ષ દેશના ચીફ ઈલેકશન કમિશનર તરીકે સેવાઓ આપતા રહ્યા હતા અને જેમના વિષે વિવાદો થયા હોય તેવા તેઓ પહેલા મુખ્ય ચૂંટણી કમિશનર હતા. તેઓ તમિલ બ્રાહ્મણ હતા. ચીફ ઈલેક્શન કમિશનરના પદ પરથી ઉતર્યા બાદ તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઊભા રહ્યા હતા પણ, કે.આર.નારાયણન સામે હારી ગયા હતા. ટી.એન.શેષાન પરિણીત હતા પણ, નિઃસંતાન મૃત્યુ પામ્યા હતા.

ટી.એન.શેષાન ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન કરાવવા માટે ખૂબ પ્રસિદ્ધ થયા. તેઓ સિદ્ધાંતવાદી હોવાથી જે સરકારે તેમની નિયુક્તિ કરી હતી તે સરકારને પણ તેઓ ગાંઠ્યા નહોતા. ચૂંટણીઓમાં કોંગ્રેસની પકડ ઢીલી થતી ગઈ અને ભાજપની પકડ મજબૂત થવા લાગી તે પાછળ ટી.એન.શેષાનનો છૂપો સિંહફાળો રહ્યો હોવાનું ઘણાં માને છે. જો, ટી.એન.શેષાન મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા જ નહિ હોત તો ભાજપને હજુ આજે પણ સત્તામાં આવવાના ફાંફા પડી રહ્યા હોત! ટી.એન.શેષાનને અંકુશમાં રાખવા માટે- અંકુશમાં લાવવા માટે જ નરસિંહરાવ સરકારે અન્ય બે ચૂંટણી કમિશનર્સ (એમ.એસ. ગિલ તથા જીવીજી કૃષ્ણમૂર્તિ) નીમવા પડ્યા હતા! એટલું જ નહિ પણ, શેષાને સુપ્રીમ કોર્ટમાં સરકારના આ પગલાને પડકાર્યું પણ હતું, પણ સુપ્રીમ કોર્ટે ચૂકાદો સરકારની તરફેણમાં આપ્યો અને ચૂંટણી કમિશનરની એકહથ્થુ સત્તાનો અંત આવ્યો! બહુમતીએ નિર્ણયો લેવાવા લાગ્યા! ટી.એન.શેષાન ભલે, સરકાર સામે લડતા રહ્યા પરંતુ તેઓ પ્રજાના હિતરક્ષક રહ્યા.

### એન. ગોપાલસ્વામી (૩૦-૬-૨૦૦૬થી ૨૦-૪-૨૦૦૯)

દેશના ૧૫મા મુખ્ય ચૂંટણી કમિશનર એન. ગોપાલસ્વામી હજુ હયાત છે અને, તેઓ ૮૨ વર્ષના છે. ખૂબ જ ધાર્મિક મનોવૃત્તિવાળા એન. ગોપાલસ્વામી શરૂઆતથી જ મોટે ભાગે કપાળે એક ઊભું લાંબું પાતળું લાલ તિલક કર્યું હોય તેવા દેખાવમાં જોવા મળ્યા છે.

એન. ગોપાલસ્વામી એટલા બહાદુર હતા કે, પોતે જ્યારે ચીફ ઈલેક્શન કમિશનર હતા ત્યારે એમણે રાષ્ટ્રપતિને નવીન ચાવલા વિરુદ્ધ ફરિયાદ કરી હતી અને નવીન ચાવલાને પદ પરથી હટાવવાનો અભિપ્રાય આપ્યો હતો. એન. ગોપાલસ્વામીએ નવીન ચાવલા પર ચૂંટણી કમિશનર પદે રહીને કોંગ્રેસ પ્રત્યે પક્ષપાતપૂર્ણ વલણ રાખવાનો આરોપ મૂક્યો હતો એટલું જ નહિ પણ, નવીન ચાવલા ઈલેકશન કમિશનની અંદરની ગુપ્ત વાતો કોંગ્રેસ પાર્ટીના પદાધિકારીઓમાં ખોલી દેતા હતા તેનો બળાપો પણ વ્યક્ત કર્યો હતો.

**દેશના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે સૌથી વધુ સમયગાળા માટે કલ્યાણ સુન્દરમ્ દ્વારા (૮ વર્ષ;૨૮૪ દિવસ!) સેવાઓ આપવામાં આવી હતી તેમજ સૌથી ઓછા સમયગાળા માટે મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે સેવાઓ આપનાર વ્યક્તિ હતાં વી. એસ. રમાદેવી (માત્ર ૧૬ દિવસ માટે!). ૭૬ વર્ષના Election Commissionને અત્યાર સુધીમાં માત્ર એક જ મહિલા મુખ્ય કમિશનર મળ્યાં અને, તે પણ માત્ર ૧૬ દિવસ માટે જ!**

મુખ્ય ઈલેકશન કમિશનરને અન્ય બે ઈલેકશન કમિશનર્સ પૈકી કોઈ વિરુદ્ધ ફરિયાદ હોય અને તે ફરિયાદ રાષ્ટ્રપતિ સુધી પહોંચી ગઈ હોય તેવો આ એક માત્ર દાખલો ઈતિહાસમાં રહ્યો છે! મોટે ભાગે ઈલેકશન કમિશનના સર્વોચ્ચ હોદ્દેદારો એકબીજાની રીતિનીતિ વિષે મૌન જ સેવતા જોવા મળે છે.

એન. ગોપાલસ્વામીની સરેઆમ ફરિયાદો પછી પણ, નવીન ચાવલાનો વાળ વાંકો થયો નહોતો અને કોંગ્રેસ તરફથી એમને તે બાદ મુખ્ય ઈલેકશન કમિશનર બનાવી દેવામાં આવ્યા હતા! ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીઓ નવીન ચાવલાના વડપણ હેઠળ યોજાયેલી.

એન. ગોપાલસ્વામીએ ચીફ ઈલેકશન કમિશનરના પદ પરથી ઉતર્યા પછી ત્રણેક વર્ષ બાદ ભારતીય સેના પ્રમુખ જનરલ વી.કે. સિંહ વિરુદ્ધ પણ સુપ્રીમ કોર્ટ સુધી લડત આપી હતી!

### નવીન ચાવલા (૨૧-૪-૨૦૦૯થી ૨૯-૭-૨૦૧૦)

દેશના ૧૬મા ચીફ ઈલેકશન કમિશનર નવીન ચાવલા ગયે જ વર્ષે ૮૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા. નવીન ચાવલાને લોકો મધર ટેરેસાની આત્મકથા લખવા માટે પણ ઓળખે છે! તેઓ મધર ટેરેસાથી ખૂબ પ્રભાવિત પણ હતા.

આ નવીન ચાવલા કોંગ્રેસના તરફદાર હોવા છતાં બીજેપી (અટલબિહારી બાજપાઈ)ના નેતૃત્વવાળી સરકારમાં મોટાં-મોટાં પદ- પ્રમોશન મેળવવાને તેઓ ભાગ્યવાન થયા!

કિન્નરોને મતાધિકાર અપાવવામાં પણ નવીન ચાવલાનો સિંહફાળો રહ્યો. કેદીઓને મતાધિકાર અપાવવાની પણ શરૂઆત નવીન ચાવલાએ કરી હતી. નવીન ચાવલાએ કહ્યું હતું કે, જો કેદીઓ ચૂંટણીઓ લડી શકતા હોય તો મતાધિકાર કેમ નહિ ભોગવી શકે? ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી બાદ પ્રજા પર થયેલા અત્યાચારોની તપાસ માટે શાહ કમિશન બનાવવામાં આવેલું જેના વડા હતા સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટીસ જે.સી.શાહ! શાહ કમિશન દ્વારા એવો સ્પષ્ટ લિખિત રિપોર્ટ આપવામાં આવેલો કે, નવીન ચાવલા સરકારમાં કોઈ પણ જાહેર પદ પર આરૂઢ થવા માટે સુયોગ્ય વ્યક્તિ નથી! અને, તે વખતે તો નવીન ચાવલા એક સામાન્ય આઈ.એ.એસ. ઓફિસર હતા.

નવીન ચાવલાને ચીફ ઈલેકશન કમિશનર બનતાં રોકવા માટે બીજેપીએ જયપુરની એક કોર્ટમાં નવીન ચાવલા -રાજસ્થાન સરકારના અગ્રણી નેતાઓ વિરુદ્ધ જાહેર ટ્રસ્ટોની મિલકત બાબતે ગુનાઓ કરવા બદલ એફ.આઈ.આર. કરવાની કોશિશો કરી હતી પણ, કોર્ટે નવીન ચાવલા તરફે ચુકાદો આપ્યો હતો.

- પરંતુ, આ બધામાં વર્તમાન મુખ્ય ઈલેકશન કમિશનર જ્ઞાનેશ કુમાર ગુપ્તાની વાત કંઈ અલગ જ છે. દેશના નાગરિકો તેમજ વિરોધ પક્ષો દ્વારા આવડી મોટી સંખ્યામાં અને આવડા મોટા ફલક પર વિરોધ થઈ રહ્યો હોય તેવા આ સહુ પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર છે, આ અગાઉ બીજા કોઈ પણ મુખ્ય ચૂંટણી કમિશનરની આટલી હદે બેઈજ્જતી થઈ નથી!

## વૈશ્વિક સ્તરે જ્યાં જુઓ ત્યાં, શતાયુ પુરુષો કરતાં શતાયુ સ્ત્રીઓની સંખ્યા ખાસ્સી વધારે...

# 100 વર્ષથી વધુ ઉંમરના લોકો!

કૌશિક કુમાર દીક્ષિત

આ પણે ત્યાં વડીલો આશીર્વાદ આપે ત્યારે 'શતાયુ ભવ!' અથવા '૧૦૦ વર્ષનાં થાઓ!' અથવા '૧૦૦-૧૦૦ સાલ જીઓ!' જેવાં વચનો જરૂર ઉચ્ચારે છે. ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણાયુ ગણાયું છે. પરંતુ, ખૂબીની વાત એ છે કે મનુષ્યજાતિમાં એકંદર આયુષ્ય કદાપિ ૧૦૦ વર્ષ જોવા મળ્યું નથી! એમ છતાં, લોકોને ૧૦૦ વર્ષ કે તેથી વધુ આયુષ્ય ભોગવવાની ઈચ્છા જરૂર રહે છે.

100

તમારી આસપાસ તમને કોઈ ૧૦૦ વર્ષની વય નિકટ પહોંચી રહેલું જણાય તો તમને તેના તરફ એક પ્રકારનો અહોભાવ થયા વગર રહે નહિ! કેમ કે, ગણતરીબંધ લોકો ૧૦૦ વર્ષની ઉંમર સુધી પહોંચેલા આપણને જોવા મળે છે. પોતાનું કોઈ સ્વજન ૧૦૦ વર્ષની વય પાર કરે તો, તેનાં આપ્તજનો તેનો જન્મશતાબ્દી મહોત્સવ જરૂર ઉજવે છે. જાણીતી વ્યક્તિઓની ૧૦૦મી વર્ષગાંઠ ઉજવવાની પરંપરા જગતમાં સર્વત્ર જોવા મળી રહી છે. આ બ્રહ્માંડ ૧૩,૮૦,૦૦,૦૦,૦૦૦ (તેર અબજ-એંશી કરોડ) વર્ષ જૂનું હોવાનું વૈજ્ઞાનિકો માને છે તેમજ પૃથ્વી આશરે ૪,૫૦,૦૦,૦૦,૦૦૦ (ચાર અબજ-પચાસ કરોડ) વર્ષ જૂની હોવાનું વૈજ્ઞાનિકોનું માનવું છે!

હાલને તબક્કે ૧૦૦ વર્ષની વય વટાવીને પણ જીવન જીવી રહ્યા હોય તેવા લોકોની સૌથી વધુ સંખ્યા જાપાનમાં છે! જાપાનમાં ૧,૨૦,૦૦૦ લોકો ૧૦૦ વર્ષની વય વટાવી ચૂકેલા જોવા મળી રહ્યા છે.

**ભલે, તમારી આજુબાજુ કે નજીકમાં કોઈ વ્યક્તિએ Century નહિ મારી હોય પણ, આજને તબક્કે આપણા ભારત દેશમાં ૧૦૦ વર્ષની વય પાર કરીને પણ સુખરૂપ જીવી રહ્યા હોય તેવા લોકોની સંખ્યા ૨૯,૦૦૦થી વધુ છે!**

અમેરિકામાં ૬૪,૦૦૦ આસપાસ લોકો એવા છે જેઓ ૧૦૦ વર્ષની ઉંમર પાર કરી ચૂક્યા છે.

૧૦૦ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા નાગરિકોની સંખ્યા ચીનમાં અંદાજે ૩૯,૦૦૦ છે! આપણો ભારત દેશ શતાયુ લોકોની સંખ્યાની દ્રષ્ટિએ વિશ્વમાં ૪થા ક્રમે આવે છે...ભારતમાં ૨૯,૦૦૦ લોકો એવા છે જેઓ પોતે ૧૦૦ વર્ષની ઉંમર થઈ ગઈ હોવા છતાં સુખરૂપ જીવી રહ્યા છે! ફ્રાન્સમાં પણ તમને ભારત માફક ૨૯,૦૦૦ આસપાસ લોકો ૧૦૦ વર્ષનું આવરદા વટાવી ચૂક્યા હોય તેવું જોવા મળી રહ્યું છે. ઈટાલીમાં આ આંકડો ૨૧,૦૦૦ આસપાસ છે! જર્મનીમાં ૧૮,૦૦૦ લોકો ૧૦૦ વર્ષનું આયુષ્ય પાર કરી ચૂક્યા હોય તેવો હિસાબ બતાવવામાં આવી રહ્યો છે. યુનાઈટેડ કિંગડમમાં પણ ૧૮,૦૦૦ આસપાસ લોકો એવા જોવા મળી રહ્યા છે કે જેઓ ૧૦૦ વર્ષના થઈ ચૂક્યા છે. સ્પેનમાં ૧૪,૦૦૦ તેમજ રશિયામાં ૧૩,૦૦૦ લોકો ૧૦૦ વર્ષની ઉંમર વટાવી ચૂક્યા છે અને હજુ જીવી રહ્યા છે.

હાલને તબક્કે ૯,૦૦,૦૦૦૦ જેટલા લોકો જગતમાં ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી જીવન આગળ ધપાવી રહ્યા હોવાનું અંદાજવામાં આવી રહ્યું છે. એવો કોઈ દેશ શોધવો મુશ્કેલ છે જ્યાં કદાપિ કોઈ વ્યક્તિ ૧૦૦ વર્ષ ઉપરનું આયુષ્ય ભોગવી જ નહિ શકી હોય!

હા, જગતના દરેક દેશમાં એક સામાન્ય બાબત એવી જોવા મળી રહી છે કે...શતાયુ થનારા પુરુષો કરતાં શતાયુ થનારી સ્ત્રીઓની સંખ્યા ખાસ્સી વધારે જોવા મળી રહી છે! આમ, એક એવું તારણ કાઢી શકાય કે પુરુષો કરતાં સ્ત્રીઓમાં શતાયુ થવાની સંભાવના જીવવિજ્ઞાનની દ્રષ્ટિએ કૈંક વધુ છે.

યહૂદીઓમાં ૧૨૦ વર્ષનું આયુષ્ય ભોગવવાના આશીર્વાદ તેમજ શુભેચ્છાઓ આપવાનો રિવાજ છે. શ્રીલંકામાં શાતાયુંને બદલે ૨૨૦ વર્ષનું આયુષ્ય થાઓ, એવા શબ્દો વડીલો આશીર્વાદ આપતી વખતે ઉચ્ચારે છે!

એક આશ્ચર્યની વાત એ પણ જોવા મળી રહી છે કે...જ્યારથી દુનિયામાં ૧૦૦ વર્ષની વધુ આવરદા ભોગવનારાંઓની યાદી-નોંધ રાખવાનું શરુ કરવામાં આવ્યું ત્યારથી શતાયુ લોકોની સંખ્યામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી ગઈ છે!

### લોગઈન

એક વાગી અજાણી તાળી કે રંગમાં રંગતાળી,
એક અણદીઠ સૂરત ભાળી કે રંગમાં રંગતાળી.
કેમ રોકાય તાળી રોકે, પળમાં જ પહોંચી ત્રિલોકે,
સાવ અમથી જરા ઉલાળી કે રંગમાં રંગતાળી.
દ્વાર દસ દસ દિશાનાં ઝૂલે કૈં અવનવાં દ્રશ્ય ખૂલે,
હું તો બેઠો પલાંઠી વાળી કે રંગમાં રંગતાળી.
રંગબેરંગ આખીય સૃષ્ટિ કે માત્ર મારી જ દ્રષ્ટિ?
ઓગળી ગઈ કે પાછી વાળી કે રંગમાં રંગતાળી

- જવાહર બક્ષી

# રંગમાં રંગતાળી : શૂન્યમાં શાશ્વતનો સાક્ષાત્કાર

અંતરનેટની કવિતા

અનિલ ચાવડા

વ લ્લભ ભટ્ટનો જાણીતો ગરબો 'રંગમાં રંગતાળી'ની ધ્રૂવપંક્તિને ગઝલની રદીફ બનાવીને ગુજરાતી ભાષાના સમર્થ ગઝલકાર જવાહર બક્ષીએ એક વિરલ અનુભૂતિવાળી ગરબા-ગઝલ રચી છે. ગઝલમાં પ્રયોગો માટે તેઓ જાણીતા છે. લાંબી બહેરની ગઝલ હોય, ભજન-ગઝલ હોય, કે ગરબા-ગઝલ... બધામાં તેમનું સર્જનપોત આગવું અને ઊંડું છે.

નવરાત્રીનો માહોલ છે, ત્યારે ગુજરાતી ભાષાના આંગણામાં રચાયેલ ગઝલ-ગરબાના અજવાળે થોડીક વાત માંડીએ. જવાહર બક્ષીની આ કવિતાની રસપ્રદ વાત એ છે કે કવિ ક્યાંય જતા નથી, છતાં ત્રિલોકની યાત્રા કરી આવે છે. કોઈને જોતા નથી, છતાં કોઈ અણદીઠ સૂરતનો સાક્ષાત્કાર થાય છે. કોઈ દ્વાર ખોલતા નથી, છતાં દસેદિશાનાં દ્વાર ઝૂલવા લાગે છે. કવિએ માત્ર તાળીની વાત નથી કરી, રંગતાળીની વાત કરી છે.

આપણા ભક્તકાવેઓએ ધ્યાનની વાત તાળીના સંદભ કરી છે, જેમકે, 'ત્રિકુટીમાં લાગી મુંને તાળી'.

તાળી બે હાથના મિલનથી જન્મે છે. એક હાથ તાળી પાડી શકે નહીં. અહીં જે તાળી વાગી તે અજાણી છે. કોણે? કોના માટે પાડી? ક્યાંથી અવાજ આવ્યો? તે વિશે કવિ કહેતા નથી. કેમકે કેટલીક ઘટનાઓને કારણ હોય છે, જ્યારે કેટલીક ક્ષણો પોતે જ કારણ બનીને આવતી હોય છે. કવિ કહે છે, 'અણદીઠ સૂરત ભાળી.' આ કેટલો સુંદર વિરોધાભાસ! જે દેખાયું જ નથી, તેને ભાળી કેવી રીતે શકાય? અહીં જોવું અને ભાળવું એ બે જુદી ક્રિયાઓ છે. જે તાળીનો અવાજ બે હાથ વચ્ચે જન્મ્યો હોય, તે ત્રણેય લોક સુધી કેવી રીતે પહોંચી શકે? ભૌતિક જગતના નિયમો પ્રમાણે એ અશક્ય છે, પણ અનુભૂતિના જગતમાં એ સહજ છે.

માણસ દૂરબીન લઈને તારાઓ શોધે, વિમાન લઈને વાદળોને વીંધે, વહાણ લઈને સમુદ્રો ખૂંદે, છતાં અંદરના આકાશથી અજાણ રહે છે. જ્યારે કવિ એક જ જગ્યાએ બેસીને દસેય દિશાનાં દ્વાર ખોલી નાખે છે. અહીં પલાંઠી બેસવાની શારીરિક મુદ્રા નથી, અંતર્મુખ થવાનું પ્રતીક છે. સામાન્ય રીતે આપણે માનીએ કે જગતને જોવા માટે બહાર નીકળવું પડે, પણ કવિ સૂચવે છે કે જગતને સાચી રીતે જોવા માટે અંદર ઊતરવું પડે છે. આંખ બહારના પ્રકાશથી દ્રશ્ય જુએ છે, પણ દ્રષ્ટિ અંદરની જાગૃતિથી અર્થ પામે છે. આપણે જે જગત જોઈએ છીએ, તે ખરેખર એવું જ છે કે આપણી દ્રષ્ટિ તેને એવું બનાવે છે? સંગીતમાં મધુરતા છે કે આપણા ચિત્તમાં? સૌંદર્ય વસ્તુનો ગુણ છે કે જોનારની અનુભૂતિ?

**નવરાત્રીનો માહોલ છે, ત્યારે ગુજરાતી ભાષાના આંગણામાં રચાયેલ ગઝલ-ગરબાના અજવાળે થોડીક વાત માંડીએ. જવાહર બક્ષીની આ કવિતાની રસપ્રદ વાત એ છે કે કવિ ક્યાંય જતા નથી, છતાં ત્રિલોકની યાત્રા કરી આવે છે**

વરસાદ ખેડૂત માટે આશીર્વાદ બની શકે, તો ઘરવિહોણા માણસ માટે આફત. સાંજ પ્રેમીને સુંદર લાગી શકે અને વિરહીને અસહ્ય. એકાંત સાધકને સમૃદ્ધ કરી શકે અને દુઃખી માણસને વ્યાકુળ. સૃષ્ટિ એ જ રહે છે, પરંતુ દ્રષ્ટિ બદલાતાં તેનો અર્થ બદલાઈ જાય છે. તો પછી રંગ ક્યાં છે? બહારની દુનિયામાં કે અંદરના અનુભવમાં?

કવિતાની રચનાકળા ખૂબ જ નોંધપાત્ર છે. પ્રથમ શેરમાં શ્રવણ અને દર્શનની અનુભૂતિ છે. બીજા શેરમાં ગતિ અને વિસ્તાર છે. ત્રીજામાં દિશાઓ અને દ્રશ્યોનો ઉઘાડ છે. ચોથામાં દ્રષ્ટિનું જ વિસર્જન છે. આમ કવિતા બહારથી અંદર તરફ, અનુભવથી અનુભવનાર તરફ અને રંગથી રંગના મૂળ તરફ આગળ વધે છે. ચાર જ શેરમાં કવિ આખી આધ્યાત્મિક યાત્રા રચી દે છે. ક્યાંય ઉપદેશ નથી, ક્યાંય ભારે તત્ત્વજ્ઞાનભરી શબ્દાવલિ નથી, ક્યાંય જટિલ વ્યાખ્યા નથી. છે તો માત્ર તાળી, રંગ, દ્વાર, દિશા, દ્રશ્ય અને પલાંઠી જેવા અત્યંત સરળ શબ્દો. પરંતુ આ સરળ શબ્દોમાંથી જે અર્થ પ્રગટે છે, તે અસાધારણ છે.

અને જીવનનો સૌથી મોટો ચમત્કાર એ જ છે કે ચમત્કાર માટે કશું અસાધારણ બનવું જરૂરી નથી. એક અજાણી તાળી પૂરતી છે. એક અણદીઠ સૂરતનો અણસાર પૂરતો છે. એક સહેજ ઉલાળ પૂરતો છે. એક પલાંઠી પૂરતી છે.

### લોગઆઉટ

રંગતાળી રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી
મા ગબ્બરના ગોખવાળી રે રંગમાં રંગતાળી
માની ઓઢણીમાં વિવિધ ભાત્યું રે રંગમાં રંગતાળી
ભટ્ટ વલ્લભને જોયાની ખાંત્યુ રે રંગમાં રંગતાળી

- વલ્લભ ભટ્ટ

## સ્ક્વેર કટ

અધીર અમદાવાદી

- શ્રાદ્ધમાં કાગડાને જ કેમ વાસ નાંખવામાં આવે છે, કોયલને કેમ નહીં?
- યોગેશભાઈ આર. જોશી, હાલોલ
- **કોયલ કાગડા સાથે છેતરપિંડી કરે છે એટલે.**
- બીજાની પંચાતથી ફાયદો કે નુકસાન?
- ધીરજ વી. રબારી, ડેર-પાટણ
- **પંચાત કરવાવાળા ફાયદો-નુકસાનની પરવા નથી કરતાં. તમે ચાલુ રાખો.**
- મારા ખર્ચે ચંદ્ર પર લઈ જઉ તો આવશો?
- મુકેશ શાહ, સુરત
- **પછી પાછું મારા ખર્ચે આવવાનું?**
- ગરબા ના આવડતા હોય તેમના માટે કોઈ ટીપ?
- ઋષભ પાંડે, સુરત
- **ટાપટીપ.**
- ઊંઘમાં ચાલવાની ટેવ હોય એણે શું ધ્યાન રાખવું?
- નયનભાઈ પટેલ, ભરૂચ
- **જેના ક્લાસમાં સૂતા હોવ એ પ્રોફેસરનું.**
- કયા સવાલને અગ્રતા? જેનો રમૂજી જવાબ જલ્દી મળે તે કે બીજું કોઈ કારણ?
- રસેશ એન. શ્રોફ, મુંબઈ
- **મારા વખાણ કરતાં સવાલને પ્રથમ પસંદગી.**
- સમાચાર છે કે જેન -ઝી તમને લોકસભાની ચૂંટણીમાં ટિકિટ આપી રહી છે.
- વિજયકુમાર મોદી, અમદાવાદ
- **અત્યારે તો ટિકિટ નહીં, ગરબાના પાસ શોધું છું.**
- મોંઘવારીમાં શું થશે લોકોનું?
- ચેતન એસ. ત્રિવેદી, અમદાવાદ
- **મોંઘવારીના રિલ ફોરવર્ડ કરશે.**
- નવરાત્રિમાં નવ દિવસના ઉજાગરાથી બહેનોને થાક કેમ લાગતો નથી?
- હંસાબેન જી. ભરુચા, વિરાર
- ગરબા એન્ટિ-થાક વેક્સિનનું કામ કરે છે.
- ફેમસ થવા માટે શું કરવું?
- આદિત્ય ચૌધરી, પાલનપુર
- **જોખમી સ્ટંટ. પોલીસ તમારા બિફોર/આફ્ટર વિડીયો વાઈરલ કરશે.**
- સ્વતંત્ર સ્ત્રીઓની સમાજ પર અવળી અસર શું પડે?
- દીપકભાઈ એમ. પંડયા, બીલીમોરા
- **પુરુષ સમાજની દિવાળીમાં માળિયા સફાઈની મોનોપોલી તૂટી જાય.**
- આપણે કહી છીએ કે 'ફલાણા-ઢીંકણાએ મેથી મારી' તો આ મેથી સુકી હોય છે કે લીલી?
- પુષ્કર ભટ્ટ, અમદાવાદ
- **મેથી મારવામાં લીલા-ભેગી સુકાની પણ મરાય.**
- ગાંધીજયંતિ નિમિત્તે સરકાર ખાદીને બદલે સોનાની વસ્તુઓમાં ૪૦ ટકા ડિસ્કાઉન્ટ આપે તો?
- હરેશ લાલવાણી, અમદાવાદ
- **તમારું તખલ્લુસ 'શેખચલ્લી' રાખો.**
- સ્ત્રી અને જલેબીમાં શું સમાનતા છે?
- પ્રકાશભાઈ મકવાણા, રાજકોટ
- **બેઉ મારા જેટલી સીધી નથી.**
- કુકરની સિટી અને ટપોરીની સીટી વચ્ચે શો ફેર?
- અમિત મહેતા, દહેગામ
- **સીટી વાગવાથી કુકર ટપલી અને ટપોરી માર ખાય છે.**
- સારા માણસો શોધવા અઘરું છે કે માણસોમાં સારું શોધવું અઘરું છે?
- ધવલ જે. સોની, ગોધરા
- **આવા પ્રશ્નોનો સાર શોધવો અઘરો છે.**
- ગાજરની પીપૂડી કેટલી ચાલે?
- સમીર રાવલ, અમદાવાદ
- **ફ્રીજમાં મૂકી હોય તો અઠવાડિયુ.**
- મિત્ર કેવો હોવો જોઈએ?
- મહાસુખ દરજી, અમદાવાદ
- **ચાર્જર જેવો.**
- 'ખાલી દવાનું પૂછવું છે' કહી ઘૂસનાર, ડોક્ટરની ચેમ્બરમાંથી અડધા કલાકે કેમ બહાર નીકળે છે?
- મધુકર માંકડ, રાજકોટ
- **ડૉક્ટરને જૂનાં પ્રિસ્ક્રિપ્શનના અક્ષર નહીં ઉકલતા હોય.**

**તમારા સવાલો આ ઈમેઈલ આઈડી પર મોકલી આપો squarecut@gujaratsamachar.com**

# એક્સ્પર્ટ વિટનેસ

વિન્ડો સીટ

ઉદયન ઠક્કર

બે સ્ટ સેલિંગ લેખક જેફરી આર્ચરનું પાંચમી ઓક્ટોબરે છ્યાંસીની ઉંમરે અવસાન થયું. તેમનાં પુસ્તકોની બત્રીસ કરોડ નકલો વેચાઈ છે. 'કેન એંડ એબલ', 'નોટ અ પેની મોર, નોટ અ પેની લેસ', 'શેલ વી ટેલ ધ પ્રેસિડેંટ' તેમની જાણીતી નવલકથાઓ. તેમની વાર્તા 'ધ એક્સપર્ટ વિટનેસ' આજે માણીએ. સર ટોબી અને પ્રોફેસર હેરી ગોલ્ફ સાથે રમતા. લીડ્સની અદાલતમાં ટોબીના અસીલ પર પત્નીના ખૂનનો આરોપ હતો. મૃતદેહ પાસેથી મળેલી રિવોલ્વોર પર પતિના આંગળાની છાપ હતી. સરકારી વકીલનો દાવો હતો કે પત્નીને માર્યા પછી ગભરાટમાં બંદૂક છોડીને પતિ નાઠો હતો. બચાવપક્ષના વકીલ ટોબીએ પ્રોફેસર હેરીને 'નિષ્ણાત સાક્ષી' તરીકે રજૂ કર્યા. ટોબીએ પૂછવા માંડ્યું, 'તથ્યો પર આવતાં પહેલાં, જ્યુરીને તમારી વિશ્વસનીયતાની ખાત્રી થાય માટે થોડા સવાલો પૂછીશ. તમે લીડ્સની ગ્રામર સ્કૂલમાં ભણ્યા અને ઓક્સફર્ડ કોલેજમાં ભણવાની તક મળી હોવા છતાં લીડ્સની કોલેજમાં જ શીખ્યા,ખરું?' જ્યુરીના સૌ સભ્યો લીડ્સનાં હતાં, અને આ વાતથી પ્રભાવિત થયાં. 'તમને હાર્વર્ડ કોલેજમાં પીએચડી કરવાની શિષ્યવૃત્તિ મળી, એ ખરું?' આ જ સવાલો અન્ય મુકદ્દમાઓમાં ટોબી અનેક વાર પૂછી ચૂક્યા હતા, ન્યાયાધીશ સાંભળી ચૂક્યા હતા, પણ જ્યુરીને આંજી નાખવાની તક ચૂકે તો ટોબી શાનો? 'પ્રોફેસર, તમારા શોધનિબંધનો વિષય હતો ફોરેન્સિક સાયન્સ, જે અમેરિકામાં સાર્વત્રિક પ્રશંસા પામ્યો હતો, ખરું?' આમ મૂળ વાત પર આવતાં પહેલાં ટોબીએ એવી ભૂમિકા રચી આપી કે જ્યુરીના સભ્યો પ્રો. હેરીના મંતવ્યને બ્રહ્મવાક્ય ગણી લે. પછી ટોબીએ પૂછ્યું, બંદૂક પર કોના આંગળાંની છાપ હતી? 'બંદૂકના હાથા અને ઘોડા પર મરનાર સ્ત્રીનાં આંગળાંની છાપ હતી, બંદૂકના બીજા ભાગો પર આરોપીના આંગળાંની ઝાખી છાપ હતી.' 'એ શું બતાવે છે?' 'સ્ત્રીએ પોતે બંદૂક ચલાવી હોવી જોઈએ.' ટોબીએ ગાઉનના પટ્ટા પર હાથ ફેરવ્યો, 'તો બંદૂક નવ ફીટ દૂર કેમ પડે?' હેરીએ ખુલાસો કર્યો, 'ધડાકાના આંચકાથી ઊછળીને પડે.' 'છેલ્લો સવાલ પ્રોફેસર. આવા ખટલાઓમાં તમે બચાવ પક્ષ તરફથી જુબાની આપી હોય ત્યારે જ્યુરીએ કેટલા આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા?' 'ચોવીસમાંથી એકવીસ.' 'નામદાર, મારી ઉલટતપાસ પૂરી.' જ્યુરીએ ટોબીના અસીલને નિર્દોષ જાહેર કરી દીધો.

બીજા દિવસે લંડનની અદાલતમાં ટોબીની અસીલ એક મહિલા હતી, જેના ઉપર પતિના ખૂનનો આરોપ હતો. આ વખતે પ્રો. હેરી સરકાર પક્ષે 'એક્સપર્ટ વિટનેસ' હતા. ટોબી ચિંતામાં હતા - બધા પુરાવા તેમની અસીલના વિરુદ્ધમાં હતા. સરકારી વકીલે જ્યુરી સમક્ષ પ્રો. હેરીની સિદ્ધિઓ વર્ણવીને તેમની વિશ્વસનીયતા સ્થાપી આપી. હેરીએ જાહેર કર્યું કે તેમના મંતવ્ય પ્રમાણે હત્યા પત્નીએ કરી છે. પછી ટોબીએ ઉલટતપાસ શરૂ કરી. 'તમે પહેલી ડીગ્રી મેળવી... લીડ્સ યુનિવર્સિટીમાં.. વિષય કયો હતો?' 'ભૂગોળ.' પ્રોફેસરે કહ્યું. 'ઓહ! બંદૂકશાસ્ત્રમાં નિષ્ણાત બનવા માટે ખાસ ઉપયોગી તો ન કહેવાય. અને તમારી પીએચડીની ડીગ્રી, જે અમેરિકન યુનિવર્સિટીએ આપેલી... આપણા ઈંગ્લેંડની કોઈ યુનિવર્સિટી - જેમ કે ઓક્સફર્ડ કે કેમ્બ્રિજ - તેને માન્ય રાખે છે?' જવાબ નકારમાં મળ્યો. ટોબીએ પ્રશ્નો ચાલુ રાખ્યા, 'પ્રોફેસર, તમારું કહેવું છે કે મરનાર શખ્સના હાથમાં બંદૂક હતી, જે તેની પત્નીએ મૂકી હતી. એટલે કે તમે અંતર્યામી છો!' 'ના, ના, હું અંતર્યામી નથી.' 'મરનારના હાથમાં બંદૂક હોય એવા કેટલા ખટલામાં તમે જુબાની આપી છે?' 'ત્રણ ખટલામાં.' 'ખૂન હતું તેવું કેટલામાં સાબિત થયું?' 'એકમાં. જોકે..' 'જોકે શું?' 'આરોપી અગિયાર વર્ષ કેદમાં રહ્યો પછી નવા પુરાવા મળ્યા અને તેને મુક્ત કરાયો.' ટોબીએ જ્યુરીના સભ્યોને સંબોધ્યાં, 'અર્થાત્, તેંત્રીસ ટકા ખટલાઓમાં આ નિષ્ણાત મહાશયની જુબાની ખોટી પડી. તમે ઈચ્છો છો કે એક નિર્દોષ સ્ત્રીની આખી જિંદગી સળિયા પાછળ વીતે?'



ટોબીની અસીલ નિર્દોષ છૂટી ગઈ. થોડા દિવસ પછી ગોલ્ફ રમતાં ટોબીએ હેરીને કહ્યું, 'માફ કરજે, આમાં કશું અંગત નહોતું.' હેરી બોલ્યા, 'સરકારી વકીલે મને દૂર રાખવો જોઈતો હતો, તારાથી વધુ મને કોણ જાણે છે?' 'મારાં બન્ને અસીલો છૂટી ગયાં એનો મને આનંદ થવો જોઈએ, પણ...''પણ શું?' ટોબી અચકાઈને બોલ્યા, 'પણ ખૂન તો એમણે જ કરેલાં.'

આ વાર્તા વિશે

આ 'કોર્ટરૂમ ડ્રામા' છે. તેમની કથાઓ ઘટનાપ્રધાન છે, શૈલીપ્રધાન નહિ. જોકે તેમણે ઈંટરવ્યુમાં કહ્યું હતું કે તેઓ એકંદરે સત્તરેક મુસદ્દા (ડ્રાફ્ટ) લખ્યા પછી જ પ્રકાશકને સોંપે છે. વકીલનું કૌશલ્ય તેમણે ઉલટતપાસના સંવાદો વડે આબાદ દર્શાવ્યું છે. પ્રો. હેરીની શૈક્ષણિક લાયકાત તો એની એ જ છે, પણ પહેલી અદાલતમાં તેમને ઊંચા આસને બેસાડ્યા પછી ટોબી બીજી અદાલતમાં તેમને ભોંયભેગા કરે છે. લીડ્સની જ્યુરી સમક્ષ તે લીડ્સના શિક્ષણનો મહિમા કરે છે, જ્યારે લંડનની કોર્ટમાં 'આ તો લીડ્સવાળો' એવું દર્શાવી દ્વેષ જન્માવે છે. અમેરિકાની 'આઈવી લીગ' યુનિવર્સિટીની પીએચડી ડીગ્રીને ઈંગ્લેંડમાં સ્વીકૃતિ નથી, કહી ઉતારી પાડે છે. પહેલા ખટલામાં હથિયાર નવ ફીટ દૂર પડેલું અને બીજા ખટલામાં મરનારના હાથમાં જ હતું, તોય બન્ને આત્મહત્યા હતી એવી છાપ સફળતાથી ઊભી કરે છે. કોર્ટમાં જોરશોરથી ઝઘડનારા પ્રોફેશનલ, કોર્ટની બહાર દિલોજાન દોસ્તદારો હોઈ શકે તે પણ દર્શાવાયું છે. મિસકેરેજ ઓફ જસ્ટિસ- ન્યાય ન મળી શકવાનાં અનેક કારણો હોય છે, તેમાંનું એક તે હોશિયાર વકીલની દલીલો. કહેવાયું છે કે અદાલતમાં 'કેસ વેલ્યુ' નહિ પણ 'ફેસ વેલ્યુ' જોવાય છે. એક કબર પર કોતર્યું હતું, 'અહીં સૂતા છે એડવોકેટ માઈકલ પિન્ટો. એક પ્રામાણિક વ્યક્તિ.' આ વાંચીને રાહદારી બોલી ઊઠ્યો, 'એક કબરમાં બબ્બે માણસ!'

કાર્ટૂન કોર્નર - કાનજી




# પરિપક્વ પ્રેમ બોલે છે-પરિશુદ્ધ પ્રેમ સાંભળે છે

**લેન્ડસ્કેપ**
**સુભાષ ભટ્ટ**

પાનખર એક એવી કાવ્ય કેડી છે જેના પર તમે લટાર મારી શકો છો.
- લોરા જાર્વોસ્કી

પાનખર માત્ર ઋતુ નથી પણ જીવન-ચૈતન્યની એક અવસ્થા છે, અભિવ્યક્તિ છે, મિજાજ છે. વસંત તો અધુરી કથા છે- જીવન હોય કે સંબંધ. જ્યારે પ્રેમ-મૈત્રી પરિપક્વ, પરિપૂર્ણ અને પરિશુદ્ધ બને ત્યારે તે પાનખરમાંથી પણ પસાર થાય છે. પ્રકૃતિ અને માણસ એકમેકનો પડછાયો અને પડઘો છે. લેટ ગો કે લેટીંગ ગો એટલે ખેર જવા દો ને. જ્યારે પર્ણો ખરે કે મૈત્રી અસ્ત થાય ત્યારે આ સૂત્ર મુલ્યવાન બની જાય છે. પર્ણો જ્યારે પૃથ્વીના પ્રેમમાં પડે ત્યારે ખરે છે. દરેક પર્ણ પ્રેમમાં નિર્વાણ પામે છે. પણ હા, દરેક ખરતાં પર્ણનો સ્મિત સાથે એક જ સંદેશ હોય છે; હું ફરી આવીશ. પાનખરનું એક સૌન્દર્ય હોય છે. તેમાં પરિપક્વતા અને પરિપૂર્ણતા બન્ને છે. તેમાં પ્રકૃતિની અઢળકતા પ્રત્યે અહોભાવ અને આભારવશતા પણ છે. તેમાં સ્મરણોનું નોસ્ટાલજીઆ પણ છે. તેમાં આવી રહેલા ટાઢાબોળ શિયાળાની પ્રસ્તાવના પણ છે.

'કલ્ટીવેટીંગ સેક્રેડ સ્પેસ' નામના પુસ્તકમાં લેખિકા એલિઝાબેથ મરેએ ચાર ઋતુઓના સંદર્ભમાં વિશ્વના કેટલાક શ્રેષ્ઠ બગીચાની વાતો કરી છે. તેના સ્વર્ગસ્થ મિત્ર જીરાલ્ડને અર્પણ કર્યુ છે. લખ્યું છે, 'તારા હિંમતભર્યા દ્રષ્ટાંતથી તેં મને દેખાડ્યું કે માનીએ તે જીવવાનું કોને કહેવાય...'

જીરાલ્ડ અને એલીઝાબેથ વચ્ચે અલૌકિક સર્જનાત્મક મૈત્રી હતી. બન્ને જીવન પ્રેમી-પ્રકૃતિ પ્રેમી હતા. સંબંધની સમાંતરે તેઓ એક બગીચો પણ વિકસાવતા ગયા. ફૂલો માત્ર પાણી અને ખાતરથી નથી ખીલતાં, તેમાં આત્મીય નિસ્બત અને પ્રેમાળ માવજત પણ જોઈએ-મૈત્રીની જેમ જ. તે બન્નેએ બગીચા વચ્ચે જ શ્વેત પત્થરોના વર્તુળ વચ્ચે અગ્નિવેદી રચી. તેમાં મૈત્રીની શાશ્વત જ્યોત પ્રગટાવી. અઢળક ફૂલો અને સુગંધના ઢગલા વચ્ચે, મિત્રોની વાતો અને ગીતો વચ્ચે પરણ્યાં. લગ્નના માત્ર અઢી મહિના બાદ જીરાલ્ડને બ્રેઈન ટ્યુમર થયું. પછી તો પીડા, હોસ્પિટલ અને સર્જરી. જીરાલ્ડ વાંસની લાકડીના ટેકે બગીચામાં ચાલતો-બેસતો. ક્ષીણ થતું શરીર પણ જીવનના સૌન્દર્ય પ્રત્યેની નિષ્ઠા અને અહોભાવ અકબંધ. હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા પછી તેને બગીચામાં શણગાર્યો અને સુવાડ્યો. ફરી બધા મિત્રોએ ફૂલો-રંગો-સુગંધ પાથરી-ઉછાળી. તેના સ્મૃતિ-મંદિરમાં દીવા કર્યા. બધાની ચેતનાનું કેન્દ્ર આ બગીચો બની ગયો. પરોઢ સુધી સૌ જીરાલ્ડ અને તેના બગીચાની સ્મૃતિ અને સુવાસ વચ્ચે બેઠાં. મધ્યમાં પ્રગટેલ અગ્નિમાં દરેકે પોતે જીરાલ્ડને સંબોધીને લખેલા પત્રો, સ્વપ્નો, પ્રાર્થનાઓ, ઈચ્છાઓની અગ્નિમાં આહુતિ આપી.

બગીચો હોય કે મૈત્રી, વાવ્યા વીના ઉગતી નથી. બન્નેમાં આત્મ ચૈતન્યનો વિસ્તાર છે. બન્નેને ઉલ્લાસ, ઉજાસ અને ઉષ્માની જરૂર છે. બન્નેમાં વસંત અને પાનખર હોય છે. બન્નેનો આત્મા રૂપાંતરણમાં વસે છે. બન્નેમાં આત્માનું બાગીયત અનિવાર્ય છે. આમ બગીચો અને મૈત્રીમાં ઘણું સામ્ય છે.

પ્રેમ અને પ્રકૃતિમાં એક લક્ષણ સમાન છે; વસંતને બોલવું છે, પાનખરને સાંભળવું છે. કદાચ, પ્રેમની પરિપક્વતા બોલવામાં છે અને પ્રેમની પરિશુદ્ધિ અને પરિપૂર્ણતા સાંભળવામાં છે-મૌનમાં છે.

**હોટલાઈન**
**અનુસંધાન**

બગડવાના કિસ્સા બમણા થઈ ગયા હોવાનું જણાયું હતું.

બાળરોગોના બીજા એક નિષ્ણાત નેફ્રોલોજિસ્ટ કહે છે કે તેમણે છ મહિનાની નાની વયનાં બાળકોમાં પણ પથરી જોઈ છે. અગાઉ કરતાં વધુ બાળકોમાં આ બીમારી જોવા મળે છે. અમેરિકન સંશોધકોના મતે પૂરતું પાણી નહિ પીતાં અને વધુપડતા મીઠા (સોલ્ટ)વાળી ચીજો ખાતાં બાળકોમાં પથરી જલદી બંધાય છે. માત્ર ખારી ચિપ્સ કે ફ્રેન્ચ ફ્રાઈઝ ખાવાથી જ નહિ, પરંતુ સેન્ડવિચ માંસ, ડબ્બાબંધ (કેન્ડ) સૂપ, પેકેજ કરેલું ભોજન જાતજાતના એનર્જી અને સ્પોર્ટ્સ ડ્રિન્કસ પણ બાળકોમાં પથરી પેદા કરે છે અને કિડની બગાડે છે.

બીજી લાંબા સમયની બીમારીઓની જેમ જ મૂત્રપિંડના રોગથી પીડાતા બાળકોમાં મા-બાપ ખૂબ નિરાશ થઈ જાય છે અને તેને કારણે તેઓ જુદા જુદા તબીબો પાસે અભિપ્રાય માગે છે. અથવા વૈકલ્પિક તબીબી પધ્ધતિનો આશ્રય લે છે અથવા તો 'ઉંટવૈદ્યો' પાસે સારવાર કરાવે છે. જેમને નાણાંકીય રીતે પોસાય તેમ હોય તેઓ વિદેશ જઈને બાળકની સારવાર કરાવે છે.

આ ક્ષેત્રમાં તબીબી સંશોધને ખૂબ મોટું પ્રદાન આપ્યું હોવા છતાં રોગમાંથી કાયમી મુક્તિ મેળવવામાં હજુ ઘણી બધી મર્યાદાઓ છે. સારવાર ખૂબ ખર્ચાળ હોવા છતાં અત્યંત અસરકારક હોય છે, પણ તેને માટે પોતાના વ્યવસાયને પૂરેપૂરો સમર્પિત હોય તેવા તબીબો, પરિચારિકાઓ અને અન્ય કર્મચારીઓ અનિવાર્ય બની રહે છે. સહેજ નીચલી કક્ષાએ, બાળકોમાં શરૂઆતના તબક્કે જ આ રોગનું નિદાન અને સારવાર થઈ શકે તે માટે બાળકોના રોગોના નિષ્ણાતો (પેડીઆટ્રીશીઅન્સ)ને મૂત્રપિંડના રોગોના નિષ્ણાતો (નેફ્રોલોજીસ્ટ્સ) માટે જરૂરી તાલીમ આપવામાં આવે છે. આજકાલ, બાળકો પર નિદાન અને સારવાર માટે જરૂરી જણાય તે બધાં પરીક્ષણો કરી શકાય છે.

એક વર્ષથી ઓછી વયનું હોય તેવા બાળક પર પણ મૂત્રપિંડ પ્રત્યારોપણનું ઓપરેશન કરી શકાય છે. સંસદમાં પસાર કરવામાં આવેલા કેડેવેરીક ટ્રાન્સપ્લાન્ટ બિલને કારણે બાળકોમાં મૂત્રપિંડના પ્રત્યારોપણના પ્રયાસોને નવો વેગ મળ્યો છે. સંશોધન, માહિતીનો ઝડપી પ્રસાર કરવાના પ્રયાસો અને રોગના સંબંધમાં વધતી જતી જાગરૂકતાને કારણે મૂત્રપિંડના રોગથી પીડાતા બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ જણાય છે. થોડા વર્ષો પહેલાં સુધી જ બાળકોમાં મૂત્રપિંડની નિષ્ફળતા તદન અસાધ્ય મનાતી હતી તે ધ્યાનમાં રાખીએ તો આ સિધ્ધિ ખૂબ મોટી કહેવાય.

**ઝાકળઝંઝા**
**અનુસંધાન**

સમજાવી દીધો. અમે તો માત્ર ગરબા અને ઉત્સવ ઉજવતા હતા, પણ તેં આ ઉત્સવને ભક્તિ અને જીવનનું દર્શન બનાવી દીધું.'

એ જ ક્ષણે પાછળથી મીઠો રણકાર સંભળાયો.

'પપ્પા!'

જીયા દોડતી આવી અને આદિત્યના ગળામાં હાથ નાખી દીધા. 'પપ્પા, તમે અહીં કેમ બેઠા છો? ચાલો ને, હવે છેલ્લો રાઉન્ડ બાકી છે. મમ્મી અને જુઈ પણ બોલાવે છે.'

પાછળ એકતા અને જુઈ પણ આવી પહોંચ્યા. એકતાએ આદિત્યની આંખોમાં રહેલી ભીનાશ પારખી લીધી. તે કંઈ બોલી નહીં, પણ તેની આંખોમાં પોતાના પતિ પ્રત્યે અગાધ આદર, પ્રેમ અને સમર્પણ સ્પષ્ટ વંચાતું હતું. અઢાર વર્ષના દાંપત્યજીવનમાં શબ્દો વિના પણ એકબીજાના હૃદયની વાત સમજી જવાની એક અનોખી ભાષા બંને વચ્ચે કેળવાઈ ચૂકી હતી.

'ચાલો પપ્પા, આજે આઠમ છે, તમારી સાથે એક રાઉન્ડ તો રમવો જ પડશે. રાસ શરૂ થશે એટલે તમે નહીં આવો.' જુઈએ આદિત્યનો હાથ પકડતાં લાડથી કહ્યું. આદિત્ય ઊભો થયો. તેણે એકવાર આકાશ તરફ જોયું, મનોમન માં અંબાને પ્રણામ કર્યા, પછી એકતા સામે અને પોતાની બંને દીકરીઓ સામે જોયું. તેના ચહેરા પર એવું તેજ હતું જે માત્ર સાચા સમર્પણ અને સંતોષથી જ આવી શકે.

**Sports ફન્ડા**
**અનુસંધાન**

આ તમામ વિવાદો છતાં ઝ્વેરેવે ટેનિસ કોર્ટમાં ટકી રહેવા માટે સંઘર્ષ જારી રાખ્યો.

પગની ઘુંટીની ઈજામાંથી તે લાંબા રિહેબ પ્રોગ્રામ બાદ બહાર આવી શક્યો હતો.આ પછી તેણે ૨૦૨૪માં ફ્રેન્ચ ઓપનની અને ૨૦૨૫માં ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં પ્રવેશ કર્યો, પણ તેને ત્યાં હારનો સામનો કરવો પડ્યો હતો.જોકે ૨૦૨૬માં તેણે ત્રણ ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં રમવાની સાથે ફ્રેન્ચ ઓપન અને યુએસ ઓપન જીતી લીધી હતી.

હવે વિશ્વના ટોચના ખેલાડી બનવાનું કલ્પનાતીત ગૌરવ તેને મળ્યું છે. જોકે તેની સામે યુવા સુપરસ્ટાર ખેલાડીઓ સિનર અને અલકારાઝ સામે તેની પ્રતિભાને સાબિત કરવાનું દબાણ છે. હવે ટેનિસની આગામી સિઝનમાં ઝ્વેરેવ, સિનર અને અલકારાઝ વચ્ચે ટેનિસ કોર્ટમાં પ્રભુત્વ માટેનો ત્રિપાંખીયો જંગ જોવા મળશે.

**મેનેજમેન્ટ**
**અનુસંધાન**

વેચવામાં ઘણા કુશળ છે. તેમને આપણા માલની ક્વોલીટી કન્ટ્રોલમાં થોડીક...

સંતોષ મહાજન : ગયા વર્ષ કરતા આપણા માલની ક્વોલીટી....

પરીમલ દાસગુપ્તા : આપણે હવે તદ્દન નવી મશીનરીથી કામ કરીએ છીએ

સંતોષ મહાજન : માલની ક્વોલીટી કન્ટ્રોલ વિષે હું આપને એ જણાવવા માગું છું કે...

પરીમલ દાસગુપ્તા : અત્યારે આપણે માલની ક્વોલીટી કન્ટ્રોલની ચર્ચામાં પડતા નથી.

સંતોષ મહાજન : છેલ્લા વર્ષમાં આપણું એક વાર કાપડ બનાવવાનું સરાસરી ખર્ચ....

પરીમલ દાસગુપ્તા : તમે એમ કહેવા માગો છો કે ખર્ચ ઘટ્યું છે પરંતુ તેનું કારણ આપણા કાચા માલની ગુણવત્તા સુધરી છે. ઓ. કે. યુ કેન ગો બેક ટુ યોર ઓફીસ.

અહીં ઈન્ટરવ્યુ પૂરો થાય છે.

આ સમગ્ર ઈન્ટરવ્યુની કેટલાક મેનેજમેન્ટના વિદ્વાનોને ટ્રાન્સક્રીપ્ટ આપવામાં આવી અને તેઓએ આ અંગે નીચે પ્રમાણે 'કમેન્ટસ' કરી.

પરીમલ દાસગુપ્તા સંતોષ મહાજન પોતાની વાત પૂરી કરે તે પહેલા જ તેમની વાતને વચ્ચેથી કાપી નાખે છે. (૧) કંપનીના વડા પરીમલ દાસગુપ્તાનું વર્તન તોછડું અને ઉદ્ધત હતું. તેમનો સંતોષ મહાજન વિષેનો અભિપ્રાય શરૂઆતથી જ નેગેટીવ જણાય છે. તેઓએ આ ઈન્ટરવ્યુ પહેલા જ પોતાનો અભિપ્રાય નક્કી કરી લીધેલો જણાય છે. પરીમલ દાસગુપ્તામાં ધીરજનો અભાવ હતો. કારણ કે તેઓ સંતોષ મહાજન કાંઈ કહેવા જાય તે પહેલા જ તેમને દરેક વખતે બોલતા અટકાવી દેતા હતા. તેમને સંતોષ મહાજનની સમસ્યાઓ કે મુશ્કેલીઓ જાણવામાં જરા પણ રસ ન હતો. તેઓ સંતોષ મહાજન પર પ્રભુત્વ (ડોમીનેશન) ભોગવવા માગતા હતા તેથી સંતોષ મહાજનને અપમાન, અવગણના અને અવહેલનાની લાગણી થાય તે સ્વાભાવિક છે.

વળી સંસ્થાના વડા પરીમલ દાસગુપ્તાએ આ ઈન્ટરવ્યુ વિષે જરા પણ પ્લાનિંગ (પૂર્વ આયોજન) હોય તેમ જણાતું નથી - કોઈ પણ પૂર્વતૈયારી તેઓએ કરી નથી.

પરીમલ દાસગુપ્તાએ ઈવેલ્યુએશન ઈન્ટરવ્યુમાં શું કરવું જોઈતું હતું ? તે અંગે કેટલાક નીચેના સૂચનો તેમને ઉપયોગી થઇ શકે તેમ છે : (૧) સંતોષ મહાજનને બોલતા કે જવાબ આપતા વારંવાર અટકાવી દેવા તે પરીમલ દાસગુપ્તાની ગંભીર ભૂલ હતી. અંગ્રેજીમાં કહેવત છે કે 'લીસનીંગ ઈઝ એન આર્ટ'. સાંભળવું એ પણ એક કળા છે. આ કળા પરીમલ દાસગુપ્તામાં જણાતી નથી. (૨) ભૂતકાળમાં સંતોષ મહાજનને કઈ રીતે અન્યાય થયો હતો તે વાતને તેમણે સાંભળવી જોઈતી હતી. આ બાબતને દાસગુપ્તાએ દાબી દીધી છે. (૩) સંતોષ મહાજનને એમ કહેવું જોઈતું હતું કે, તમે આટલા વર્ષોથી કંપનીમાં કામ કરી રહ્યા છો એટલે કંપનીને તમારી જરૂર છે અને તમારામાં છૂપી તાકાતો પણ છે. અમે તમને વધુ કાર્યક્ષમ બનાવવા માગીએ છીએ. તમને છૂટા કરવાનો કોઈ સવાલ જ નથી. (૪) સંતોષ મહાજને ભૂતકાળમાં જે કાંઈ કામગીરી કરી તેને પરીમલ દાસગુપ્તાએ ધ્યાનથી સાંભળવાની જરૂર હતી.

(૫) સંતોષ મહાજન ભવિષ્યમાં પોતાની કામગીરી સુધારે તે માટે તેમને 'મોટીવેટ' કરવાની દાસગુપ્તાની ફરજ હતી. (૬) અત્યારે સંતોષ મહાજન કંપનીમાં કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તે માટે તેમને પરીમલ દાસગુપ્તાએ ધ્યાનથી સાંભળવા જોઈતા હતા. (૭) સંતોષ મહાજનની ભૂતકાળની કામગીરીનું વર્ણન પરીમલ દાસગુપ્તાએ સહાનુભૂતિથી સાંભળવાની જરૂર હતી. (૮) સંતોષ મહાજનની સાથે ચર્ચા કરીને ભવિષ્યમાં તેઓ કયા ધ્યેયો સિધ્ધ કરશે તેનું ટાઈમ-ટેબલ તબક્કાવાર બનાવવામાં પરીમલ દાસગુપ્તાએ સંતોષ મહાજનને દોરવણી આપવાની હતી.

**કેમ છે, દોસ્ત**
**અનુસંધાન**

'નવા જમાના પાસે નવા વિચારો હોય છે. વડીલોએ એ વિચારોનું સ્વાગત કરવું એ જ ગૃહસ્થધર્મનો એક મહત્વનો હિસ્સો બનવું જોઈએ.' મુ.કુમાર, ચાલો આપણે આઈસ્ક્રીમ ખાઈ મોં મીઠું કરીએ.

અને પાવક, સ્તુતિ તથા હર્ષકુમાર ખુશખુશાલ થઈ ગયા હતા. અને સાદી વિધિથી પાવક. અને સ્તુતિને પતિ-પત્ની બનાવ્યાં હતાં. ગોરમહારાજે કન્યા વિદાયનો સમય જણાવ્યો ત્યારે સ્તુતિએ કહ્યું : 'અમને વળવવાની જરૂર નથી. અમે અમારો વિદાય સમારંભ જાતે જ ગોઠવી લીધો છે. અહીંથી અમે સીધાં એરપોર્ટ જઈશું અને હવાઈ મુસાફરી કરી સીધા દૂબઈ ફરવા જઈશું. પંદર દિવસે પાછા ફરીશું. મારે ગૃહિણી ના લેબલની તાત્કાલિક જરૂર નથી.'

તપસ્યાએ 'ન બોલ્યામાં નવ ગુણ' સમજી હસતા મોઢે પુત્ર અને પુત્રવધૂને વિદાય આપી હતી. આવનાર ભવિષ્ય તેના સંકેતો પહેલેથી આપી દેતું હોય છે, એ વાત તપસ્યાને યાદ આવી.

પંદર દિવસ પછી પાવક અને સ્તુતિ યાત્રા માણી પરત આવ્યાં હતાં. બીજે દિવસે અગિયાર વાગ્યા સુધી સ્તુતિ નિદ્રાધીન હતી. ઉઠીને તેણે નોકર પાસે બેડ-ટી મંગાવી હતી. સ્તુતિએ તપસ્યાને કહ્યું : 'મમ્મીજી, મને ઘરના ટ્રેડિશનલ ખોરાકનો સ્વાદ માણતાં સમય લાગશે, એટલે હમણાં અમે હોટલમાં જ જમવાનું રાખીશું અને ક્યારેક ક્યારેક રાત્રિ રોકાણ પણ હોટલમાં જ કરીશું. એક વાત યાદ રાખજો મમ્મીજી, ક્યાં અને કેમ' પ્રશ્ન મને ક્યારેય પૂછવાનો નહીં. આવા પ્રશ્નો વ્યક્તિની આઝાદી પર તરાપ સમાન છે. અને પાવક હવે મારો છો, માત્ર મારો તેની પર માત્ર મારો જ અધિકાર ચાલશે, અને હા સાંભળો મારા નામની આગળ 'શ્રીમતી' પણ નહીં લખું. હું હું છું... સ્તુતિ. મારી જાતને પાવકના નામથી ઓળખાવવા માગતી નથી. ઓકે ગુડબાય કરી ફેશનેબલ વસ્ત્રોમાં સજ્જ થયેલી સ્તુતિ પોતાના પપ્પાએ આપેલી વૈભવી કારમાં પાવક સાથે વિદાય થઈ હતી.

આનંદકુમાર ભાવનાશીલ હતાં. પુત્રના પારણામાંથી અને વહુનાં બારણામાંથી લક્ષણો પ્રગટ થતાં હોય છે. પુત્રવધૂએ તો લગ્ન પછી ઘરના ઉંબરે પગ મૂકવાને બદલે સ્વૈરવિહાર માટે દૂબઈને વહાલું ગણ્યું હતું. તેમણે તપસ્યાદેવીને પૂછ્યું હતું : 'તપસ્યા, તું આ સ્તુતિ સાથે કેવી રીતે એડજસ્ટ થઈ શકીશું ?'

'એડજસ્ટ થવામાં જ વડીલપણું સમાયેલું છે. આપણે તેમની જીવનશૈલીના સાક્ષી બનવાનું છે. પાવકનો પુત્ર તરીકેનો પહેલો રોલ પૂરો થયો. હવે બીજો રોલ શરૂ થાય છે પતિ તરીકેનો. એ રોલનું દીગ્દર્શન સ્તુતિ જ કરશે. હું કે તમે નહીં. આપણને સૂચન કરવાનો અધિકાર પણ સૂચનો સ્વીકારવાં કે નહીં તેનો નિર્ણય તો દિગ્દર્શક જ કરી શકે. એમની સ્વતંત્રતાની ભૂખને આંસુનો અર્ધ્ય ન આપવામાં જ આપણી ભલાઈ છે.' તપસ્યાદેવીએ આનંદકુમારને સમજાવતાં કહ્યું હતું.

એ વાતને એક મહિનો થયો. સ્તુતિની ઉધ્ધતાઈ વધતી જતી હતી. એ તપસ્યાદેવી અને આનંદકુમારનું ધરાર અપમાન કરતી હતી.

આનંદકુમારે કહ્યું : 'તપસ્યા, નવા પક્ષીને જૂનો માળો ન ગમે, એ વાત સ્વીકારવી જ રહી. મેં આપણી સમસ્યાનો ઉકેલ શોધી કાઢ્યો છે. સ્તુતિ અને પાવક માટે એક ફલેટ ખરીદી દીધો છે. આપણે એ બન્નેનો આશીર્વાદ સાથે વિદાય આપીશું. જમાનાની તાસીર અને તસવીર આ જ છે.'

એ પછી અઠવાડિયે સ્તુતિનો જન્મ દિવસ આવતો હતો. એણે મિત્ર-વર્તુળમાં એક પાર્ટીનું આયોજન કર્યું હતું. એણે કહ્યું : 'મમ્મીજી, તમને અનુકૂળ હોય તો મેં ગોઠવેલી પાર્ટીમાં આવજો.'

તપસ્યાએ કહ્યું : 'પાર્ટીમાં અમે આવીએ કે ન આવીએ, પણ બર્થ-ડેની ગિફટ તો તને અમે અત્યારે જ આપવા માગીએ છીએ.'

'કેવી ગિફ્ટ ?' સ્તુતિ એ પૂછ્યું'તને મનગમતી જિંદગી જીવવાની છૂટવાળી ગિફ્ટ. લો આ ફલેટની ચાવી. ફલેટ મેં સજાવીને તૈયાર કરાવ્યો છે. તને મનગમતો તારો માળો.'

સ્તુતિએ પ્રથમવાર ઉમળકાભેર તપસ્યાદેવીને પગે લાગતાં કહ્યું : 'મમ્મી, યુ.આર.ગ્રેટ' તમારાં જેવાં સાસુ સહુ દીકરીઓને મળજો ?

વડપણ વળગળ બને તો અનેક અનર્થો સર્જે. કોઈપણ યુગમાં વડીલત્વ વળગણ ન જ બનવું જોઈએ.

**સિનેમા એક્સપ્રેસ**
**અનુસંધાન**

એનિમેશન, જેનરેટિવ ઓડિયો, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, રેફરન્સ, સ્ટોરીબોર્ડિંગ અને ફિલ્મમેકિંગના કોર્સીસ છે. અન્ય વિકલ્પની વાત કરીએ તો GoogleVeo 3.1/Flow પણ સરસ છે. વિઓ રેફરન્સ ઈમેજ, કેરેક્ટર કન્સિસ્ટન્સી, ફર્સ્ટ-લાસ્ટ ફ્રેમ કંટ્રોલ, કેમેરા કંટ્રોલ, એક્સટેન્શન અને ઈન-બિલ્ટ ઓડિયોને સપોર્ટ કરે છે. બધાં જ સબસ્ક્રિપ્શન લેવાની જરૂર નથી. આ બંનેમાંથી એક પસંદ કરો - કાં રનવે અથવા ગૂગલ વિઓ/ફ્લો.

અવાજ (વોઈસ) માટે માણસોનો વાસ્તવિક અવાજ રેકોર્ડ કરવો બેસ્ટ ઓપ્શન છે. એઆઈ ટૂલ્સની વાત કરીએ તો ઓડેસિટી (માણસોના અવાજના રેકોર્ડિંગ તથા સાફસફાઈ માટે), ડાવિન્ચી રિઝોલ્વ (સાઉન્ડ એડિટિંગ અને વીડિયો એડિટિંગ માટે) અને ઈલેવનલેબ્સ (વોઈસ ક્લોનિંગ અને ટેક્સ્ટ-ટુ-સ્પીચ કન્વર્ઝન માટે)ના ફ્રી વર્ઝનથી શરૂઆત કરો. પહેલી શોર્ટ ફિલ્મ બનાવ્યા પછી જરૂર જણાય તો જ પેઈડ વર્ઝન લો.

આ થઈ હાર્ડવેરની વાત. હવે ફિલ્મમેકિંગ પણ આવીએ. એમ વિચારો કે હું ૨૦ મિનિટની એક એવી ફિલ્મ બનાવવા જઈ રહ્યો છું જેમાં કદાચ ૧૫૦થી ૨૦૦ ખૂબ કાળજીપૂર્વક તૈયાર કરેલા શોટ્સ હશે.

આજના એઆઈ વીડિયો જનરેટર્સ સામાન્ય રીતે ટૂંકી ક્લિપ્સ બનાવે છે. દાખલા તરીકે, રનવેનું વર્તમાન જેન-૪ મોડેલ પાંચ કે ૧૦ સેકન્ડની ક્લિપ્સ બનાવે છે, જ્યારે જેન-૪.૫ મોડેલ બે થી ૧૦ સેકન્ડ સપોર્ટ કરે છે. લાંબી ફિલ્મ બનાવવા માટે આ રીતે તૈયાર થયેલા અનેક શોટ્સ જોડવા પડે. તેથી ફિલ્મમેકરે એઆઈને એમ નથી કહેવાનું કે મારી ફિલ્મ બનાવી આપ. એણે કહેવાનું છે કે મને આ શોટ આપ. પછી હવે આ શોટ આપ. ત્યાર બાદ હવે મને રિએક્શન શોટ આપ વગેરે. પછી આ તમામ શોટ્સનું એડિટિંગ થાય, ને તેના સરવાળે આખરે ફિલ્મ બને.

એક મિનિટ. એઆઈને હાથ લગાવતાં પહેલાં તમારે ફિલ્મમેકિંગની કળા સમજવી પડે. કશુંય જનરેટ કરતાં પહેલાં કમસે કમ ચારેક અઠવાડિયાં જેટલો સમય ફિલ્મમેકિંગને સમજવા પાછળ ખર્ચો. સ્ક્રીનપ્લેનું થ્રી-એક્ટ સ્ટ્રક્ચર, પાત્રોનો ઉદ્દેશ, એમની જર્ની, ટકરાવ, શોટની સાઈઝ, કેમેરા એંગલ્સ, કન્ટીન્યુઈટી, એડિટિંગ, સાઉન્ડ ડિઝાઈન - આ બધી કઈ ચિડિયાઓનું નામ છે તે ઊંડાણપૂર્વક જાણવું પડે. તે માટે તાત્કાલિક કોઈ ફિલ્મ ઈન્સ્ટિટ્યુટમાં એડમિશન લેવા દોડવાની જરૂર નથી. યુટ્યુબ પર આ વિષય પર કંઈકેટલાય ઉત્તમ વીડિયોઝ ફ્રીમાં અવેલેબલ છે. તેનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરો. નોટબુક બનાવો. અગત્યના પોઈન્ટ્સ તેમાં ઉતારતા જાઓ. તમારી મનગમતી ફિલ્મનો મનગમતો ચાર-પાંચ મિનિટનો સીન લો. તેને ફરી ફરીને કેટલીય વાર જુઓ. એક વાર સામાન્ય દર્શકની જેમ જોઈ જાઓ. પછી ફરી ફરીથી જુઓ અને આ રીતે નોંધ કરતા જાઓઃ શોટ ૧- વાઈડ, શોટ ૨- ક્લોઝ-અપ, શોટ ૩ - રિએક્શન, શોટ ૪ - ઓવર-ધ-શોલ્ડર, શોટ ૫ - ઈન્સર્ટ, શોટ ૬ - વાઈડ વગેરે. તમને અચાનક તેને સમજાશે કે ફિલ્મ દ્રશ્યોથી નથી બનતી, તે શોટ્સથી બને છે.

પહેલી ફિલ્મ એકદમ નાની બનાવો. પહેલા જ ધડાકે ૯૦ મિનિટની ફિચર ફિલ્મ બનાવવાના પ્લાનિંગ નહીં કરવાના. શરૂઆત ત્રણ મિનિટની ફિલ્મથી કરો. પછી પાંચ મિનિટ, પછી ૧૦ મિનિટ, પછી ૨૦ મિનિટ ને પછી ફુલલેન્થ ફિલ્મ વિશે વિચારો. આ ચાર-પાંચ મિનિટની શોર્ટ ફિલ્મમાં પણ વ્યવસ્થિત વાર્તા હોવી જોઈએ, શરૂઆત-મધ્ય-અંત હોવા જોઈએ.

અગાઉ કહ્યું તેમ, સૌથી પહેલાં તમારે સ્ટોરી પર કામ કરવાનું છે ને તે માટે તમે ચેટજીપીટી સાથે બ્રેઈન સ્ટોર્મિંગ કરી શકો છો. ચેટજીપીટીને એવું ન કહો કે મને આખી ફિલ્મ લખી આપ. ના, આ કામ તમારે જ કરવાનું છે. તમે ચેટજીપીટી પર તમારી સ્ટોરી અને પાત્રો માટે જરૂરી રિસર્ચ કરી શકો, કેરેક્ટરાઈઝેશન, સ્ક્રીનપ્લેનું ડેપલપમેન્ટ, પ્રવાહિતા (ફ્લો) અને કદાચ સંવાદોની અસરકારકતા વિશે પણ ચેટજીપીટી સાથે ચર્ચા કરી શકો.

સ્ટોરી-સ્ક્રીનપ્લે લખાઈ જાય પછી સ્ટોરી બોર્ડ બનાવવાની જહેમત શરૂ કરો. એના જેવી ઉપયોગી ચીજ બીજી એકેય નહીં. સ્ટોરીબોર્ડ એટલે શું તે સમજવા માટે ગૂગલ કરી લો અથવા ચેટજીપીટીને પૂછો.

પછી આવે છે ઈમેજ અને વીડિયો જનરેશનનો સૌથી મહત્ત્વનો તબક્કો. તમારા પ્રોમ્પ્ટ્સ જેટલા સ્પષ્ટ અને વિગતવાર હશે તેટલું સારું પરિણામ મળશે. અલબત્ત, એક જ વારમાં પરિણામ મળી જશે એવી અપેક્ષા નહીં રાખવાની. એઆઈની આખી રમત જ આ છેઃ સતત પ્રયત્નો કરતા રહેવું, પ્રોમ્પ્ટ્સ બદલતાં રહેવું. પહેલાં આખરી વીડિયો લોક થયા પછી ઓડિયોનો વારો. આ બધું ઉમેરો- સંવાદો, વાતાવરણનો અવાજ (એમ્બિયન્સ), પગલાં, બારી-બારણાં ખૂલવાનો અવાજ, પવન, વરસાદ, પક્ષીઓ, વાહનોનો અવાજ, શાંતિ, સંગીત... વિઓ ૩.૧માં હવે સંવાદો અને વાતાવરણના અવાજની સુવિધા છે, છતાં પહેલી ફિલ્મ માટે સંપૂર્ણપણે જનરેટેડ ઓડિયો પર નિર્ભર ન રહેવું. પરંપરાગત સાઉન્ડ એડિટિંગના મૂળભૂત પાઠ તમને આવડતાં હોય તે હિતાવહ છે.

એડિટિંગ કરતી વખતે એકદમ નિર્દય બની જવાનું. એઆઈ ફિલ્મમેકર્સ માટે આ અતિ કઠિન પાઠ છે, કારણ કે મનમાં લાલચ થાય કે આહા, કેવો સરસ શોટ છે! પણ જો તે ઉપયોગી ન હોય તો ધડ્ દઈને શોટ ઉડાવી દેવાનો.

પહેલી ફિલ્મનું વાસ્તવિક બજેટ પાંચથી ૧૦ હજાર જેટલું રાખો. ૧ લાખ કે ૫ લાખ નહીં. આ પૈસા મુખ્યત્વે એઆઈ જનરેશન ક્રેડિટ્સ પાછળ વપરાય છે, કારણ કે અંતિમ શોટ મેળવવા માટે વારંવાર પ્રયાસ કરવા પડે છે. ઘણા શોટ્સ માટે ૪થી ૮ વર્ઝન બનાવવા પડે. આમ, એઆઈ ફિલ્મમેકિંગ સાવ 'મફત ફિલ્મમેકિંગ' તો નથી જ. ટૂંકમાં, ખર્ચ હવે કેમેરા અને સેટ્સ પાછળ નહીં, પણ કમ્પ્યુટિંગ પાવર અને ક્રેડિટ્સ પાછળ થવાનો છે... અને હા, ફિલ્મમેકર તરીકે તમારો સમય તો સોના કરતાંય વધારે કિમતી છે!

યાદ રહે, તમારી પહેલી ફિલ્મ પરફેક્ટ નહીં હોય. કશો વાંધો નથી. જુઓ કે તમે ક્યાં ભૂલ કરી છે? અથવા ક્યાં કચાશ રહી ગઈ છે? તે દૂર કરવાનો પ્રયાસ કરો. નિષ્ફળતાથી શરમાવાનું નહીં, નાહિંમત તો બિલકુલ થવાનું નહીં!

## શો સ્ટોપર

**'ના, હું 'કોફી વિથ કરન'માં કોઈ ક્રિકેટરને બોલાવવાનો નથી. આ મારી લાસ્ટ સિઝન છે. અકારણ કન્ટ્રોવર્સી થાય એવું શું કામ કરવું?'**

**- કરણ જોહર**

**સ્પેક્ટ્રોમીટર**
**અનુસંધાન**

રત્નો કે ખનીજના ક્રિસ્ટલ્સ ચોરસ દેખાય ખાંડની જેમ. પણ જ્વેલેરી માટે એને કર્વમાં કાપવા પડે. અને અંદર અણુ પરમાણુ પ્રોટોન ઈલેક્ટ્રોન તો ગોળ જ હોય ! એ પ્રદક્ષિણા પણ ગોળ જ ફરતા હોય. આપણું શરીર પણ કોષનું બનેલું છે જેનું ન્યુક્લીયસ જુઓ તો વળી ગોળ જ નીકળે ! બ્રહ્માંડમાં ચક્રગતિ છે. સીધી લીટી રસ્તા જેવી દેખાય એ પણ ગોળ બિંદુઓની બનેલી હોય !

તો ગરબો હોય કે ગ્રહો, બધાનો પ્રદક્ષિણાપથ ગોળાકાર જ કેમ હોય ? આસ્ક સાયન્સ.

■ ■ ■

ગતિમાન વસ્તુઓ માત્ર ત્યારે જ ગોળાકાર માર્ગ (સર્કલ) બનાવે છે. જ્યારે તેઓ સીધા જવાનો પ્રયાસ કરતી હોય, પરંતુ તેમને સતત કોઈ સેન્ટર પોઈન્ટ તરફ ખેંચવામાં આવતી હોય ! ફિઝીક્સનો નિયમ કહે છે કે કોઈપણ ગતિમાન વસ્તુ હંમેશા સીધી રેખામાં જ ચાલવા માંગે છે, જ્યાં સુધી કોઈ બાહ્ય બળ (ફોર્સ) તેને અટકાવે નહીં. આ ગોળાકાર માર્ગ એક ખાસ ખેંચતાણ (ટગ ઓફ વોર) ને કારણે બને છે. એક છે જડત્વ (ઈનર્શિયા) જેને લીધે વસ્તુ સ્થિર હોય સ્થિરતા અને હોય ગતિમાં હોય તો ગતિશીલતા જાળવી રાખવાનો પ્રયાસ કરે એ સ્થિતિ. બીજું છે, કેન્દ્રગામી બળ સેન્ટ્રીપેટલ ફોર્સ યાને કેન્દ્ર તરફ ખેંચાણ ઉભું કરતો બાહ્ય ફોર્સ. આ અંદરનું ખેંચાણ આગળની ગતિના બરાબર લંબ(પરપેન્ડીક્યુલર) હોવાથી એ ઝડપ નહિ પણ માત્ર તેની દિશા બદલે છે. આવું દર માઈક્રોસેકન્ડે સતત થયા કરે. એટલે જરાક જરાક સ્ટેપ ફરતા હો ત્યારે કદમ સીધી લીટીમાં પડે, પણ અંતે ધીરે ધીરે વર્તુળ રચાતું જાય એમ આ વળાંકવાળો રસ્તો એક પરફેક્ટ સર્કલ (ગોળાકાર)નું રૂપ ધારણ કરે ! આના માટે કોઈ સેન્ટર પોઈન્ટ તરફનું ખેંચાણ જોઈએ. ગરબે ઘૂમતી વખતે વચ્ચે મુકેલી ગરબીને કે અમુક જગ્યાએ કંઈ ના હોય તો શૂઝનો ઢગલો કરે એને સેન્ટર બનાવી બધા ફરે એટલે સુષુપ્ત માનસિક દબાણ રહે ગોળાકાર રચવાનું સબકોન્શ્યસ માઈન્ડમાં પ્રેશર રહેવાનું. જસ્ટ ઈમેજીન કે, તમે દોરીથી બાંધેલા દડાને ગોળ ફેરવો છો. જો તમે દોરી છોડી દો, તો દડો ગોળ ફરતો રહેશે ? ના, એ સીધી રેખામાં દૂર ફેંકાઈ જશે. કારણ કે ફિઝીક્સ મુજબ ગોળાકાર માર્ગ માત્ર ત્યાં સુધી જ જળવાઈ રહે, જ્યાં સુધી દોરી તેને અંદરની આંગળી તરફ ખેંચે !

આ વિજ્ઞાન પૃથ્વી ફરતે ચક્કર લગાવતા ચંદ્રને પણ લાગુ પડે. અને રોડ પર જયારે ટર્ન લો ત્યારે કારને આગળ લઇ જતી સ્પીડને ટાયર ને રોડ વચ્ચેનું ઘર્ષણ યાને ફ્રિકશન અંદર તરફ ધકેલે એ દ્રશ્યને પણ લાગુ પડે. મેરી ગો રાઉન્ડમાં આકાશમાં ફંગોળાતી પાલખીને પણ લાગુ પડે. કોઈ વસ્તુ જેટલી ઝડપમાં હોય, તેને સીધા રસ્તા પર જતા રોકવા અને સર્કલમાં જાળવી રાખવા માટે એટલું જ મજબૂત અંદરનું કેન્દ્ર તરફનું ખેંચાણ જોઈએ.

પણ ધરી પર ફરતા ભમરડામાં કે સિંકમાં ગોળ ફરીને પાઈપમાં ઉતરતા પાણીમાં ગોળ ફરવાની સ્પીડ દેખાય એમાં ગુરુત્વાકર્ષણ નીચે પાડવા મથતું હોય. પણ ફરતી ગતિ એને સીધું રાખે. જેમ ગતિ ગુમાવે એટલે એ નીચે પડવા લાગે. મુખ્ય સિદ્ધાંત એક જ છે - વસ્તુઓ સીધી રેખામાં જ ગતિ કરવા માંગે છે, પરંતુ હવાનું દબાણ, પરિભ્રમણ યાને રોટેશન અથવા પૃથ્વીની ગતિ તેમને એક સુંદર અથવા શક્તિશાળી રાઉન્ડ સર્કલમાં ઢાળી દે છે. આઈસ સ્કેટરને ફુદરડી ફરવી હોય તો ફેલાયેલા હાથ ભેગા કરે કે તરત સ્પીડ વધી જાય એન્ગ્યુલર મોમેન્ટમ/કોણીય વેગમાનનું સંરક્ષણ લાગુ પડે. અને વંટોળિયો કોરોલિયસ ઈફેક્ટને લીધે ગોળ ડમરી ચડાવે. (હવે એ શું એવું પૂછવું પડે એનો અર્થ એ કે સાયન્સને બદલે ધાર્મિક કે ચાંપલાઘેલા મેસેજો વાંચવામાં જિંદગી કાઢી છે!) જ્યારે કોઈ પૈડું કે ભમરડો ખૂબ જ ઝડપથી ધરી પર ફરે છે, ત્યારે તે અવકાશમાં પોતાની દિશા બદલવાનો સખત વિરોધ કરે છે. એને હલાવવા જાવ તો પણ અકબંધ રહેવા કોશિશ કરશે, રાસ રમતા ભાન ભૂલેલા ખેલૈયાનો ધક્કો તમને લાગી જાય એ ફરતા રહે એમ !

આ સાયન્સ છે જાયરોસ્કોપિક ઈનર્શિયા. સ્માર્ટફોનમાં સ્ક્રીન રોટેટ થાય છે ને પોઝીશન બદલાવો હાથમાં એમ આડી ઉભી. એ કેમ થાય છે એનો વિચાર કર્યો છે? એમાં ટચૂકડી જાયરોસ્કોપ ચિપ હોય છે જે દ્રશ્યને એકસરખું રાખવા મથે છે આંખ સામે. બંદૂકની ગોળી પણ નળીની અંદરના વળાંકને લીધે સીધી લીટીમાં દૂર સુધી ભમરડાની જેમ ખુદની ધરી પર ગોળ ફરતી જાય છે. અને સાયકલના ટાયર પણ સ્પીડમાં હોય ત્યારે એમ જ બેલેન્સ જાળવે છે એટલે આપણે પડી નથી જતા ! ન્યુટન હી ન્યુટન હૈ જહાં ભી દેખો !

■ ■ ■

જે રાઉન્ડ છે એ પૂર્ણ છે. સ્ત્રીનું વક્ષ હોય કે ઘટાદાર વૃક્ષ ! જીમમાં જાવ તો હેલ્થ સુધરતા માટલા જેવી ફાંદ ઘટે તો ગોળ નાભિ સરખી દેખાય, પણ હિપ્સ ફૂલ રાઉન્ડ બને. જુના જમાનાના ચાંદલાની જેમ કે ગોળાકાર રચતા ગરબા જુઓ ત્યારે વિજ્ઞાન અઘરું લાગે તો એટલું વિચારજો કે ભારતીય તત્વજ્ઞાન મુજબ સમયનો પ્રવાહ સીધી લીટીમાં નથી. કાળચક્ર છે. જન્મ, મૃત્યુ, પુનર્જન્મ એમ નિરંતર ચક્ર ચાલતું જ રહે છે. જે અનંત છે. ને શૂન્યથી ભાગો એટલે અનંત ઈન્ફિનીટી જ આવે ! સૂર્યની ઉર્જા ફરતે ગ્રહો ગરબા જ રમે છે ને આમ તો !

આમ પણ ગોળાકારમાં કોઈ આગળ નથી, કોઈ પાછળ નથી. કોઈ ઉપર નથી. કોઈ નીચે નથી. બધા જ સમાન છે. પૂરી હોય કે ફુગ્ગો, ગોળાકાર સમાનતાનો આકાર છે. આગળ વાંચ્યું ને, એમાં ઉર્જા સરખા ભાગે વહેંચાય છે. એટલે શૂન્ય માટે જગતે એ પસંદ કર્યો છે ને શૂન્ય થઇ શકે એ પૂર્ણ થઇ શકે એવી સંકલ્પના ભારતે આપી છે. ગરબાના સર્કલની જેમ માનવજાતનું જ્ઞાન પણ આ એકબીજા સાથે જોડાયેલું અને એટલે અનંત છે!

## ફાસ્ટ ફોરવર્ડ

**સંબંધ રાખો તો વર્તુળ જેવો, વર્તુળને હોય છે કદી છેડો ?**

## બ્રહ્માંડનો અદ્રશ્ય ૮૫ ટકા હિસ્સો

'બ્રહ્માંડના કુલ દ્રવ્યના લગભગ ૮૫ ટકા જેટલા અગાધ હિસ્સાનું નિર્માણ ડાર્ક મેટર કરે છે.' છતાં આજ દિન સુધી માનવજાતમાંથી કોઈએ તેને પ્રત્યક્ષ રીતે જોયું નથી.' જો સેનફોર્ડની ખાણમાં નોંધાયેલી, આ ઘટના સંપૂર્ણપણે સાચી સાબિત થઈ જાય, તો તે આધુનિક ભૌતિકશાસ્ત્રનું સદીઓ જૂનું સૌથી ગૂઢ રહસ્ય ઉકેલી નાખશે. આ રહસ્યમય કણને પામવા પાછળ વૈજ્ઞાનિક સંઘર્ષ અને જિજ્ઞાસાનો કેવો અદ્ભુત ઐતિહાસિક વારસો છુપાયેલો છે? તે જાણવું રોમાંચક છે. આ સંઘર્ષની કથા લગભગ ૯૦ વર્ષ જેટલી જૂની છે. સમયના ચક્રને પાછળ ફેરવીએ તો, ૧૯૩૦ના દાયકામાં સ્વિસ ખગોળશાસ્ત્રી ફ્રિટ્ઝ ઝ્વિકી આકાશ તરફ નજર માંડીને, તારાવિશ્વોના વિશાળ સમૂહની ગતિ માપી રહ્યા હતા. અવલોકનો નોંધતાં તેમને એક ચોંકાવનારો ખ્યાલ આવ્યો કે 'આ તારાવિશ્વોની વિશાળ સમૂહની ગતિ, તેમની ગણતરી મુજબ હોવી જોઈએ. પરંતુ તારાવિશ્વો તેમની ગણતરી કરતાં ઘણી વધુ તોફાની ઝડપે ઘૂમી રહ્યા હતા. સામાન્ય નિયમ એવો કહે છે કે 'જો ત્યાં માત્ર આપણી આંખે દેખાતું દ્રવ્ય જ હાજર હોય, તો આટલી અસાધારણ ઝડપે ફરતાં તમામ તારાવિશ્વો, ક્યારનાય અંતરીક્ષમાં વિખેરાઈ જવા જોઈતા હતા.' જેમ વહેતા પવનના આધાર વગર, કોઈ પતંગ આકાશમાં સ્થિર ટકી શકતો નથી, તેમ કોઈ પ્રચંડ વધારાના ગુરુત્વાકર્ષણ બળ વિના આ તારાવિશ્વો અંતરીક્ષમાં ક્યારેય સ્થિર રહી શકે નહીં. આ અણદેખ્યા બળના સ્ત્રોતને ઓળખાવવા, ઝ્વિકીએ તે સમયે જર્મન શબ્દ 'ડન્કલ મટીરી' પ્રયોજ્યો હતો. જેનો સાદો અર્થ થાય છે 'અદ્રશ્ય દ્રવ્ય'. ૧૯૭૦ના દાયકામાં અમેરિકન મહિલા ખગોળશાસ્ત્રી વેરા રુબિનના અથાક સંશોધનોએ વિસરાઈ ગયેલા ફ્રિટ્ઝ ઝ્વિકીનાં સિદ્ધાંતને અતૂટ સમર્થન પૂરું પાડ્યું. રુબિને ચોકસાઈપૂર્વક દર્શાવ્યું કે 'તારાવિશ્વોની છેવાડાની ધારે આવેલા તારાઓ પણ કેન્દ્રની નિકટ આવેલા તારાઓ જેટલી જ પ્રચંડ ઝડપથી ભ્રમણ કરી રહ્યા હતા.

# 2.6 સિગ્મા : 250 વૈજ્ઞાનિકો, એક ઓર્કેસ્ટ્રા અને બ્રહ્માંડનું અધૂરું ગીત?

## ઝ્વિકીના 90 વર્ષ જૂના સવાલનો જવાબ ક્યાં છુપાયો છે?

**ફ્યુચર સાયન્સ**

**કે.આર.ચૌધરી**

દક્ષિણ ડાકોટાની ભૂમિની નીચે, આશરે એક માઈલ જેટલા અંધારા પેટાળમાં, સેનફોર્ડ ભૂગર્ભ સંશોધન સંસ્થા આવેલી છે. સપાટીથી છેક ઊંડે, જ્યાં પૃથ્વીનું ધબકતું જીવન અને દિવસ-રાતનો કોઈ તફાવત વર્તાતો નથી, ત્યાં માનવ ઈતિહાસની સૌથી શાંત અને સૌથી ધીરજવાન વૈજ્ઞાનિક તપાસ ચાલી રહી છે. લગભગ ૧૦ ટન અતિ શુદ્ધ પ્રવાહી ઝેનોન વાયુથી ભરેલું એક મહાકાય ડિટેક્ટર વર્ષોથી અત્યંત સતર્કતા સાથે, માત્ર એક અણસારની રાહ જોઈને બેઠું છે. વૈજ્ઞાનિકોની પરિભાષામાં કહીએ તો, આ કોઈ સામાન્ય યંત્ર નથી, પરંતુ એ એક વિશાળ, અતિ સંવેદનશીલ કાન સમાન છે. એક એવો કાન, જે સમગ્ર બ્રહ્માંડના સૌથી ધીમા, સૌથી ક્ષીણ અને રહસ્યમય અવાજને સાંભળવા માટે દિવસ-રાત મથી રહ્યો છે. આપણા વૈજ્ઞાનિકો પણ માત્ર ગુરુત્વાકર્ષણની અસર પરથી, આ સમગ્ર વિશ્વનિર્માણના અદ્રશ્ય પાયાને પારખવાની કોશિશ કરી રહ્યા છે. આપણને જે પદાર્થ નજરે ક્યારેય ચડતો નથી, તે જ હકીકતમાં, સમગ્ર બ્રહ્માંડમાં સૌથી વધુ વિપુલ પ્રમાણમાં વ્યાપ્ત છે. આ અદ્રશ્ય સૃષ્ટિનો તાગ મેળવવા રચાયેલા લક્સ-ઝેપ્લિન, અથવા ટૂંકમાં એલઝેડ નામનો પ્રયોગ ચાલી રહ્યો છે. તાજેતરમાં અહીં એક અસામાન્ય ઘટના નોંધાઈ છે. આ આખીય મથામણ પાછળનો નાયક છે : એક અનોખો કણ એટલે કે 'ડાર્ક મેટરનો કણ.'








## ઝ્વિકીના ૯૦ વર્ષના કોયડાનો ઉકેલ?

ડાર્ક મેટરનો કોઈ એક અદ્રશ્ય કણ પ્રવાહી ઝેનોનના પરમાણુ સાથે ટકરાય ત્યારે પ્રવાહી ઝેનોનમાં થોડો પ્રકાશ અને મુક્ત ઈલેક્ટ્રોન છૂટા પડે છે. આ અતિ ક્ષીણ સિગ્નલને ડિટેક્ટરના સેન્સર, તુરંત પકડી લેવા માટે તૈયાર બેઠા હોય છે. અગાઉના વિશ્લેષણ દરમિયાન વૈજ્ઞાનિકો સામાન્ય રીતે ઓછી ઊર્જા ધરાવતી ટક્કરો તપાસતા હતા, તેમાં કશું હાથ લાગ્યું નહોતું. પરંતુ આ વખતે એલઝેડ ટીમે પોતાની દિશા બદલીને, વધુ ઊર્જાવાળી હાઈ-એનર્જી ટક્કરો પર, પોતાનું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આખા ડેટાની કડક ચકાસણીના અંતે, સંબંધિત ઊર્જા વિસ્તારમાં માત્ર એક જ અસામાન્ય ઘટના જોવા મળી હતી. ભૌતિકશાસ્ત્રની સામાન્ય પ્રક્રિયાઓ કે પૃષ્ઠભૂમિ ઘોંઘાટમાંથી, આવી ઘટના આપોઆપ ઉપસી આવવાની શક્યતા, માત્ર ૦.૫ ટકા જેટલી નહિવત હોય છે. જોકે આ એકમાત્ર ઘટના, ડાર્ક મેટરના સૌથી સાદા અને પ્રચલિત મોડેલ સાથે, પૂરેપૂરી સુસંગત થતી નથી. 'ડાર્ક મેટરના કણો વિવિધ ઊર્જા સ્તરો ધરાવતા હોઈ શકે છે, જો એવું હોય તો ઝેનોન સાથેની અથડામણ માટે વધારાની ઊર્જા અનિવાર્ય બને છે.' બર્કલી લેબના વૈજ્ઞાનિક મૂલ્યાંકન મુજબ, જો આ કણ અસ્તિત્વ ધરાવતો હોય તો, તેનું સંભવિત દળ ઓછામાં ઓછું ૨૦૦ ગિગા ઈલેક્ટ્રોનવોલ્ટ (GeV) જેટલું વિશાળ હોવું જોઈએ, એટલે કે આપણા પરિચિત પ્રોટોન કણ કરતાં પણ આશરે ૨૦૦ ગણું વધારે ભારે. અમુક ગાણિતિક મોડેલો અનુસાર સૂર્યની આસપાસ પૃથ્વીની ભ્રમણકક્ષાની બદલાતી સ્થિતિને કારણે ચોક્કસ ઋતુઓમાં આવી કણ-ટક્કરો વધવાની શક્યતા રહે છે. પ્રખ્યાત ફર્મિલેબ સાથે સંકળાયેલા હૂપરે, ડાર્ક મેટર જેવા અટપટા વિષય પર સામાન્ય વાચકો માટે 'ડાર્ક કોસ્મોસ : ઈન સર્ચ ઓફ અવર યુનિવર્સિસ મિસિંગ માસ એન્ડ એનર્જી'નામનું લોકપ્રિય પુસ્તક લખ્યું છે. ભૌતિકશાસ્ત્રી લિસા રેન્ડલના પુસ્તક 'ડાર્ક મેટર એન્ડ ધ ડાયનોસોર્સ'માં, વૈજ્ઞાનિકોના આ જ લાંબા અને અકળ સંઘર્ષની અત્યંત રસપ્રદ ચર્ચા આપણને વાંચવા મળે છે.

## ડાર્ક મેટર : કણાદથી કેલિફોર્નિયા સુધી

ઐતિહાસિક તારણોમાંથી પ્રેરણા લઈને, સૈદ્ધાંતિક વિજ્ઞાનીઓએ ધીરે ધીરે એક નવો સૈદ્ધાંતિક માર્ગ કંડાર્યો, જેને પાર્ટિકલ ફિઝિક્સમાં વિમ્પ અથવા 'વીક ઈન્ટરેક્ટિંગ મેસિવ પાર્ટિકલ' નામ આપવામાં આવ્યું. આ એક એવા કાલ્પનિક કણો છે, જે આપણી આસપાસના સામાન્ય પદાર્થ કે દ્રવ્ય સાથે ભાગ્યે જ ક્યારેક અથડાય છે. તેમના આ જ શરમાળ પ્રકૃતિને લીધે, તેમને પ્રયોગશાળામાં પકડવા એ ભૌતિકવિજ્ઞાનનું સૌથી દુષ્કર કામ બની ગયું છે. માર્ચ ૨૦૨૩થી એપ્રિલ ૨૦૨૪ વચ્ચેના ૨૨૦ દિવસના વૈજ્ઞાનિક ડેટાનું, અત્યંત બારીક વિશ્લેષણ કરતાં ટીમના હાથમાં એક એવી કણ-ક્રિયા આવી ગઈ છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે 'શું આ ખરેખર ડાર્ક મેટરનો પ્રથમ સીધો અને નક્કર પુરાવો છે?' વિજ્ઞાનના ચોપડે આંકડાકીય પુરાવો માત્ર ૨.૬ સિગ્મા જેટલો જ નોંધાયો છે. દુનિયામાં શોધની સત્તાવાર જાહેરાત કરવા માટે, અનિવાર્ય એવા ૫ સિગ્મા હોવા જોઈએ. આ સિદ્ધાંતોને સાચા સાબિત કરવાની તાલાવેલીમાં, સમગ્ર વિશ્વમાં અત્યંત સંવેદનશીલ ડિટેક્ટરોનું નિર્માણ શરૂ થયું હતું. જ્યાં બ્રહ્માંડના બાહ્ય ઘોંઘાટનો ખલેલ ન પહોંચે, ત્યાં અમેરિકા, ઈટાલી અને ચીન જેવા અગ્રણી દેશોએ ભૂગર્ભ ડિટેક્ટરો ગોઠવ્યા છે. વર્ષ ૨૦૨૦માં ઝેનોન૧ટી નામના પ્રયોગમાં એક રહસ્યમય સંકેત ઝિલાયો હતો. પરંતુ કમનસીબે પછીના ઊંડા સંશોધનમાં તે સંકેત લાંબો સમય ટકી શક્યો નહીં. રસપ્રદ રીતે, આપણી પ્રાચીન ભારતીય પરંપરામાં પણ આ પ્રકારની 'અદ્રશ્ય શક્તિ' અને અગોચર વિશ્વની ગહન ચર્ચાઓ જોવા મળે છે. મહર્ષિ કણાદના વૈશેષિક દર્શનમાં સૂક્ષ્મ અદ્રશ્ય પરમાણુ-તત્વોની જે તાત્વિક વાત મળે છે, તે આજના આધુનિક વિજ્ઞાનની અદ્રશ્ય દ્રવ્યને પામવાની પ્રબળ જિજ્ઞાસા સાથે અજબ રીતે સંવાદ સાધતી જણાય છે. એલઝેડ પ્રયોગના અગ્રણી પ્રવક્તા રિક ગેટ્સકેલ અને શિકાગો યુનિવર્સિટી અને પ્રખ્યાત ફર્મિલેબ સાથે સંકળાયેલા સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી ડેન હૂપરના સમર્પણથી આ શક્ય બન્યું છે.

## કુદરતનો ઈશારો કે વૈજ્ઞાનિક ભ્રમણા?

જો ડાર્ક મેટરનું અસ્તિત્વ હશે તો આવી વધુ ઘટનાઓ ફરીથી બનશે. આકાશમાંથી પડતું એક ટીપું વાદળ ભરેલા ચોમાસાની ખાતરી આપી શકતું નથી, તેમ કણની એક અથડામણ એ શોધની અંતિમ સાબિતી બની શકતી નથી. પરંતુ જો ટીપાં વધીને સતત વરસાદ શરૂ થાય તો પરિસ્થિતિ બદલાઈ જાય છે. વધુ ઘટનાઓ મળશે તો ૨.૬ સિગ્માનું પ્રારંભિક પરિણામ પાકા ઐતિહાસિક પુરાવામાં ફેરવાઈ જશે. જો નવી ઘટનાઓ નહીં મળે તો આ ઘટનાને બેકગ્રાઉન્ડ એરર ગણીને છોડી દેવી પડશે. વાત પૂરી કરતાં ભૌતિકશાસ્ત્રના બે અદ્ભુત તથ્યો યાદ રાખવા જેવા છે. વિજ્ઞાનમાં પાંચ સિગ્માની ખાતરીનો અર્થ એ થાય છે કે 'નોંધાયેલું પરિણામ આકસ્મિક સંયોગ હોવાની શક્યતા ૩૫ લાખ પ્રયાસોમાં માંડ એક જ વાર બની શકે.' બીજું વિસ્મય એ છે કે 'જે ડાર્ક મેટરને આપણી આંખો સીધી રીતે જોઈ શકતી નથી, તેનું અસીમ ગુરુત્વાકર્ષણ બળ સુદૂર બ્રહ્માંડમાંથી આવતા, તારાવિશ્વોના પ્રકાશને પણ વાંકો વાળી શકે છે. બ્રહ્માંડના આ અદ્ભુત પ્રભાવને વિજ્ઞાનની ભાષામાં ગુરુત્વાકર્ષણ લેન્સિંગ તરીકે ઓળખવામાં આવે છે.

ભવિષ્યમાં ડાર્ક મેટરની શોધની અસર પાર્ટિકલ ફિઝિક્સ પૂરતી મર્યાદિત નહીં રહે. તે સમગ્ર બ્રહ્માંડની સંરચના, તારાવિશ્વોના નિર્માણ અને બ્રહ્માંડના ભાવિ અંતને સમજવાના આપણા દ્રષ્ટિકોણને ધરમૂળથી બદલી નાખશે. ભૂતકાળમાં ઝેનોન૧ટીના અલ્પજીવી ઉત્સાહમાંથી બોધપાઠ લઈને, સમગ્ર વૈજ્ઞાનિક જગત આજે વધુ પરિપક્વ અને સંયમિત બન્યું છે. દક્ષિણ ડાકોટામાં એલઝેડ ડિટેક્ટર કાર્યરત છે, તો બીજી તરફ ચીનનું અદ્યતન પંડાએક્સ ડિટેક્ટર, પણ આ વૈશ્વિક સ્પર્ધામાં કદમ મિલાવી રહ્યું છે. શું આવનારો ડેટા આ આછા સંકેતને પૂર્ણ સત્યમાં ફેરવી દેશે? કે પછી તેને માત્ર એક અસ્પષ્ટ પડછાયો ગણીને ભૂંસી નાખશે? શું માનવજાત પોતાની જિજ્ઞાસાના બળે, આ અનંત બ્રહ્માંડના સૌથી ગૂઢ રહસ્યના પડદાને ઊંચકી શકશે?

## ઉમેશનું 'રેન્ટ એ ટ્રી'

**આજકાલ**

**પ્રીતિ શાહ**

ઉનાળાની રજામાં બાળકો આંબાં પર ચડીને કાચી કેરી ખાવાની મજા માણતા અને કેરી ક્યારે પાકે તેની રાહ જોતા. આવો આનંદ માણવો એ જીવનનો જ એક ભાગ હતો, પરંતુ ધીમે ધીમે લોકો ગામ છોડીને શહેરમાં રહેવા લાગ્યા. શહેરમાં પણ જગ્યા ઓછી હોવાથી વૃક્ષો કપાતાં ગયાં અને ઘરમાં બજારમાંથી કેરી આવવા લાગી. હાફૂસ, કેસર, દશહરી, બંગનાપલ્લી જેવી કેરી વિશેષ લોકપ્રિય બની.



કોચીમાં જન્મેલો ઉમેશ દામોદરન બૅંગલુરુમાં એડટેક સ્ટાર્ટઅપ ચલાવતો, તેથી ૨૦૧૮થી ૨૦૨૩ દરમિયાન અનેક વાર બૅંગલુરુ અને કોચી વચ્ચે પ્રવાસ કરવાનું બનતું. એક વખત એ કેરળના પલક્કડમાં થતી ઍક્સપોર્ટ ક્વૉલિટીની હાફૂસ કેરી બૅંગલુર લઈ ગયો અને પડોશીને ત્યાં તેમજ પોતાના મિત્રોને આપી. ફરી જ્યારે તે કોચી જવાનો હતો, ત્યારે પડોશીએ કહ્યું કે તમે લાવ્યા હતા તેવી કેરી લેતા આવશો? ત્યારબાદ પડોશી એ કેરીના એટલા પ્રેમમાં પડી ગયા કે ઉમેશને પૂછ્યું કે આ આંબાની બધી કેરી મળી શકે ખરી?

આ પ્રશ્નમાંથી જન્મ થયો 'રેન્ટ એ ટ્રી'નો અને એ કુટુંબ તેનું પ્રથમ ગ્રાહક બન્યું! ૨૦૨૪ના સપ્ટેમ્બરમાં ઓર્ગાહાર્વ એગ્રિટેક એલએલપીનું રજિસ્ટ્રેશન કરાવ્યું અને તે અંતર્ગત 'રેન્ટ એ ટ્રી' બ્રાંડથી વ્યવસાય ચલાવે છે. તેમણે શરૂઆતમાં તમિલનાડુના ડિંડીગુલમાં પાંચ એકરનો બાગ ભાડે લીધો અને પ્રથમ સીઝનમાં જ સારો પ્રતિસાદ મળ્યો. આ કંપની પારંપરિક રીતે ફળ વેચવાને બદલે ફળનાં ઝાડ ભાડે આપવાનું કામ કરે છે. આ મૉડલ અંતર્ગત શહેરમાં રહેતી કોઈ પણ વ્યક્તિ એક સીઝન માટે આંબો ભાડે રાખી શકે છે ને તેની ખેતી, એની સંભાળ રાખવાનું કામ અને ફળની ડિલિવરીની જવાબદારી ઓર્ગાહાર્વ એગ્રીટેક કંપની સંભાળે છે.

'રેન્ટ એ ટ્રી'નું મૉડલ બહુ સરળ છે. ગ્રાહક તેના ઑનલાઈન પ્લેટફોર્મ પર જઈને એક વૃક્ષની પસંદગી કરે છે. દરેક વૃક્ષ એક યુનિટ જેવું છે. તે વૃક્ષની સિંચાઈ, પોષણ, સુરક્ષા - આ બધું કંપની કરે છે. વાર્ષિક દસ હજાર ત્રણસો રૂપિયાથી ભાડું શરૂ થાય છે. ગ્રાહકે જે વૃક્ષ પસંદ કર્યું હોય, તેના પર એના નામની પ્લેટ લગાવવામાં આવે છે અને આઈડી આપવામાં આવે છે. તેનું સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે. એક સીઝન પૂરતું જ બુકિંગ કરવામાં આવે છે. મહિનામાં બેથી ચાર વખત માહિતી આપવામાં આવે છે. આઠ-દસ દિવસ પહેલાં જાણ કરીને ગ્રાહક તેની રૂબરૂ મુલાકાત લઈ શકે છે.

હાફૂસ કેરીના ઝાડનું ભાડું તેના ઉત્પાદન પ્રમાણે જુદું જુદું હોય છે. સાડા બાર હજાર, સોળ હજાર અને વીસ હજાર ભાડું હોય છે, કારણ કે કેટલાક આંબા પર ત્રીસથી પચાસ કિલો, કેટલાક પર પિસ્તાળીસથી પંચોતેર કિલો અને કેટલાક પર સાઠથી નેવું કિલો કેરીની ઉપજ મળે છે. વધુમાં વધુ નેવું કિલો કેરી મળે છે. ગ્રાહકે તેનો સંપર્ક અને સરનામું ચકાસીને આપવાના હોય છે, જેથી કંપનીને ડિલીવરી કરવામાં તકલીફ ન પડે. ગ્રાહક અને કંપની વચ્ચે ડિજિટલ એમ.ઓ.યુ. કરવામાં આવે છે અને જો કોઈ વિવાદ ઊભો થાય તો ભારતીય કાયદા પ્રમાણે કોચીમાં તેનો ઉકેલ લાવવામાં આવશે એવું જણાવવામાં આવે છે. જોકે આવું હજી બન્યું નથી.

'રેન્ટ એ ટ્રી' દ્વારા ઘણી સમસ્યાઓ ઓછી થઈ જાય છે. જેમકે કેરી ઝાડ પર વધુ પાકી જાય તો તેને બજાર સુધી પહોંચાડતા જ બગડવા માંડે છે, અને પછી તેને કેમિકલથી પકવવામાં આવે છે. તેનાથી કેરીનો સ્વાદ અને ગુણવત્તા બંને પ્રભાવિત થાય છે. જ્યારે 'રેન્ટ એ ટ્રી'માં તો ગ્રાહક નક્કી જ હોય છે, તેથી કેરી ઝાડ પર પાકી થાય પછી તેને તોડવામાં આવે છે અને કોઈ મધ્યસ્થી વિના એના ઘરે મોકલવામાં આવે છે તેથી તેનો સ્વાદ જળવાઈ રહે છે. સામે પક્ષે ખેડૂતને બજારની તેમજ ભાવની અનિશ્ચિતતામાંથી મુક્તિ મળે છે. આજે ઉમેશ દામોદરન મહારાષ્ટ્રના રત્નાગિરિમાં, તમિલનાડુના ડિંડીગુલમાં અને કેરળના પલક્કડમાં મળીને અઢીસો એકર જમીન પરનાં વૃક્ષોનું સંચાલન કરે છે અને તેના દોઢસોથી પોણા બસો ગ્રાહકો છે. ઉમેશ કહે છે કે શરૂઆત ભલે ધીમી છે, પરંતુ ભવિષ્ય ઉજ્જવળ છે. ગ્રાહક ખેડૂત નથી બનવાનો, પણ સમગ્ર પ્રક્રિયા સાથે તે જોડાય છે. શહેરમાં રહેતા લોકો તો એ જાણવા માગે છે કે તેમનું ભોજન ક્યાંથી આવે છે. કોવિડ પછી તો ફાર્મ ટૂ ટેબલનું વલણ વધી ગયું છે. કેરીના વૃક્ષની સફળતાથી પ્રેરાઈને તે વિદેશી ફળ રામબુતન અને મેંગોસ્ટીનના વૃક્ષો પણ ભાડે આપવાનું વિચારે છે. આ મોડલ પરિવર્તનનો સંકેત આપીને ખેતીને એક નવું પ્લેટફોર્મ બનાવી રહ્યું છે. જેમાં જમીન ડિજિટલ મિલકત છે અને વૃક્ષ આવક ઊભી કરવાનું યુનિટ બની શકે છે.

**ઉમેશ કહે છે કે શરૂઆત ભલે ધીમી છે, પરંતુ ભવિષ્ય ઉજ્જવળ છે. ગ્રાહક ખેડૂત નથી બનવાનો, પણ સમગ્ર પ્રક્રિયા સાથે તે જોડાય છે**

## શ્રુતિની સશક્તીકરણની નેમ

શ્રુતિ શ્રીવાસ્તવના માતા-પિતા સરકારી નોકરી કરતા હોવાથી મધ્યપ્રદેશનાં શહેરો અને જિલ્લાઓમાં તેનો ઉછેર થયો. માતા-પિતાની જ્યાં બદલી થાય ત્યાં તે શહેરના વાતાવરણમાં શ્રુતિ સહજતાથી ગોઠવાઈ જતી. તેના ઘણા બધા મિત્રો સામાન્ય ઘરના, મજૂરવર્ગના કે ઘરેલુ કામકાજ કરતા હોય તેવા ઘરમાંથી આવતા હતા. શ્રુતિ સારી સ્કૂલમાં અભ્યાસ કરતી, પરંતુ તેની બહેનપણી સરકારી સ્કૂલમાં જતી હતી. સરકારી સ્કૂલમાં ઓછાં સંસાધનો વચ્ચે ભણવાનું હતું અને તેની બહેનપણી તેને કહેતી કે ઘણી વાર વર્ગમાં શિક્ષક ઊંઘી જાય છે. તે સમયે શ્રુતિને અસમાનતા કે નીતિ જેવી કોઈ સમજ પડતી નહીં, પરંતુ તેને આવી વાત મનમાં ખટકતી અને વિચારતી કે કેટલાક બાળકોને જે સુવિધા મળે છે, તે બધાં બાળકોને કેમ મળતી નથી. તે પછી માધ્યમિક સ્કૂલમાં તો છોકરા-છોકરી વચ્ચે કે આર્થિક અસમાનતાને કારણે થતાં ભેદભાવને તે સ્પષ્ટ જોઈ શકતી અને માતા-પિતાને સતત પ્રશ્નો પૂછતી. શ્રુતિની સ્કીન ડાર્ક હોવાથી તેના દેખાવ વિશે પણ લોકો ટીકા-ટિપ્પણી કરતા હતા, આ બધી બાબતોમાંથી જે શીખવા મળ્યું, તે આજે એના જીવનમાં કામ કરતી વખતે ઉપયોગી બની રહ્યું છે અને તે છે અન્ય પ્રત્યેની સંવેદના, સહાનુભૂતિ.

શ્રુતિ શ્રીવાસ્તવ ૨૦૧૨માં મધ્યપ્રદેશમાંથી દિલ્હી અભ્યાસ કરવા આવી અને લેડી શ્રીરામ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. અહીં જુદા જુદા રાજ્યોમાંથી, જુદી જુદી ભાષા જાણનારા અને જુદી સંસ્કૃતિમાંથી આવતી વિદ્યાર્થિનીઓને જોઈ. આ બધી બાબતોએ શ્રુતિનું વિશ્વ વિશાળ બનાવ્યું. તેણે જોયું કે તેના જેવી દેખાતી ઘણી સ્ત્રીઓ ખૂબ આત્મવિશ્વાસ સાથે અભ્યાસ કરે છે. તેણે પહેલીવાર અનુભવ્યું કે તેના દેખાવને લઈને કોઈ સમસ્યા નથી. તે ચેહલ નામની એન.જી.ઓ. સાથે જોડાઈ, જે ત્યાંની વિદ્યાર્થિનીએ શરૂ કરી હતી અને જરૂરિયાતમંદ બાળકોને ભણાવવાનું કામ કરતી સંસ્થા છે. તેમાં તે સ્નાતક થઈ ત્યાં સુધી - ૨૦૧૫ સુધી - સ્વયંસેવક તરીકે કામ કર્યું. તેનાથી તેને એ બાળકોનો સંઘર્ષ અને રોજિંદા જીવનની વાસ્તવિકતાનો પરિચય થયો. તેણે નક્કી કર્યું કે લોકો માટે કામ કરવું અને સ્વપ્ન જોયું યુપીએસસી પરીક્ષા પાસ કરવાનું!



૨૦૧૯માં તેણે પ્રીલીમ પાસ કરી, પણ ૨૦૨૦માં પિતા બીમાર પડ્યા અને તે પણ બીમાર પડી. ૨૦૨૧માં તેની મેઈન પરીક્ષા પહેલાં હાથમાં વાગ્યું તેણે પાટો બાંધીને પણ પરીક્ષા આપી. ૨૦૨૩માં શ્રુતિએ પ્રીલીમ અને મેઈન બંને પરીક્ષા પાસ કરી અને ઈન્ટરવ્યૂ આપવા જવાનું હતું, ત્યારે તેના મનમાં સતત એ પ્રશ્ન હતો કે સાત વર્ષની મહેનત પછી જો ઈન્ટરવ્યૂમાં પાસ નહીં થાઉં તો? પરંતુ ઈન્ટરવ્યૂ આપવા માટે રૂમમાં પ્રવેશ કરતાંની સાથે જ બધા વિચારો બંધ કરીને આત્મવિશ્વાસપૂર્વક જવાબો આપ્યા. સાત વર્ષની મહેનત, છ વખત પરીક્ષા આપી, ચાર વખત પ્રીલીમ પાસ કરી અને એક ઈન્ટરવ્યૂ આપ્યો, તેથી ૨૦૨૪માં જ્યારે પરિણામ આવવાનું હતું, ત્યારે એને વિશ્વાસ હતો કે તે પાસ થઈ જશે, પરંતુ પાસ થનારાની યાદીમાં તેનું નામ નહોતું. તે કહે છે કે જ્યારે તેનું નામ ન જોયું, ત્યારે જાણે પગ નીચેથી ધરતી સરકી ગઈ હોય તેવી અનુભૂતિ થઈ.

માતાએ શ્રુતિને કહ્યું કે, 'બહુ ઓછા લોકો ભારતના કેબિનેટ મંત્રીને જાણતા હશે, પરંતુ બાબા આમટે અને વિનોબા ભાવેને સહુ જાણે છે, કારણ કે એમણે સમાજ માટે કામ કર્યું છે. વ્યક્તિની કિંમત કોઈ પરીક્ષા કે પરિણામથી નથી થતી.' આ વાતની તેના મન પર ઊંડી અસર પડી. તેને સમજાયું કે સફળતા કે નિષ્ફળતાથી ઉપર ઊઠીને કામ કરી શકાય છે. એવામાં જ અચાનક એક તક મળી.

શ્રુતિ જ્યારે ચેહલ એન.જી.ઓ.માં જતી હતી, ત્યારે મૃણાલિકા રાઠોરને મળી હતી. મૃણાલિકાએ ૨૦૧૭માં સશક્તીકરણ ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી, પરંતુ તેણે સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરી અને આઈ.એ.એસ. તરીકે ઓડિશામાં નિમણૂક મળી હતી. તે ઈચ્છતી હતી કે તેનું ફાઉન્ડેશન ચાલુ રહે. તેથી તેણે શ્રુતિને કહ્યું કે તે આ ફાઉન્ડેશન ચલાવે. મૃણાલિકાને શ્રુતિમાં એટલો વિશ્વાસ હતો કે તે તેના જેટલી જ પ્રામાણિકતા અને નિષ્ઠાથી સશક્તીકરણ ફાઉન્ડેશન ચલાવશે. મૃણાલિકા અને શ્રુતિ બંનેનું લક્ષ્ય એક હતું, પણ મૃણાલિકા સિવિલ સર્વન્ટ બની અને શ્રુતિ સામાજિક કાર્યકર. આજે સશક્તીકરણ ફાઉન્ડેશન ગ્રામીણ ક્ષેત્રના બાળકોને શિક્ષણ આપવાનું કામ કરે છે. મહિલાઓને રોજગારી અને કૌશલ્ય શીખવે છે. આજે તે પ્રોજેક્ટ નીવ અંતર્ગત ટેબલેટ આપે છે. દસ સરકારી સ્કૂલ અને નવ રેસીડેન્શીયલ હોસ્ટેલના નવસો બાળકોને અભ્યાસમાં મદદ કરી રહી છે અને ત્રીસ મહિલાઓને રોજગારી અપાવી છે. નાનપણથી જ તેના મનમાં દરેકને સમાન તક મળવી જોઈએ, તેવી ભાવના પર આજે તે કામ કરે છે. બાળકનું ભવિષ્ય તે ક્યાં જન્મ્યો છે તેના પર શા માટે આધારિત રહેવું જોઈએ, તેવું માનનારી શ્રુતિ વાસ્તવ આજે ખુશ છે. દિવસના અંતે કંઈક અર્થસભર કામ કર્યાનો સંતોષ છે. તે કહે છે કે માર્ગ બદલાયો, લક્ષ્ય નહીં.

**બાળકનું ભવિષ્ય તે ક્યાં જન્મ્યો છે તેના પર શા માટે આધારિત રહેવું જોઈએ, તેવું માનનારી શ્રુતિ વાસ્તવ આજે ખુશ છે.**

## નવરાત્રિ અને આરતી

**આજમાં ગઈકાલ**

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

પ્રતિવર્ષ ગુજરાતમાં બે નવરાત્રીના ઉત્સવો ઉજવાય છે. ચૈત્રી નવરાત અને આસોની નવરાત. ચૈત્રી નવરાતની ઉપાસના પછી રામના જન્મનો મહિમા છે, અને આસોની નવરાત પછી રામના વિજયનો મહિમા છે. બંને નવરાત દરમિયાન શક્તિપૂજાનો મહિમા થાય છે. નવરાત્રીના પ્રથમ દિવસે ઘટસ્થાપન પછીના દિવસોમાં એ કુંભની આસપાસ ઉગાડેલા જવારાની પૂજા, અખંડ દીવો, ઉપવાસ, વિશ્વંભરી, દેવી અનુષ્ઠાન, વ્રત અને ગરબાનો માહોલ રચાય છે. ગુજરાતમાં અંબાજી, પાવાગઢ, ચામુંડા, પીપળાવ, ભાવનગર મુખ્ય ગણાય છે. ભાદરવી પૂનમથી શક્તિની ભક્તિનો પ્રારંભ થાય છે અને વિજ્યાદસમી સુધી એની સુવાસ ફેલાયેલી રહે છે. અંબેમા બધાં દુઃખોને દૂર કરનારી છે એવી શ્રદ્ધા અટલ છે. જય ભવાની, જય જય અંબેના ઘેરા નાદથી રસ્તાઓ ગુંજે છે. યાત્રિકોની સેવા કરનારા ભાવિકો પણ ઠેર ઠેર લાભ લઈ રહ્યા હોય છે. નવરાત્રિમાં જગદંબાનાં નવ દિવ્ય સ્વરૂપોનો ઉલ્લેખ પણ છે. શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘટા, કુષ્માંડ, સ્કંધ માતા, કાત્યાયની, કાળરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિદાત્રી આ માતાજીના નવ રૂપો છે. એના સાંકેતિક અર્થો પણ છે. શૈલપુત્રી ઉંચાઈએ બિરાજે છે, શરીરમાં મનમાં ચંદ્રમાં જેવું તેનું સ્થાન છે. સાત્વિકતાનો ધોધ ત્યાંથી વહાવે છે. બ્રહ્મચારિણી બ્રહ્મ-તપની મદદથી આપણને વાસના મુક્ત કરી ભક્તિમય બનાવે છે. ચંદ્ર ઉપર હોય તેવી શીતળતા બક્ષનારી ત્રીજી શક્તિ 'ચંદ્રઘટા' આપણને શાંતિ આપે છે. કુષ્માંડાના હાથમાં કળશ છે. કળશમાં મદિરા છે. સૂર્ય ન્હોતો ત્યારે પૃથ્વી ઉપર પ્રકાશ તે શક્તિ દ્વારા પ્રાપ્ત થયો હતો તેવી વાયકા છે. સ્કંધમાતા સિંહાસન ઉપર બેઠેલાં છે - કાર્તિકેયની માતા સ્કંધ છે તેજસ્વીતા ત્યાંથી પ્રાપ્ત થાય છે. કાત્યાયની રાક્ષસી વૃત્તિનો સંહાર કરે છે. ઋષિમુનિઓએ તે દેવીનો સહારો લીધેલો તેવા પ્રમાણો મળે છે. કાળરાત્રિનો ડર લાગે પણ લાંબા હોઠ, કાન ધરાવે છે. શરીર ઉપર તેલ ચોળ્યું છે. ડાબા પગમાં લોખંડની ડાળી છે. વાળમાં કંટક દેખાય છે. નિંદ્રા સમયે તે રક્ષણ કરે છે. તે શુભ ફળ આપે છે. મહાગૌરી એ આઠમું રૂપ છે તે શ્વેત વસ્ત્રધારી છે. વૃષભ ઉપર આરૂઢ છે. કઠોર તપ કરવાથી પાર્વતીજી શ્યામ થઈ ગયા ત્યારે શિવજીએ તેમને ગંગાજળમાં સ્નાન કરાવ્યું ત્યારે પાર્વતી ગોરા બન્યાં. ગૌરી પૂજા પણ શુભદાયી છે અને છેલ્લે સિધ્ધિદાત્રી. ગાંધવો, યક્ષો અને દેવો જેની પૂજા અર્ચના કરે છે તે સિદ્ધિદાત્રી છે જેનો મહિમા માર્કંડપુરાણમાં નોધાયો છે. અહિમા, મહિમા, ગરિમા, લધિમા, પ્રાપ્તિ પ્રાકામ્પ ઈશિત્વ અને વશિત્વ જેવી અષ્ટસિદ્ધિ કહેવાય છે તેની દાત્રીદેવી છે. વ્યંજનાની રીતે સમજીએ તો દીકરીનો જન્મ થાય તો તે શૈલપુત્રી બાળકી અને બ્રહ્મચારિણી, માસિકધર્મ પાળતી થાય ત્યારે ચંદ્રઘટા ગર્ભ ધારણ કરે ત્યારે કુષ્માંડા, માતૃત્વનો ધર્મ બજાવે સ્કંદમાતા પરિવાર માટે ઘસાઈ જઈ, સમર્પિત થઈ જતી કાત્યાયની છે. કાળનો માર સહન કરી જીવતી સ્ત્રી કાળરાત્રિ અને શ્વેતવસ્ત્ર ધારણ કરી મૃત્યુને વરી જતી મહાગૌરી, મુક્તિ પામતી સિદ્ધિદાત્રી છે. સ્ત્રીના જીવનની નવ અવસ્થાઓ સાથે પણ તેની તુલના થાય છે.



'જય આદ્યાશક્તિ' નામની અંબેમાની આરતી રોજ ગવાય છે. તેમાં આપણે કેટલાક શબ્દોનાં અજાણ્યે સરળતાને કેવા ઉચ્ચારણો કરીએ છીએ તેની આજે જાણકારી મેળવીએ (૧) 'જય આદ્યા' ને બદલે જય આધ્યા કહીએ છીએ 'દ' ને બદલે 'ધ' બોલીએ છીએ. (૨) 'જયો જયો મા જુગદંબે ને બદલે જય હો જય હો મા જગદંબે' એ સાચો ઉચ્ચાર જોઈએ. 'બ્રહ્મા ગણપતિ ગાએ' નથી બ્રહ્મા ગુણ તવ ગાએ મૂળમાં છે. અખંડ બ્રહ્માંડ નિપજાવ્યાં છે. (૩) 'હરગાએ હર મા' બે વખત હર ના હોય, હરિ ગાએ, હર મા હોવું જોઈએ. (૪) 'તરવેણી મા' સાંભળ્યું નથી, 'તારિણીમા' હોઈ શકે છે. (૫) 'ગૌરી ગીતા મા'માં ગીતાનું વિશેષણ ગૌરી કેવી રીતે હોય? ત્યાં ગવરી હોઈ શકે? (૬) 'સુનિવર-મુનિવર' નહિ હોય, સુરનર અને મુનિવર જ હશે. (૭) નવમી નવકુળ 'નાર' બોલાતું સંભળાય છે ત્યાં 'નાગ' છે. (૮) 'શિવ શક્તિ જાણું' વ્યાકરણની દ્રષ્ટિએ શિવશક્તિ જાણ્યાં જોઈએ. (૯) 'પંચમે ગુણ સઘળાં હોઈ શકે.' (૧૦) પડવે પ્રગટ્યા મા પંક્તિમાં 'પડવે પ્રગટ્યા મા' અનુસ્વાર જોઈએ. ભાષકના સરળતાને લીધે આ ઉચ્ચારણ દોષો હોઈ શકે, ક્યાંક સંપૂર્ણ સાચા ઉચ્ચારણો પણ થતાં હશે પણ પ્રજાને ઘણીવાર સરળતા મુજબનાં ઉચ્ચારણો કરવાની જ આદત હોય છે. એક બોલે એટલે બીજો પણ બોલે, પછી લેખનમાં પણ સ્વીકૃતિ પામે એવું બને છે. આપણે 'ઘેર' શબ્દ કેટલી સરળતાથી વાપરીએ છીએ. 'મારે ઘેર જવું છે', 'મારે ઘેર તમે આવજો' આ વાક્યોમાં મૂળ તો 'ઘર' શબ્દ છે તેને 'એ' અધિકરણના અર્થમાં અનુગ લાગે છે. જે 'સ્થળ'નો અર્થ આપે છે. 'એ' અનુગ ત્યાં 'ર'ને જ લાગે પણ આપણે 'ઘ'ને લગાડી દીધો છે. 'સરકારે ભ્રષ્ટાચાર સામે શું પગલાં લીધાં?' 'તમે પછી એ છોકરી અંગે શું વિચાર કર્યો?'

આ બંને વાક્યો વ્યાકરણની દ્રષ્ટિએ ખોટાં છે. 'શાં પગલાં લીધાં?' પ્રથમ વાક્યમાં અને 'શો વિચાર કર્યો?' બીજા વાક્યમાં આવવું જોઈએ પણ આપણને કોઈ વાંધો આવતો નથી. 'વાજબી' બોલવાને બદલે 'વ્યાજબી' જ બોલીએ છીએ તેમ કેટલાંક ઉચ્ચારણો ચલણી થઈ જતાં હોય છે. નવરાત્રિની શુચિતા, યુવાનોનો ઉત્સાહ, રાસ-દાંડિયાની રમઝટ એ બધું ગુજરાતની ઓળખ બની ગયું છે એમ ભાષક સરળતાથી ઉચ્ચારે તે પણ ચલણી બની જાય છે.

**નવરાત્રીના પ્રથમ દિવસે ઘટસ્થાપન પછીના દિવસોમાં એ કુંભની આસપાસ ઉગાડેલા જવારાની પૂજા, અખંડ દીવો, ઉપવાસ, વિશ્વંભરી, દેવી અનુષ્ઠાન, વ્રત અને ગરબાનો માહોલ રચાય છે**

# એ જીવનમાં વલ્લભભાઈ અંગ્રેજી જીવનના મોહતાજ હતા

**સરદાર @150**

**હસિત મહેતા**

અમદાવાદના વકીલાતકાળે વલ્લભભાઈના કૌટુંબિક જીવનમાં અને અંગત જીવનમાં ઘણી ઉથલપાથલો થઈ હતી. આમ તો ૧૯૧૩ની શરુઆતથી ૧૯૧૬ની આખર સુધીના અમદાવાદના આ ચાર વર્ષે તેમના



એ સમયની ગુજરાત ક્લબ, જ્યાં વલ્લભભાઈ પટેલ સાંજનો સમય ગાળતા

આખા જીવનની કરવટ બદલી નાખી હતી, તેમાં પહેલાં બે વર્ષમાં વલ્લભજીવને કંઈક જુદા જ રુપ ધારણ કર્યા હતા.

એ વાત તો નક્કી છે કે પોતાનું, બાળકોનું, મોટાભાઈનું અને આખા કુટુંબનું ભરણપોષણ કરવાના ધ્યેય સાથે વકીલાતમાં સારી કમાણી કરવાની યોજના વલ્લભભાઈએ પહેલેથી જ બનાવી રાખી હતી. અને તેટલી કમાણી તેમને થતી પણ હતી. તેમની ફી અમદાવાદના વકીલોમાં સૌથી વધારે હતી. તેથી ઝાઝા કેસ લીધા સિવાય પણ તેઓ મુંબઈમાં ભણતાં બંને છોકરાઓનો, કરમસદના કુટુંબીજનોનો અને દેશસેવામાં જોડાઈ ગયેલા ગુરુબંધુ વિઠ્ઠલભાઈના જીવનનિર્વાહનો ખર્ચ સહેલાઈથી ઉપાડી શક્યા હતા.વિઠ્ઠલભાઈ અમદાવાદ આવે ત્યારે અચૂક વલ્લભભાઈના ઘરે જ રહેતાં, મોટાભાઈ તરીકેનો રોફ જમાવતાં, અને પોતાના બૂટની દોરી છોડાવવા સુધીનું વડીલપણું વલ્લભભાઈ સામે દાખવતાં હતા. છતાં વિઠ્ઠલભાઈ જ્યારે મુંબઈ જવા પરત નીકળે ત્યારે વલ્લભભાઈ તેમના ગજવામાં ચૂપચાપ નોટોના બંડલ ઠાંસીને ભરી દેતાં.

મુંબઈમાં બંને છોકરાઓ અંગ્રેજી અને ફ્રેંચ ભાષાનું ઊંચામાં ઊંચુ શિક્ષણ લેતાં હતા. પણ તે જેમ જેમ મોટા થતાં ગયા, તેમ તેમ અંગ્રેજીમાં વાતો કરતાં શીખ્યાં હતા. એટલે સુધી કે તેમને ગુજરાતી લખતાં કે બોલતાં પણ ઓછું ફાવતું હતું. મણિબેને પોતાના એક સ્મરણમાં લખેલું છે કે 'અમે (મુંબઈમાં) બાપુ જોડે કપડાં ખરીદવા માટે ઘોડાગાડીમાં બેસીને નીકળતાં.

> **ગુજરાત ક્લબમાં પીઢ સોલસિટર મી. વાડિયાએ વલ્લભભાઈને પડકાર ફેંક્યો, કે તેઓ બ્રીજમાં કોઈનાથી પણ હારી શકે નહીં. નિડર વલ્લભભાઈ આવી ચેલેન્જને ગાંઠે જ શેના? તેમણે પડકગાર ઝીલ્યો. પેલી તરફ વાડિયા સાથે બ્રોકર નામના વકીલ જોડાયા અને આ તરફ વલ્લભભાઈએ પોતાનો જોડીદાર શોધી લીધો. ચારેયની રમત જામી. વલ્લભભાઈએ પહેલાં જ કહી દીધું કે પાંચ પાઉન્ડનો દાવ લગાવવામાં આવે. એ દાવ લાગ્યો, અને વાડિયા હાર્યા**

તેમણે કોટ-પાટલૂન અને હેટ પહેર્યા હોય. મને યાદ છે કે તેમણે મને રેશનું ફરાક અને રેશમનાં ચણિયાચોળી લઈ આપ્યાં હતા.'

કોને ખબર હશે કે એક કાળે રેશમના કીડાની હીંસાથી બનેલા કાપડની સાહેબી ભોગવતા વલ્લભભાઈ જીવનના પાછલા ત્રીસ-ચાળીસ વર્ષોમાં માત્ર સુતરાઉ ખાદીના પહેરવેશની સાદગી ભોગવનાર લોકનાયક બની રહેશે. જો કે ઈ.સ.૧૯૧૩થી શરુ થયેલાં એ ત્રણેક વર્ષોમાં તો વલ્લભભાઈ સાચા અર્થમાં અંગ્રેજ રહેણીકરણીવાળી જાહોજલાલીથી ભરપૂર જીવન જીવતા હતા. એ ગાળે તેમણે હરીફોની ઈર્ષ્યા અને પોતાના પ્રભાવનો, પોતાની કમાણી અને મિત્રવર્ગનો, સુખસગવડ અને નવરાશનો પૂરેપૂરો આનંદ ભોગવ્યો હતો.

તેમના પુત્ર ડાહ્યાભાઈના દીકરા બિપિનભાઈએ પણ પોતે જાણેલાં-સાંભળેલાં સ્મરણો વાગોળતાં લખેલું કે એ વખતે વલ્લભભાઈ ફેશનવાળાં કપડાના શોખીન અને કંઈક અંશે વરણાગિયાં પણ હતા, પોતાના કપડાં મુંબઈ ધોવા મોકલતાં. પાછળથી ખુદ વલ્લભભાઈએ કહેલું કે 'એ કાળે મને એવું લાગતું હતું કે પહેરવેશ, બોલચાલ અને તમામ બાબતોમાં પરદેશીઓનું અનુકરણ કરવું તે જિંદગીની સરટોચ છે. લંડન રહ્યાં પછી અંગ્રેજી ભાષા પૂરેપૂરી અપનાવી લીધી હતી. સારુ શુદ્ધ ગુજરાતી બોલવાનું પણ ભૂલવા માંડ્યો હતો.

અમદાવાદમાં લગભગ દરરોજ સાંજનો સમય તેઓ ગુજરાત ક્લબમાં જ ગાળતાં. પાના-પત્તાં રમતાં અને ઉપરાઉપરી સિગરેટો પીતાં. વળી જુનિયર વકીલોની ઠઠ્ઠામશ્કરી જામતી. દુનિયાભરની વાતો થતી. રાજકારણની, તેમાં ય ખાસ કરી મ્યુનિસિપાલીટીના કામકાજની ચર્ચાઓ જામતી, અને દુનિયામાં કોઈની પણ પરવા કર્યા વગર વલ્લભભાઈ પોતાનો અભિપ્રાય છડેચોક આપતા હતા. આમ તો વલ્લભભાઈ પાનામાં બ્રીજની રમત બોરસદમાં શીખ્યાં હતા, પણ તેની સૌથી વધુ પ્રેક્ટિસ તેમણે આ ગુજરાત ક્લબમાં કરી હતી. અહીં તેઓ બ્રીજમાં એવા તો એક્કા થઈ ગયા હતાં, કે તેમને કોઈ હરાવી શક્તું નહીં.

એક વખત ગુજરાત ક્લબમાં પીઢ સોલસિટર મી. વાડિયાએ વલ્લભભાઈને પડકાર ફેંક્યો, કે તેઓ બ્રીજમાં કોઈનાથી પણ હારી શકે નહીં. નિડર વલ્લભભાઈ આવી ચેલેન્જને ગાંઠે જ શેના? તેમણે પડકગાર ઝીલ્યો. પેલી તરફ વાડિયા સાથે બ્રોકર નામના વકીલ જોડાયા અને આ તરફ વલ્લભભાઈએ પોતાનો જોડીદાર શોધી લીધો. ચારેયની રમત જામી. વલ્લભભાઈએ પહેલાં જ કહી દીધું કે પાંચ પાઉન્ડનો દાવ લગાવવામાં આવે. એ દાવ લાગ્યો, અને વાડિયા હાર્યા. તેમણે પહેલે દિવસે વીસ પાઉન્ડ ગુમાવ્યાં. હાર્યો જુગારી બમણું રમે - ના ન્યાયે બીજે દિવસે પણ વાડિયા ઝૂક્યાં નહીં, અને પચ્ચીસ પાઉન્ડ ગુમાવ્યાં. ત્રીજે દિવસે વાડિયાના પત્નીએ તેમને ક્લબમાં જ આવવા દીધાં નહીં, અને આવો જુગાર નહીં રમવા માટે વલ્લભભાઈને વિનંતી મોકલી, જે તેમણે તુરત જ મંજૂર રાખી દીધી.

# પુત્રવધૂ પર રાજ ન કરાય, એને તો રાજી જ રખાય

**કેમ છે, દોસ્ત**

**ડૉ. ચન્દ્રકાન્ત મહેતા**

આ નંદકુમાર જમીનનો કેસ હારી ગયા હતા અને તેમનાં પૈતૃક સગાંઓએ એમની જમીન પચાવી પાડી હતી. પત્ની સુવર્ણાદેવીના અવસાન પછી તેઓ ભાંગી પડયા હતા. અને એક સવારે તપસ્યાએ તેમના બારણે ટકોરા માર્યા હતા. તપસ્યાએ આનંદકુમારને દિલાસો આપતાં કહ્યું હતું : 'આનંદ, તમે તો પુરુષ છો. પુરુષ એટલે પૌરુષત્વ. પ્રત્યેક પરિસ્થિતિમાં પરાજય નહીં, પણ પુરુષાર્થનો પાલવ મજબૂત રીતે પકડી રાખવાની તૈયારી એટલે જ પૌરુષત્વ. ખંખેરી નાખો નિરાશા, વધાવો ઉત્સાહના પ્રેરક વાયુને હું તમારી સાથે છું.'

આનંદકુમારે તપસ્યાના કપાળ અને મસ્તક પર નજર કરી હતી. તેઓ તપસ્યા પરિણીતા છે કે કુંવારી એ જાણવા ઉત્સુક હતા. તપસ્યાએ એમનો મનોભાવ માપી લીધો અને કહ્યું : 'આનંદ, મારો તમારો પ્રત્યે અખંડ પ્રેમ છે. તમારાં માતા-પિતાએ સોગંદ નાખીને તમને સુવર્ણા સાથે પરણાવ્યા અને તમારા દામ્પત્યજીવનને ગ્રહણ ન લાગે. એ ખાતર તમને કદી નહીં મળવાનું વચન મારી પાસેથી પણ લીધું હતું. મેં તમને કોઈ શરતે તો પ્રેમ કર્યો નહોતો. પ્રેમ એટલે શરત અને શાસન કરવાની વૃત્તિની બાદબાકી. મારે મન પ્રેમ એ મનમંદિરમાં પ્રિય વ્યક્તિની સ્થાપના છે. મેં તમારા સિવાય મનમાં કોઈ પુરુષની કલ્પના નથી કરી. સુવર્ણાના અવસાન બાદ તમને સંભાળવા એ મારું કર્તવ્ય છે. આપણે સાદી વિધિથી લગ્ન કરીશું. અને પુત્ર પાવકને અપાર વાત્સલ્ય અને સુખ આપીશું.'

'તપસ્યા, તું સામાન્ય નારી નથી, નારાયણી છે. પાવનતાની પ્રતિમા છે. અનેક સ્ત્રીઓ પ્રેમ કરે છે અને વાંકુ પડે ત્યારે એક ઝાટકે પ્રેમ તોડી પણ નાખે છે. પણ તપસ્યા તેં તો પ્રેમ જીવી બતાવ્યો છે. તારાં ત્યાગ અને સહિષ્ણુતાને હું નમન કરું છું.' આનંદ કુમારે કહ્યું હતું. જો કે પાવકને પિતાનો નિર્ણય ગમ્યો નહોતો. એ મનોમન વિચારી રહ્યો હતો કે, મારાં લગ્ન કરી નાખ્યા હોત તે પુત્રવધૂ આવીને ઘરની તમામ જવાબદારી ઉપાડી લેત...

પાવકનો નબળો પ્રતિસાદ સાંભળી તપસ્યાએ કહ્યું હતું. 'બેટા પાવક, હું કશું લેવા માટે નહીં પણ મારી પાસે જે કાંઈ શ્રેષ્ઠ છે, તે તમારા પરિવારને આપવા આવી છું. તારા પપ્પા ચિંતાના ગંજ વચ્ચે જિંદગીને અભિશાપ માને એ મારાથી સહન નહીં થાય. હું આવતી કાલથી જ નોકરી શરૂ કરી દઈશ. ઘરને પહેલાં સધ્ધર બનાવીશ અને તને ગમતી યુવતી સાથે તારાં લગ્ન કરાવીશ. તમે બન્ને આનંદ અને સુખથી જીવો એ જ મારું લક્ષ્ય છે. બેટા, મારી ઉંમર સામે તો જો આ ઉંમર કશું પામવા માટે નહીં



પણ શક્ય હોય તે આપવા માટેની છે.' તપસ્યાના શબ્દો સાંભળી પાવક ગદગદ થઈ ગયો હતો. તપસ્યા સગી મા કરતાં પણ તેનો વધુ ખ્યાલ રાખતી હતી. સવારે ચા-નાસ્તો, લંચ બોક્સ, બૂટ મોજાં અને ઓફિસે પહેરવાનાં કપડાં તૈયાર રાખતી. એ કહેતી : 'બેટા, તું સુવર્ણાની થાપણ છે. તને હું જેટલો સાચવીશ, સુવર્ણાનો આત્મા જ્યાં હશે, ત્યાંથી મને આશીર્વાદ આપશે.'

> **વડપણ વળગણ બને તો અનેક અનર્થો સર્જે. કોઈપણ યુગમાં વડીલત્વ વળગણ ન જ બનવું જોઈએ**

આનંદકુમારનું જીવન અકાળે પાનખર બનવાની તૈયારીમાં હતું. તપસ્યાએ એને લીલુંછમ બનાવી દીધું. આનંદકુમારે નવેસરથી બિઝનેસ શરૂ કર્યો. એમની જિંદગીમાં વરદાન બનીને આવેલી તપસ્યાનો ફોટો તેઓ પોતાના પાકિટમાં રાખતા હતા અને તેને વંદન કર્યા બાદ જ પોતાનું કામ શરૂ કરતાં. માણસ પથ્થરની પ્રતિમાને પૂજે છે, પણ મનુષ્યમાં રહેલા સાક્ષાત્ દેવત્વની ઉપેક્ષા કેમ કરે છે... આનંદકુમાર વિચારતાં હતા.

અને એક સવારે એક સજ્જન પાવક સાથે પોતાની પુત્રી સ્તુતિના વિવાહની માગણી લઈને આવ્યા હતા. આનંદકુમારે તેમને આવકારતાં કહ્યું હતું કે 'મારા ઘરના તમામ નિર્ણયો મારી પત્ની તપસ્યા લે છે. અત્યારે તે આપના માટે ચા-નાસ્તો તૈયાર કરી રહી છે. હમણાં આવશે.'

એટલામાં ચા-નાસ્તાની પ્લેટ સાથે તપસ્યા આવી પહોંચી હતી. અત્યંત આદરપૂર્વક આગંતુક હર્ષકુમારને નમસ્કાર કર્યા હતા. તપસ્યાની નમ્રતા જોઈ હર્ષકુમારે કહ્યું હતું. તપસ્યા દેવી, તમારે તો યુવતીઓ આદર્શ સ્ત્રી કેમ બને એની સંસ્થા સ્થાપવી જોઈએ ખરું ને આનંદકુમાર?

'જી,ના આજની યુવતીઓને શિખામણની નહીં સ્વતંત્રતાની ભૂખ છે અને દરેકની જીવન વિષેની વ્યાખ્યા અને અપેક્ષાઓ અલગ-અલગ હોય છે. એટલે પોતાની મનોવાંછિત રીતે જીવવાનું પસંદ કરે છે. મા-બાપ કે સાસુ-સસરાએ આજની નારીનું મનોવિજ્ઞાન સમજીને વર્તવું જોઈએ. અને જીવનસંગિનીનો નિર્ણય અમારે નહીં, પાવકે કરવાનો હોય.' તપસ્યાએ ચોખવટ કરી હતી.

'પાવક અને મારી પુત્રી સ્તુતિ કોલેજમાં સાથે ભણતાં હતાં. બન્ને વચ્ચે ગાઢ દોસ્તી છે. સ્તુતિ આપના હાથ નીચે ઘડાશે તો એના વ્યક્તિની કાયાપલટ થઈ જશે.' હર્ષકુમારે હરખભેર જણાવ્યું હતું.

'હું મારા વિચારો અને માન્યતાઓ કોઈના પર લાદવા માગતી નથી. મારામાં જે કાંઈ સારું દેખાય તે આપની દીકરી સ્વીકારે અને ક્ષતિ જણાય, તો મને માફ કરે. પુત્રવધૂ પર રાજ ન કરાય, એને તો રાજી જ રખાય. એ વાત સાસુમાતાઓએ યાદ રાખવા જેવી છે.' એટલામાં પાવક અને સ્તુતિ સાથે આવી પહોંચ્યા હતા. પાવકે સામેથી જ કહ્યું, 'અમારા એક પ્રોફેસરનો નિવૃત્તિ સમારંભ હતો. અમે બન્ને ત્યાં ગયાં હતાં. આપના આગમનની મમ્મીએ મને ફોનથી જાણ કરી હતી. એટલે સ્તુતિને હું મારી સાથે જ અહીં લઈ આવ્યો.'

પાવક હર્ષકુમારને પગે લાગ્યો પછી સોફા પર બેઠો. પણ સ્તુતિ તપસ્યાદેવી અને આનંદકુમારને 'કેમ છો ?' કરી સોફા પર ગોઠવાઈ ગઈ હતી.

'લો તમારે જે જાણવું હતું તે કુદરતી રીતે જ તમારી સામે હાજર છે. બેટા સ્તુતિ, હું તારા માટે પાવકનો હાથ માગવા આવ્યો છું. તારી સમ્મતિ છેને ?' હર્ષકુમારે કહ્યું હતું.

'પપ્પાજી, પાવક મારો ખાસ દોસ્ત છે અને મનથી પણ અમે એકબીજાથી અભિન્ન છીએ. મને મારી લાગણીના ક્ષેત્રમાં કોઈની દરમ્યાનગીરી નથી ગમતી. વર-કન્યાના માબાપની હાજરીની જરૂર ગોર-મહારાજોને હોય છે. અમારે મધ્યસ્થીની જરૂર નથી.' સ્તુતિના જવાબમાં ભારોભાર અભિમાન વ્યક્ત થતું હતું.

આનંદકુમાર સ્તુતિના વર્તનથી ખુશ નહોતા, પણ તપસ્યાએ કહ્યું :

અનુસંધાન પાનાનં ૦૬ પર

**દશેરાએ રાવણ દહન કરતાં પહેલાં એ જાણવું રસપ્રદ છે કે રાવણ-લક્ષ્મણ વચ્ચે થયેલી વાતચીતનું સૌથી પહેલું વર્ણન કઈ રામાયણમાં છે?**

# રાવણ ગીતા : રાવણે લક્ષ્મણને આપેલું લેસન આજે પણ કેવી રીતે રીલેટેબલ છે?

**સાઈન-ઈન**

**હર્ષ મેસવાણિયા**

મહાકવિ વાલ્મીકિએ યુદ્ધકાંડના ૮૦ અને ૮૧મા સર્ગમાં રામ-રાવણના યુદ્ધનું વર્ણન કર્યું છે. ભગવાન શ્રીરામ ઈન્દ્રએ મોકલેલા રથમાંથી રાવણ સામે યુદ્ધ કરે છે. રામ-રાવણ સામ-સામે બાણવર્ષા કરે છે. એટલું ભીષણ યુદ્ધ જામે છે કે સમગ્ર બ્રહ્માંડ સ્થિર થઈને આ યુદ્ધ જુએ છે. બંનેએ એકબીજા પર સેંકડો બાણ છોડ્યાં. એકબીજાના ઘોડાઓને ઘાયલ કર્યા.

શ્રીરામે રાવણના રથની ધ્વજા ધ્વસ્ત કરી. મહર્ષિ વાલ્મીકિ લખે છે: રામ-રાવણનું યુદ્ધ એક ક્ષણ, એક મુહૂર્ત માટે પણ બંધ ન રહ્યું. એટલે કે રાત-દિવસ યુદ્ધ ચાલતું રહ્યું. ઈન્દ્રનો સારથી માતલી કે જે રાવણ સામેના યુદ્ધમાં શ્રીરામનો સારથી છે તેણે ભગવાનને પ્રાર્થના કરી કે હવે રાવણનો વધ કરીને યુદ્ધ પૂરું કરો. ભગવાન રામે એ સાંભળીને અગસ્ત્ય ઋષિએ આપેલું સાપ જેવું ભયાનક બાણ ધનુષથી ખેંચીને રાવણની છાતીમાં માર્યું અને એનો વાર અસહ્ય બનતા રાવણ ધરતી ઢળી પડ્યો. ઈન્દ્રના વજ્ર સમાન એ બાણથી રાવણનો વધ થયો.

■ ■ ■

રામ-રાવણના તુમુલ યુદ્ધનું વર્ણન કરતા ગોસ્વામી તુલસીદાસજીએ રામચરિતમાનસના લંકાકાન્ડમાં લખ્યું છે: કાટે સિર ભૂજ બાર બહુ મરત ન ભટ લંકેસ, પ્રભુ ક્રીડત સુર સિદ્ધ મુની બ્યાકુલ દેખી કલેસ. ભગવાન શ્રીરામે બાણથી વારંવાર રાવણના હાથ અને માથા કાપી નાખ્યા છતાં રાવણ મરતો ન હતો. ભગવાન તો લીલા કરી રહ્યા હતા, પરંતુ સમસ્ત બ્રહ્માંડને ચિંતા હતી કે રાવણ કેવી રીતે મરશે? જેમ દરેક લાભની સાથે લોભ વધે એમ રાવણના માથા કાપવાની સાથે તુરંત વધી જતા હતા.

ભગવાન રામે વિભીષણ સામે જોયું. વિભીષણે કહ્યું, હે સર્વજ્ઞ આપ તો બધું જાણો છો છતાં આપને કહું છું કે રાવણની નાભિમાં અમૃતકુંડ છે. નાભિમાં બાણથી પ્રહાર કરશો તો જ રાવણનો વધ થશે. વિભીષણની વાત સાંભળીને ભગવાન માર્મિક હસ્યા. શ્રીરામે ધનુષ પર એક સાથે ૩૧ બાણ ખેંચ્યા. કાલસર્પની જેમ રામનું એક બાણ રાવણની નાભિમાં લાગ્યું. તે સિવાયના ૩૦ બાણોએ ૧૦ મસ્તકો અને ૨૦ હાથને વીંધી નાખ્યા.

મસ્તક અને હાથ અલગ થઈ જતાં રાવણનું ધડ પ્રચંડ વેગથી દોડવા લાગ્યું. ભગવાને વધુ એક બાણ મારીને તેના બે ભાગ કરી નાખ્યા ને સાથે જ રાવણનો વધ થયો. મરતા પહેલાં રાવણના મુખેથી શબ્દો નીકળ્યા: 'રામ ક્યાં છે?' રાવણ પડ્યો, પૃથ્વી ધ્રુજી. સમુદ્ર-નદીઓના પાણી ઉછળ્યાં. પર્વત અને દિશાઓ ડોલવા લાગી. રાવણે પ્રાણ છોડ્યા એ સાથે જ સર્વત્ર શાંતિ સ્થપાઈ ગઈ.

■ ■ ■



વાલ્મીકિ રામાયણ એ આદિ રામાયણ છે. સેંકડો રામકથાઓ લખાઈ એનો મુખ્ય સ્ત્રોત વાલ્મીકિ રામાયણ છે. એમાં ભગવાન રામના બાણથી રાવણનું મૃત્યુ તુરંત થઈ જાય છે. રાવણ જીવતો હોય ને લક્ષ્મણ સાથે વાત કરી હોય એવો કોઈ પ્રસંગ વાલ્મીકિ રામાયણમાં નથી.

તુલસીકૃત રામાયણ સૌથી પોપ્યુલર રામકથા છે. તુલસીદાસજીની ચોપાઈઓ ઘરે-ઘરે ગવાય છે. કોઈ સર્જકની રચનાઓ કરોડો લોકોને કંઠસ્થ હોય એવું બીજું ઉદાહરણ શોધ્યું જડે તેમ નથી. આ તુલસીકૃત રામાયણમાં નાભિમાં બાણ વાગ્યા પછી રાવણનું મૃત્યુ થઈ જાય છે. એમાં પણ રાવણ-લક્ષ્મણ સંવાદ નથી.

આદિકવિ મહર્ષિ વાલ્મીકિએ આવો પ્રસંગ લખ્યો નથી કે તુલસીદાસજીએ પણ એવી કલ્પના કરી નથી તો આજે જેને 'રાવણ ગીતા' કહેવાય છે એ રાવણ-લક્ષ્મણ સંવાદ આવ્યો ક્યાંથી? સેંકડો રામકથા લખાઈ છે એમાંથી કઈ રામકથાના સર્જકે પહેલી વખત રાવણ-લક્ષ્મણના સંવાદની કલ્પના કરી છે?

■ ■ ■

રાવણ-લક્ષ્મણ સંવાદની કલ્પનામાં શાણપણના રંગો પૂરીને અદ્ભુત લેસન શીખવનારા એ મહાકવિનું નામ હતું: કૃત્તિવાસ ઓઝા (બંગાળી ઉચ્ચાર કૃત્તિબાસ) અને તેમણે રચેલો બંગાળી ભાષાનો ગ્રંથ આજે કૃત્તિવાસી રામાયણના નામે જાણીતો છે. બંગાળમાં મધ્યકાલીન કવિઓમાં ખૂબ લોકપ્રિય એવા પયાર છંદમાં લખાયેલી આ રામકથામાં રામ-રાવણના યુદ્ધ પછી રાવણ થોડી પળો જીવતો રહે છે. કૃત્તિવાસી રામાયણની રચના ૧૫મી સદીમાં થઈ હતી. રામચરિતમાનસની રચના ૧૫૭૪થી ૧૫૭૭માં થઈ હતી. એ રીતે કૃત્તિવાસી રામકથા તુલસીકૃત રામાયણના ૭૦-૮૦ વર્ષ પહેલાં લખાઈ હશે.

બંગાળી ભાષાની આ રામકથાના યુદ્ધકાંડમાં લખ્યું છે:

**શ્રીરામ બલિલેન શોનો સુમિત્રાનંદન**
**મહાજ્ઞાની નીતિશાસ્ત્રે પંડિત રાવણ**
**એ હેન પંડિત આર ત્રિભુવને નાઈ**
**રાવણેર પાશે ગિયા જ્ઞાન લહો ભાઈ**
**સંસાર-સાર વાર્તા જાને દશાનન**
**મૃત્યુ કાલે જ્ઞાન તાર લહો મહાવીર.**

રામ કહે છે, હે મહાવીર લક્ષ્મણ રાવણ જેવો જ્ઞાની ત્રિભુવનમાં કોઈ નથી. તેને ચાર વેદો, નીતિશાસ્ત્રો, વેદાંગ, રાજનીતિનું જ્ઞાન છે. રાવણના મૃત્યુની આ પળે તું જઈને એની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર.

આગળના વર્ણનમાં લક્ષ્મણ પાછા ફરીને રામને કહે છે કે રાવણ કંઈ બોલ્યો નહીં. મેં એને પૂછ્યું તો મોં ફેરવી ગયો. એ પછી શ્રીરામ મસ્તક પાસે નહીં, પણ ચરણ પાસે ઉભા રહીને જ્ઞાન મેળવવાની સલાહ આપે છે. લક્ષ્મણ બીજી વખત જઈને રાવણ પાસેથી જે સલાહ મેળવે છે એ આજે પણ એટલી જ ઉપયોગી છે. રાવણ-લક્ષ્મણ સંવાદના માધ્યમથી રચનાકારે જીવનનો અદ્ભુત મર્મ સમજાવ્યો છે.

■ ■ ■

રાવણ લક્ષ્મણને કહે છે: 'જે કામ શુભ ફળ આપવાનું હોય એ તુરંત કરો અને જેનાથી અશુભ ફળની આશંકા હોય એને ટાળો. મેં સ્વર્ગ સુધી સીડી બનાવવાનું વિચારેલું પણ એ કામ ટાળ્યું ને સીતાનું હરણ કરવાનું વિચાર્યું એ તુરંત કર્યું તો એનાથી મારો સર્વનાથ થયો.' ટેકનોલોજીના જમાનામાં આજે આપણે લાંબાગાળાના સારા પરિણામો મળે એવી કોઈ નવી સ્કિલ વિકસાવવાના કે નવો પ્રોજેક્ટ શરૂ કરીને પૂરો કરવાના ટાસ્ક ટાળતા રહીએ છીએ, પણ મોબાઈલમાં નકામો સમય બગાડવાથી કોઈ ફાયદો નથી એ સમજવા છતાં આપણે એ ટાળતા નથી. રીલ્સ સ્ક્રોલ કરીને કલાકો કાઢી નાખીએ છીએ. ખરેખર તો નકામો સમય વેડફાતો બચાવવો એ આપણાં હિતમાં છે.

રાવણ લક્ષ્મણને બીજી સલાહ આપે છે: 'શત્રુ અને રોગને નબળા ન સમજો. મેં માનવ અને વાનરોને તુચ્છ સમજ્યા, પણ એ જ મારા વિનાશનું કારણ બન્યા.' આ સલાહ આજે પણ કેટલી ઉપયોગી છે! આપણે ખોરાક અને ફિટનેસની બાબતે જો આ સલાહ લાગુ પાડીએ તો જીવન બદલાઈ શકે. કેટલું નકામું આરોગતા રહીએ છીએ. ખાંડ-તેલ-નમક-અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડનો અતિરેક આપણાં શરીરને અંદરથી ખતમ કરે છે. એ શરીર માટે શત્રુનું કામ કરે છે છતાં આપણે એને ગણતરીમાં લેતા નથી. ફિટનેસ બાબતે લાપરવા રહીએ છીએ.

રાવણ ત્રીજી ભલામણ કરે છે: 'સારથી, દ્વારપાળ, રસોઈયા અને ભાઈ (સ્વજન)થી વેર ન કરો. મેં વિભીષણનું અપમાન કર્યું તો વિભીષણે યુદ્ધમાં રામના સલાહકારની ભૂમિકા નિભાવીને મારા રહસ્યો જણાવ્યાં.' આપણે શું છીએ એ સ્વજનો જાણતા હોય. તેમની સાથે દુશ્મની કરવાથી આપણું અહિત થાય છે. તેના બદલે દુશ્મની કર્યા વગર પણ સંબંધો મર્યાદિત કરી શકાય. રાવણે વિભીષણનું અપમાન કરવાને બદલે એની વાતો સાંભળીને પછી લંકામાં રહેવા દીધો હોત તો વિભીષણ રામને મળ્યો ન હોત.

રાવણ ચોથી સલાહ આપે છે: 'ખોટા પ્રશંસક અને હિતેચ્છુ વચ્ચે પરખ કરતાં શીખો. મેં મારા નાના માલ્યવંતની સલાહ ન આપી. એ મારા હિતેચ્છુ હતા. મેં દરબારમાં મારી ખોટી વાહવાહી કરીને રામની ટીકા કરનારાની વાતો જ સાંભળી લીધી. તેનાથી મને નુકસાન થયું ને મારો સર્વનાશ થયો.'

મોડર્ન ફિલોસોફી અને સાઈકોલોજીમાં ક્રિટિકલ થિંકિંગનું ખૂબ મહત્ત્વ છે. કોઈ બાબતને ચારેબાજુથી સમજવા માટે તેના સારા ને નબળા બધા પાસાની સમજ મેળવવી પડે. એમાં વખાણની સાથે ટીકા હોય તો એ સ્વીકારવી પડે. રચનાકાર કૃત્તિવાસ ઓઝાએ કબીરે કહેલી નિંદક નિયરે રાખીએની વાત કબીરની એકાદ સદી પહેલાં કહી હતી.

કૃત્તિવાસી રામાયણમાં રાવણ-લક્ષ્મણના સંવાદ માટે નવ છંદ છે. તેને આજે વિદ્વાનોએ 'રાવણ ગીતા' નામ આપ્યું છે. કૃત્તિવાસ ઓઝા પછીના ૫૦૦ વર્ષમાં રાવણ-લક્ષ્મણ સંવાદની કથા ઘણી જાણીતી થઈ. આટલી સદીઓમાં લખાયેલી અનેકાનેક રામકથાઓમાં આ પ્રસંગ ઉમેરાયો. આધુનિક નાટકો અને કાવ્યો પણ લખાયા, પણ રાવણે મૃત્યુ પામતા પહેલાં લક્ષ્મણને જ્ઞાન આપ્યું એ કલ્પના સૌથી પહેલાં કૃત્તિવાસે કરી હતી અને ૫૦૦ વર્ષ અગાઉ કહેલી વાતો આજે પણ જુદા સંદર્ભમાં એટલી જ રીલેટેબલ છે. ■

## કૃત્તિવાસ ઓઝાની રામાયણના અનેક સંસ્કરણો

કૃત્તિવાસ ઓઝા (૧૩૮૧-૧૪૬૧)એ લખેલી બંગાળી રામાયણના અનેક સંસ્કરણો બન્યા છે. તેમના પછીના બંગાળી કવિઓએ તેમાં સુધારા-વધારા કર્યાની પૂરી શક્યતા છે. જે સૌથી જૂનું સંસ્કરણ પ્રાપ્ત થયું એ પણ કૃત્તિવાસના મૃત્યુ પછી ૨૦૦ વર્ષે તૈયાર થયેલું છે. પંડિત નંદકુમાર અવસ્થીએ ૧૯૫૯માં આ બંગાળી ભાષાના રામાયણનો હિન્દી અનુવાદ કર્યો હતો. બંગાળમાં ટાગોરના સાહિત્ય પહેલાં સુધી કૃત્તિવાસ ઓઝાની બંગાળી રામાયણ એ સૌથી પોપ્યુલર ગ્રંથ હતો. ૧૯૧૧માં દિનેશચંદ્ર સેન નામના સમીક્ષકે કહેલું કે કૃત્તિવાસી રામાયણ એ બંગાળી ભાષાનો સૌથી લોકપ્રિય ગ્રંત છે.




ઘણાં નિષ્ણાતો તો કૃત્તિવાસી રામાયણ વિશે કહે છે કે બંગાળમાં ઘરે ઘરે પહોંચ્યો હોય એવો આ એકમાત્ર ગ્રંથ છે. આટલી લોકપ્રિયતા બીજા કોઈ ગ્રંથને મળી નથી, ટાગોરના પુસ્તકોને પણ નહીં. એ રીતે આ રામાયણ બંગાળીઓ માટે 'રામચરિતમાનસ' છે.

આપણાં બાળકો બેરોકટોક એઆઈનો ઉપયોગ કરવા લાગ્યાં છે, પણ...

# “ચેટજીપીટી : બાળકો-કિશોરો માટે સલામત નથી!”



*તમે તમારાં રોજિંદાં કામકાજ માટે હવે અવારનવાર ચેટજીપીટી, જેમિનાઇ, ક્લોડ વગેરે એઆઇ ચેટબોટની મદદ લેતા હશો. તમારાં સંતાનો પણ એવું કરતાં હશે. કદાચ તમારા કરતાં પણ વધુ. પરંતુ તમારી એઆઇ સાથેની વાતચીત અને તમારાં સંતાનોની તેની સાથેની વાતચીતમાં બહુ મોટો તફાવત છે. તમે વર્ષોના અનુભવી છો, તમે અનેક દિવાળી જોઈ લીધી છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ભલે તમારે માટે નવી વાત હોય, પણ તમારી પાસે એક્ચ્યુઅલ ઇન્ટેલિજન્સ છે. આપણાં બાળકો પાસે એ નથી, એવું નથી. પરંતુ એમની ઉંમર કાચી છે. હજી તો એ અસલી દુનિયાને બરાબર સમજે ત્યાં વર્ચ્યુઅલ વર્લ્ડમાં એમણે કદમ માંડી દીધાં છે.*

*સામે પક્ષે, એઆઇ તેના મેમરી ફીચરને કારણે તેની સાથે વાત કરતી વ્યક્તિ વિશે ઘણું બધું જાણે છે. એટલું ચોક્કસ કે એઆઇ ચેટબોટ્સને એટલી જબરજસ્ત રીતે ટ્રેઈન કરવામાં આવે છે કે એ આપણે પોતે કે કાચી ઉંમરનાં બાળકો તેની સાથે વાત કરે તો જીવંત વ્યક્તિ સાથે વાત કર્યાનો અનુભવ મળે.*

*જોખમ અહીં જ છે. બાળકો કે ટીનેજર્સ ચેટબોટ્સને ‘અસલી’ માનવા લાગે છે. પોતાનાં મા-બાપ સાથે જે વાત કરતાં તેઓ ખચકાય એ બધી વાતો તે એઆઇ ચેટબોટ્સ સાથે નિઃસંકોચ કરી શકે છે. ચેટબોટ તેમને કોઈ રીતે જજ નહીં કરે, એ વાતે પણ તેઓ બેફિકર હોય છે!*

*પરંતુ એઆઇ કંપનીઓ પોતે કહે છે તેમ ચેટબોટ્સ પરફેક્ટ નથી. કમ સે કમ અત્યારે તો નથી. એ ભૂલો કરી શકે છે. એમની ટ્રેનિંગ ઘણી રીતે સારી હોવા છતાં, ખાસ કરીને બાળકો કે ટીનેજર્સ સાથેની વાતચીતમાં એ એવી ‘ભૂલો’ કરી શકે છે, જેના કારણે એઆઇને તો કોઈ નુકસાન નથી, આપણે કદાચ પોતાનું સંતાન ગુમાવી બેસીએ.*

*ચેટજીપીટીએ ઓગસ્ટમાં ચેટજીપીટીના ટીનેજર્સના ઉપયોગ વિશે કેટલાંક પગલાં જાહેર કર્યાં છે, એ કેટલાંક અસરકારક છે એ તપાસતો એક અભ્યાસ હમણાં હાથ ધરાયો. અમેરિકાનાં વિવિધ શહેરોમાં કાર્યરત ‘કોમન સેન્સ મીડિયા’ નામની એક સંસ્થા, આજના ડિજિટલ યુગમાં બાળકોની સલામતી માટે વિવિધ રીતે કામ કરે છે. આ સંસ્થાએ ચેટજીપીટીનાં સલામતી પગલાં પહેલાં અને ત્યાર પછી, તેની અસરોનો અભ્યાસ કર્યો. અભ્યાસ માટે ૧૩થી ૧૭ વર્ષની ઉંમરના રજિસ્ટર્ડ યૂઝર્સના એકાઉન્ટનો ઉપયોગ થયો. એ એકાઉન્ટનો ઉપયોગ મોટી ઉંમરના નિષ્ણાતોએ કર્યો.*

*આ સંસ્થા તેના અભ્યાસ પછી કહે છે કે ચેટજીપીટીની ખામીઓ સુધારી લેવામાં ન આવે ત્યાં સુધી ૧૮ વર્ષથી નીચેની ઉંમરના લોકોના તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂકાવો જોઈએ. અભ્યાસ ભલે અમેરિકામાં થયો, વાત આપણાં બાળકોને લગતી છે, ધ્યાનથી વાંચજો.*

**ચેટજીપીટી જેવા એઆઇ ચેટબોટ ટીનેજર્સને આત્મહત્યા તરફ દોરી જઈ શકે છે એવા આક્ષેપો અવારનવાર થાય છે.**

**તેને ધ્યાનમાં રાખીને કંપનીએ ચેટજીપીટીનો ઉપયોગ સલામત બનાવવા માટે કેટલાંક ખાસ પગલાં લીધાં છે.**

**પરંતુ એક સ્વતંત્ર સંસ્થાએ કરેલા અભ્યાસમાં આ પગલાં પછી પણ, હજી ઘણી કચાશ હોવાનું બહાર આવ્યું છે.**

## ‘આત્મહત્યા સંબંધિત વાતચીત વખતે પેરેન્ટને એલર્ટ મળતા નથી’

તમને યાદ હોય તો થોડા સમય પહેલાં અમેરિકામાં ‘એઆઇ ચેટબોટની મદદથી’ આત્મહત્યા કરનારા એક કિશોરના માતા-પિતાની વ્યથાની આપણે ‘ટેકનોવર્લ્ડ’માં વિગતવાર વાત કરી હતી. એ કિશોરનાં પેરેન્ટ એઆઇ સામે અમેરિકાની કોર્ટમાં ગયાં હતાં.

એ સમયે તેમણે કોર્ટમાં કહ્યું હતું કે તેમણે તો પોતાનો દીકરો ગુમાવ્યો, પણ હવે પછી જ્યારે કાચી ઉંમરના યૂઝર્સ એઆઇ સાથે ‘સેલ્ફ હાર્મ’ એટલે કે જાતને નુકસાન પહોંચાડે એવી કે આત્મહત્યા તરફ દોરી જતી વાતચીત કરે ત્યારે એ વાત આગળ વધતી અટકી જાય એવી એઆઇમાં કંઈક વ્યવસ્થા હોવી જોઇએ.

આ પ્રકારના બીજા કિસ્સાઓ પણ નોંધાયા પછી તો ચેટજીપીટી તથા અન્ય એઆઇમાં પેરેન્ટલ કંટ્રોલ પણ આવ્યા. ઓપનએઆઇ કંપનીએ કોઈ પણ યૂઝર સાથેની આવી આત્મહત્યા તરફ દોરી જતી વાતચીત અટકાવવાનાં કેટલાંક પગલાં પણ લીધાં. ખાસ કરીને કોઈ બાળક કે કિશોર ચેટજીપીટી સાથે આવી વાતચીત કરે તો ચેટજીપીટી પેરેન્ટનું ધ્યાન દોરે એવી પણ વ્યવસ્થા વિકસાવવામાં આવી.

તકલીફ એ છે કે આ વ્યવસ્થા ખરેખર કામ કરતી નથી! ‘કોમન સેન્સ મીડિયા’એ જે અભ્યાસ હાથ ધર્યો, તેમાં ચેટજીપીટીમાં પેરેન્ટ સાથે લિંક્ડ નવાં ટીન એકાઉન્ટ્સ ક્રિએટ કરવામાં આવ્યાં અને તેમાં અભ્યાસ હાથ ધરનારા નિષ્ણાત સંશોધકોએ જાણી જોઈને ચેટજીપીટી સાથે એકાદ કલાક સુધી, આત્મહત્યાના વિચારો કે તીવ્ર હતાશા દર્શાવે તેવી વાતચીત કરી.

એ પછી પણ એ ટીન એકાઉન્ટ સાથે લિંક્ડ પેરેન્ટ એકાઉન્ટમાં ચેટજીપીટી તરફથી કોઈ એલર્ટ મળ્યા નહીં!

અભ્યાસમાં જાણવા મળ્યું કે જે એકાઉન્ટ્સ લાંબા સમયથી ક્રિએટ કરવામાં આવ્યા હતા અને જેમાં સંવેદનશીલ વિષયો પરની વાતચીતની લાંબી હિસ્ટ્રી હતી, ફક્ત એવા જ કિસ્સામાં પેરેન્ટ્સને એલર્ટ મળતા હતા. બીજા શબ્દોમાં, કોઈ બાળક કે કિશોરે ચેટજીપીટીમાં નવું નવું એકાઉન્ટ ક્રિએટ કર્યું હોય, તેના પેરેન્ટ્સે તેના એકાઉન્ટ સાથે પોતાનું એકાઉન્ટ લિંક પણ કર્યું હોય તો તેમને કોઈ એલર્ટ મળતા નહોતા.



ભારતની વાત કરીએ તો આપણે ત્યાં મોટા ભાગના પેરેન્ટ્સને પોતાના સંતાનોના ચેટજીપીટી એકાઉન્ટ પોતાના એકાઉન્ટ સાથે કેમ લિંક કરાય તેની જ જાણ હોતી નથી!

### ‘સંવેદનશીલ વાતચીત વખતે કોઈ મદદ પણ ઓફર કરાતી નથી’



વાત ફક્ત પેરેન્ટ્સને ચેતવવાની નથી. ચેટજીપીટી જેવા એઆઇ ટૂલમાં યૂઝરની સલામતી માટે એવા દાવા કરવામાં આવે છે કે કોઈ ટીનેજર તેની કોઈ ‘ગંભીર માનસિક સમસ્યા’ વિશે ચેટજીપીટી સાથે વાતચીત શરૂ કરે તો એઆઇ એ વાતચીતમાં વધુ સાવધાનીપૂર્વક વર્તે છે અને વાતચીત શરૂ કરનાર બાળક કે કિશોર એવા વિચારોમાંથી બહાર આવે એવા પ્રયાસો કરે છે, નહીં કે તે વધુને વધુ હતાશામાં ઊતરે એવી વાતચીત કરે.

ચેટજીપીટી દ્વારા દાવો એવો કરવામાં આવે છે કે કોઈ વ્યક્તિ તેની સાથે તીવ્ર હતાશા દર્શાવતી વાતચીત કરે તો તેને પ્રોફેશનલ હેલ્પ કે આવી સ્થિતિમાં ફોન પર વાત કરીને મદદરૂપ થતી સંસ્થાઓની સંપર્ક માહિતી આપવામાં આવે (ગૂગલ તથા અન્ય સર્ચ એન્જિનમાં પણ આવું કંઈક સર્ચ કરવામાં આવે તો મદદરૂપ થઈ શકે તેવી સંસ્થાઓની માહિતી બતાવવામાં આવે છે).

‘કોમન સેન્સ મીડિયા’ના અભ્યાસમાં આ વાતે પણ ચેટજીપીટી એઆઇ ચેટબોટ ખરો ઉતર્યો નહીં.

સંસ્થાના સંશોધકોએ ચેટજીપીટી સાથે સમજી વિચારીને હતાશા દર્શાવતી વાતચીત કરી ત્યારે મોટા ભાગની વાતચીતમાં ચેટજીપીટી તરફથી કોઈ પ્રકારની મદદ દર્શાવવામાં આવી નહીં!

### ‘વિદ્યાર્થીઓને કન્સેપ્ટ સમજવામાં મદદ અસરકારક નથી’



ચેટજીપીટીમાં લાંબા સમયથી, વિદ્યાર્થીઓને મદદરૂપ થાય તેવો એક ખાસ પ્રકારનો ‘સ્ટડી મોડ’ ઉમેરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ તેમને મૂંઝવતા કે ગૂંચવતા સવાલો વિશે આ મોડમાં ચેટજીપીટી સાથે વાતચીત કરે ત્યારે અપેક્ષા એવી હોય કે ચેટજીપીટી સીધેસીધા જવાબો આપવાને બદલે જે તે પ્રશ્નની ઊંડાણભરી સમજ આપે અને તેનો જવાબ કેવી રીતે મેળવાય તેનું સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શન કરે.

‘કોમન સેન્સ મીડિયા’ના અભ્યાસમાં જોવા મળ્યું કે આ રીતે સ્ટડી મોડમાં ચેટજીપીટી સાથે વાતચીત કરવામાં આવે ત્યારે ચેટજીપીટી તરફથી અવારનવાર ‘શો મી ધ આન્સર’ એવું બટન બતાવવામાં આવતું હતું. વિદ્યાર્થી તેને ક્લિક કરે તો હોમવર્કના સવાલનો સીધેસીધો જવાબ આપી દેવામાં આવતો હતો, જેને વિદ્યાર્થી કોપી પેસ્ટ કરી શકે!

ચેટજીપીટીમાં એવી પણ વ્યવસ્થા છે કે વિદ્યાર્થીઓ નિશ્ચિત ‘સ્ટડી અવર્સ’ દરમિયાન ચેટજીપીટી સાથે વાતચીત કરીને સીધા જવાબો મેળવી શકે નહીં. પરંતુ અભ્યાસોમાં જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓ પોતાના પ્રોમ્પ્ટમાંથી @study એવા શબ્દો દૂર કરીને આ રીસ્ટ્રિક્શન સહેલાઈથી બાયપાસ કરી શકે છે.

### ‘એઆઇ ચેટબોટ બાળકોનો ‘ફ્રેન્ડ’ બનવો ન જોઈએ, તેમ છતાં...’



ફક્ત બાળકો કે કિશોરો નહીં, યુવાનો કે મોટી ઉંમરના લોકોને પણ હવે ચેટજીપીટીમાં પોતાનો ‘બેસ્ટ ફ્રેન્ડ’ દેખાવા લાગ્યો છે! કારણ કે ચેટજીપીટીને ટ્રેનિંગ એવી રીતે આપવામાં આવી છે કે તે આપણી સાથે નજીકના ફ્રેન્ડની જેમ વાતચીત કરી શકે. તેનું મેમરી ફીચર ઓન હોય તો એઆઇને આપણા વિશે આપણા પ્રોમ્પ્ટ ઉપરાંત, હજી ઘણી વધુ ખબર હોય, પરિણામે તે ખરેખર નજીકનો દોસ્ત વાતચીત કરતો હોય એવું આપણી સાથે વર્તન કરે. એઆઇ ચેટબોટ્સ આ બાબતે એટલા પાવરફુલ છે કે કેટલીય દિવાળી જોઈ ચૂકેલા લોકો પણ એઆઇને જીવતી જાગતી, સંવેદના ધરાવતી વ્યક્તિ સમજવાની ભૂલ કરી બેસે.

એઆઇની આ ખાસિયત કે તકલીફ ધ્યાનમાં રાખીને ચેટજીપીટીમાં એક ખાસ ‘અન્ડર ૧૮ મોડેલ’ વિકસાવવામાં આવ્યું છે. જેમાં ૧૮ વર્ષથી નાની ઉંમરનો યૂઝર એઆઇ સાથે વાતચીત કરે ત્યારે તેનું મિત્ર જેવું વર્તન શક્ય એટલું ઘટાડી દેવામાં આવે.

‘કોમન સેન્સ મીડિયા’ના અભ્યાસમાં જાણવા મળ્યું કે આ વાત પણ કોરો દાવો છે.

હકીકતમાં એવું થતું નથી. ટીનેજર્સ સાથેની વાતચીતમાં એઆઇ તેમની સાથે ફ્રેન્ડઝ જેવું જ વર્તન કરે છે અને વાતચીતને લાંબો સમય ચાલુ રાખવાનો પ્રયાસ કરે છે!

### ‘એઆઈને યૂઝરની ઉંમરનો અંદાજ મળી જવો જોઈએ, પણ...’



ચેટજીપીટી ડેવલપ કરનારી ચેટજીપીટી કંપની દાવો કરે છે કે તેનો ચેટબોટ આપણી સાથે કેવી રીતે વાતચીત કરશે તેનો ઘણો બધો આધાર આપણી ઉંમર પર છે. બાળકો માટે તે વધુ સલામત રીતે વર્તે છે.

પરંતુ, ખાસ કરીને બાળકો કે ટીનેજર માટેનાં સેફ્ટી સેટિંગ્સ (જો તે ખરેખર અસરકારક હોય તો) ત્યારે જ એક્ટિવ થાય જ્યારે ચેટજીપીટીને તેની સાથે વાતચીત કરતી વ્યક્તિની ઉંમરનો અંદાજ આવે.

‘કોમન સેન્સ મીડિયા’ના સંશોધકોએ આ બાબતે ચેટજીપીટી કેટલીક સ્માર્ટ છે તે તપાસવાનો પ્રયાસ કર્યો. એ માટે મોટી ઉંમરની વ્યક્તિની ઉંમર બતાવીને ટેસ્ટ એકાઉન્ટ ક્રિએટ કરવામાં આવ્યા.

પરંતુ એ પછી તેની સાથેની વાતચીત કોઈ બાળક કે કિશોર કરતો હોય એ રીતે કરવામાં આવી. જો ચેટજીપીટીના દાવા સાચા હોય તો આવી વાતચીત પરથી તેને ખ્યાલ આવી જવો જોઇએ કે જે તે એકાઉન્ટ ખોટી ઉંમર દર્શાવીને ક્રિએટ કરવામાં આવ્યું છે. વાસ્તવમાં કોઈ બાળક કે કિશોર તેની સાથે વાતચીત કરે છે.

‘કોમન સેન્સ મીડિયા’ના અભ્યાસમાં આવું થયું નહીં. ત્યાં સુધી કે સંશોધકોએ વાતચીત દરમિયાન સ્પષ્ટપણે કહ્યું કે પોતાની ઉંમર ૧૩ વર્ષની છે ત્યારે પણ ચેટજીપીટીએ એ તરફ ધ્યાન આપ્યું નહીં!

ફેસબુકમાં જાતભાતનાં સ્કેમ થતાં રહેતાં હોય છે, એક રીત છે આપણને ડરાવવાની

# “તમારું ફેસબુક પેજ કે પ્રોફાઈલ બ્લોક કરી દેવામાં આવશે”

*“તમારું પેજ ડિસેબલ કરી દેવામાં આવ્યું છે... ‘ઇન્ટરનેશનલ એક્સપર્ટ્સ’ દ્વારા રિપોર્ટ કરવામાં આવેલ છે કે તમારા આર્ટિકલમાં અન્ય કોઈ વ્યક્તિના ખોટા નામ કે ફોટોગ્રાફનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તમે અન્ય લોકો ગેરમાર્ગે દોરાય તેવું કન્ટેન્ટ શેર કર્યું છે... અમે અગાઉ પણ તમને નોટિસ આપી હતી કે તમારું પેજ અન્ય કોઈ વ્યક્તિના ઇન્ટલએક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સનો ભંગ કરે છે ત્યારે અમે તમને ચેતવ્યા હતા કે તમારું પેજ ડિસેબલ થઈ શકે છે. જો તમને લાગતું હોય કે અમારી સિસ્ટમે કોઈ ભૂલ કરી છે તો આ લિંક પર ક્લિક કરીને તમારું એકાઉન્ટ વેરિફાઇ કરી લો...”*

તમે તમારા પોતાના નાના મોટા બિઝનેસ કે અન્ય હેતુ માટે ફેસબુક પર પેજ ઓપન કરીને તેને ઓપરેટ કરતા હો કે પછી તમારું પર્સનલ પ્રોફાઇલ જ હોય, વહેલા મોડો તમારા ઇમેઇલ કે ફેસબુક મેસેન્જર મારફત આવો ‘એલર્ટ’ તમને મળી શકે છે.

જુદા જુદા પ્રકારના સાયબર ફ્રોડથી પરિચિત વ્યક્તિ તરત સમજી જાય કે તેમને સાણસામાં લેવા માટે આ એલર્ટ મોકલવામાં આવેલ છે. એલર્ટને ધ્યાનથી વાંચો તેમાં ઘણી બધી ભૂલો જોવા મળે. તેમાં આપેલી લિંક પર ક્લિક કરવાને બદલે ફક્ત માઉસથી હોવર કરો કે સ્માર્ટફોનમાં લિંક પર લાંબો સમય પ્રેસ કરો તો તરત સમજાય કે આ લિંક આપણને ફેસબુકના ઓફિશિયલ પેજ પર નહીં પરંતુ અન્ય કોઈ જગ્યાએ લઈ જાય છે.

આ ‘એલર્ટ’ નો હેતુ બહુ સ્પષ્ટ છે - આપણને ફેસબુકના લોગઇન પેજ જેવા લાગતા પેજ પર લઇ જવા અને ત્યાંથી આપણા ફેસબુક એકાઉન્ટના યૂઝરનેમ પાસવર્ડ મેળવવાનો પ્રયાસ કરવો.

તમને જાણીને નવાઈ લાગશે કે હજી બહુ મોટા પ્રમાણમાં લોકો આવી છેતરપિંડીનો ભોગ બની જાય છે.

આવા સ્કેમથી બચવાનો એક જ ઉપાય છે - આપણે માટે મહત્ત્વના કોઈ પણ એકાઉન્ટ સંબંધિત આવો કોઈ એલર્ટ આવે તો તેના પર આંખ મીંચીને વિશ્વાસ મૂકવાને બદલે તેને ધ્યાનથી તપાસવું. કોઈ એક્શન લેવું જરૂરી લાગે તો પણ એ એલર્ટમાં આપેલી લિંક પર ક્લિક કરવાને બદલે નવી ટેબમાં જે તે એકાઉન્ટના ઓફિશિયલ પેજ પર જઇને ત્યાંથી જ લોગઇન કરવું. જો પેલો એલર્ટ સાચો હશે તો એ એકાઉન્ટના ઓફિશિયલ પેજ પર પણ આપણને તે એલર્ટ જોવા મળશે. ઓફિશિયલ સાઇટ પર એવું કંઈ જોવા ન મળે તો તેનો અર્થ એક જ - પેલો એલર્ટ બનાવટી છે. તેને સ્કેમ તરીકે રિપોર્ટ કરો અને એ ઇમેઇલ/મેસેજ મોકલનારને બ્લોક કરી દો.




તમને જાણીને નવાઈ લાગશે કે આખી દુનિયામાં ફેલાયેલા હેકર્સ આ રીતે બહુ મોટી સંખ્યામાં લોકોના ફેસબુક એકાઉન્ટ્સની વિગતો ચોરતા રહે છે અને તેની મદદથી અન્ય કેટલાય લોકોને ફેસબુક મેસેન્જર પર બનાવટી લિંક મોકલીને વધુ ને વધુ પ્રમાણમાં લોકોના ફેસબુકના યૂઝરનેમ-પાસવર્ડ ચોરે છે.એક અંદાજ પ્રમાણે દર અઠવાડિયે આ રીતે ઓછામાં ઓછા એક લાખ ફેસબુક બિઝનેસ એકાઉન્ટ્સને ટાર્ગેટ કરવામાં આવે છે!


## એક ખાસ પહેલ, આપને માટે!

SHREYARTH UNIVERSITY
श्रेयस्करं ज्ञानम्
શ્રેયાર્થ યુનિવર્સિટી
TECHNO QUIZ

**ટેક્નોક્વિઝમાં ભાગ લો, નોલેજ સાથે ઇનામ મેળવો!**

**પ્રશ્ન-૧. ડિજિટલ યુગમાં બાળકોની સલામતી માટે કાર્યરત ‘કોમન સેન્સ મીડિયા’ સંસ્થા મૂળ કયા દેશની છે?**
(૧) યુકે (૨) યુએસ (૩) ઓસ્ટ્રેલિયા

**પ્રશ્ન-૨. ચેટજીપીટીમાં વિદ્યાર્થીઓને જુદા જુદા એજ્યુકેશનલ કન્સેપ્ટ સમજવામાં મદદરૂપ થતા મોડનું નામ શું છે?**
(૧) હોમવર્ક મોડ (૨) સ્કૂલ મોડ (૩) સ્ટડી મોડ

**પ્રશ્ન-૩. વોટ્સએપમાં કોઈ મેસેજ પછીના સમયે જાય તેવું સેટિંગ કરવામાં આવે તો તે મેસેજ ક્યાં જોવા મળશે?**
(૧) ચેટ ટેબમાં (૨) સેટિંગ્સમાં
(૩) ચેટ ઇન્ફો સ્ક્રીનમાં

જવાબો મોકલવા આ ક્યૂઆર કોડ સ્કેન કરો

**તા. ૧૧-૧૦-૨૦૨૬ ક્વિઝના વિજેતાઓ**

લતા સરગમ, હરબંસકૌર જૂનેજા, વિનોદ પારઘી

**તા. ૧૧-૧૦-૨૦૨૬ ક્વિઝના જવાબો**

પ્રશ્ન-૧. ગૂગલ ડ્રાઇવ ફોર ડેસ્કટોપમાં એક સાથે વધુમાં વધુ કેટલાંક ગૂગલ એકાઉન્ટ સિન્ક કરી શકાય છે? - ૪ એકાઉન્ટ

પ્રશ્ન-૨. સેમસંગની ગેલેરી એપમાં કયા મહિનાથી ક્લાઉડ બેકઅપ વનડ્રાઇવને બદલે ગૂગલ ફોટોઝમાં લેવાનું શરૂ થયું છે?
- ઓક્ટોબર ૨૦૨૬

પ્રશ્ન-૩. વોટ્સએપમાં ચેનલ્સને ‘અપડેટ્સ’માંથી ક્યાં ખસેડવામાં આવે તેવી શક્યતા છે? - ચેટ્સ ટેબમાં

વિજેતાઓને અભિનંદન! આપનાં ઇનામ માત્ર રૂબરૂ અથવા કોઈ પ્રતિનિધિ દ્વારા આ સરનામેથી ૧૫ દિવસમાં મેળવી લેવાનાં રહેશેઃ શ્રેયાર્થ યુનિવર્સિટી, એમ. જે. લાઇબ્રેરી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ(સવારના ૧૦થી સાંજના ૬)
૯૩૧૩૯૨૬૧૦૨/૪, info@shreyarthuni.ac.in,
વેબસાઇટઃ shreyarthuni.ac.in.



ક્યૂઆર કોડ સ્કેન કરવા માટે સ્માર્ટફોનમાં ગૂગલ સર્ચ એપમાં ‘લેન્સ’ ઓપન કરી તેનાથી કોડ સ્કેન કરો. આઇફોન તથા અમુક એન્ડ્રોઇડ ફોનમાં ડાઇરેક્ટ કેમેરા ઓપન કરી સ્કેન કરી શકાશે (તમારા ફોનમાં આ સગવડ તપાસવા માટે કેમેરા એપનાં સેટિંગ્સ તપાસી જુઓ). એ ઉપરાંત, ફોનમાં ક્રોમ બ્રાઉઝરમાં ‘શેર’ બટન ક્લિક કરતાં ક્યૂઆર કોડ સ્કેન કરવાનો વિકલ્પ મળશે. પેટીએમ જેવી અમુક પેમેન્ટ એપમાંથી પણ આ ક્યૂઆર કોડ સ્કેન કરી શકાશે.


**સોશિયલ અપડેટ** સોશિયલ એપ્સમાં આવેલા ફેરફારના ખબરઅંતર

## વોટ્સએપમાં હવે ધાર્યા સમય-તારીખે મેસેજ મોકલી શકાશે

અત્યારે આપણે વોટ્સએપમાં કોઈને મેસેજ મોકલવો હોય તો એક જ વિકલ્પ છે - વોટ્સએપ ઓપન કરો, જે તે વ્યક્તિ કે ગ્રૂપનું નામ શોધીને તેમની સાથેનું ચેટ પેજ ઓપન કરો, મેસેજ ટાઇપ કરો અને સેન્ડ બટન ક્લિક કરી દો. મેસેજ તરત રવાના.

પરંતુ, આપણે એવું ઇચ્છતા હોઇએ કે કોઈ વ્યક્તિને બે કલાક પછી કે રાતના ૧૨ વાગે તેમનો જન્મ દિવસ શરૂ થાય બરાબર ત્યારે મેસેજ પહોંચે તો એ માટે મેસેજ શેડ્યુલ કરવાનો વોટ્સએપમાં અત્યારે કોઈ રસ્તો નથી. આપણે રાત્રે ૧૨ વાગ્યા સુધી જાગવું જ પડે!

હવે તેનો ઉપાય મળવાની તૈયારીમાં છે. ઇમેલની જેમ, વોટ્સએપમાં પણ આપણને મેસેજ શેડ્યૂલ કરવાની સગવડ મળવામાં છે. એ સગવડ મળી જાય તે પછી...

આપણે કોઈ પણ વ્યક્તિ કે ગ્રૂપ માટે મેસેજ ટાઇપ કરીને તે નિશ્ચિત તારીખ અને સમયે ડિલિવર થાય એવું સેટિંગ કરી શકીશું. આ મેસેજમાં ટેક્સ્ટ ઉપરાંત લિંક્સ, ફોટોસ તથા વીડિયો પણ મોકલી શકાશે. જોકે હાલમાં ફક્ત એક ઇમેજ કે વીડિયો સાથેનો મેસેજ શેડ્યુલ કરી શકાશે.




આ ફીચર કેટલાક વોટ્સએપ બીટા યૂઝર્સને ઉપલબ્ધ થવા લાગ્યું છે. થોડા સમયમાં તે સૌને મળવા લાગે તેવી શક્યતા છે.

તમારા વોટ્સએપમાં આ સગવડ આવી જાય તે પછી મેસેજ ટાઇપ કર્યા પછી સેન્ડ બટન જરા લાંબો સમય પ્રેસ કરતાં તેને શેડ્યુલ કરવાનો વિકલ્પ મળશે. આપણે તારીખ અને સમય સેટ કરી શકીશું. આ પછી તે મેસેજ તરત જવાને બદલે, ચેટ ઇન્ફો સ્ક્રીનમાં ‘શેડ્યુલ મેસેજિસ’ના અલગ સેકશનમાં જોવા મળશે. અહીંથી આપણે તેને તપાસીને ડિલીટ કે એડિટ કરી શકીશું. દેખીતું છે કે આપણે આ રીતે કોઈ મેસેજ શેડ્યુલ કર્યો છે તેવી સામેની વ્યક્તિને કોઈ જાણ થશે નહીં.

આપનાં સૂચનો, સવાલો મોકલો આ સરનામા પર :
technoworld.gs@gmail.com

લેખન-સંકલન : હિમાંશુ કીકાણી

# ગરબે રમતા આપણે રાઉન્ડ જ કેમ બનાવીએ છીએ? જાણો સર્કલનું સાયન્સ ને વર્તુળનો વિચાર!

**સ્પેક્ટ્રોમીટર**

**જય વસાવડા**

૨મતો ભમતો જાય આજ માનો ગરબો ઘૂમતો જાય... ચરરર ચરરર મારું ચકડોળ ચાલે... ફરરર ફરરર ફુદરડી...

ગરબા રસના ગ્રાઉન્ડ સાથે રાઉન્ડ રમતું સર્કલ જોડાયેલું છે. મોટે ભાગે માતાજીનું વચ્ચે સ્થાપન હોય ને ગોળ બધા એની આસપાસ રાસ રમે. મોટા ગ્રાઉન્ડ કે પાર્ટી પ્લોટમાં પણ મોજથી રમનારાઓને ફાઈનલ રાઉન્ડ માટે સર્કલ બનાવવાનું જ કહેવાય. ઘણા પોતપોતાનો નાનો ઘેર વળે. ગરબે રમવાની વાત આવે એટલે ગોળ ગોળ ઘૂમવું ફરજીયાત થઈ જાય. ઘણા ઉસ્તાદ ખેલૈયા તો પોતે એકલા એકલા ગોળ ફુદરડી ફરતા સ્ટેપ્સ લે. ઘણી નવરાત્રિ માટે સ્પેશ્યલ ચણિયાચોળી સીવડાવીને ફરતી છોકરીઓ ખાસ ધ્યાન રાખે કે એના ઘાઘરાનો ગોળ ઘેર રીલમાં બરાબર આવે. માટી કે ધાતુનો કુંભ યાને ગરબો પોતે તો જાણે ગોળાકાર હોય જ.

તો આ ગરબો વર્તુળમાં જ કેમ લેવાય કાયમ એવો સવાલ કદી થયો છે? વધુ આગળ કલ્ચરમાં સાયન્સનો વઘાર કરીએ તો જગતમાં ઘણું બધું ગોળ કેમ છે ને ગોળ ગોળ જ કેમ ફરે છે?

■ ■ ■

વર્તુળ એટલે એક એવો આકાર જેને આખી દુનિયા જાણે છે. ખૂણાઓ કે ખાંચાઓ વિનાનો, એકદમ પરફેક્ટ અને સપ્રમાણ ગોળ આકાર! આમ તો દુનિયા જ લિટરલી ગોળ છે. (આકાશમાં જઈને જુઓ તો પૃથ્વી દેખીતી ગોળ જ છે પણ બે છેડે નારંગી જેવી જરા ચપટી.) ભૂમિતિ ભણવામા ધ્યાન આપ્યું હોય તો યાદ હશે કે વર્તુળ એ એક દ્વિપરિમાણીય યાને ટુ ડી કે ત્રિપરિમાણીય થ્રીડી ભૌમિતિક આકાર છે. જેનું દરેક બિંદુ એક મધ્યબિંદુથી સમાન અંતરે આવેલું હોય છે. તેની ફરતે આવેલી વળાંકવાળી રેખાને 'પરિઘ' (સર્કમફરન્સ) કહેવાય છે. કેન્દ્રથી પરિઘ સુધીના અંતરને 'ત્રિજ્યા' (રેડિયસ) કહેવાય છે, અને કેન્દ્રમાંથી પસાર થતી આખી લીટીના અંતરને 'વ્યાસ' (ડાયામીટર) કહે છે, જે ત્રિજ્યા કરતાં બરાબર બમણો હોય છે.

રાસના ગ્રાઉન્ડ પર વારંવાર બોલાય એ ગોળાકાર માટેનો અંગ્રેજી શબ્દ સર્કલ લેટિન શબ્દ 'સર્કસ' પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ જ થાય છે 'રિંગ' અથવા 'ગોળાકાર રેખા.' રોમન લોકો આ શબ્દનો ઉપયોગ રમતો, પ્રદર્શનો અને રેસિંગ માટેના ગોળ મેદાનો દર્શાવવા માટે કરતા હતા. ગ્રીક ભાષામાં તેનો સમાન શબ્દ 'કિર્કોસ' છે. ચક્ર યાને પૈડું માણસની એઆઈ કે ઈન્ટરનેટ જેવી લાઈફ ચેન્જિંગ ખોજ હતી. પણ વર્તુળ તો કુદરતમાં માણસે અસ્તિત્વના ઉદ્ભવથી નિહાળેલું. ૪૦૦૦ વર્ષથી પણ વધુ સમય પહેલાં, ઈજિપ્તવાસીઓ અને મેસોપોટેમિયનોને ભૂમિતિ અને વર્તુળ વિશે સારી એવી સમજ હતી. એ વખતે બેબીલોનિયન લોકોએ તો વર્તુળનું ક્ષેત્રફળ ગણવાની રીત પણ શોધી કાઢી હતી. ઈ.સ. પૂર્વે ૬૫૦ની આસપાસ થેલ્સે સર્કલના સિદ્ધાંતોની શરૂઆત કરી.

સદીઓ પછી, 'ભૂમિતિના પિતા' ગણાતા ગ્રીક ગણિતશાસ્ત્રી યુક્લિડે તેમના પુસ્તક 'એલિમેન્ટ્સ' (બૂક થ્રી) માં વર્તુળના ગુણધર્મોને સાચી વૈજ્ઞાનિક રીતે સમજાવ્યા. એણે જ ત્રિજ્યા, વ્યાસ અને કેન્દ્ર જેવા શબ્દોની વ્યાખ્યા આપીને ભૂમિતિનો એવો મજબૂત પાયો નાખ્યો, કે એના નામ વગર ગણિતની ટેક્સ્ટબુક શક્ય જ નથી. વિમાન કે સેટેલાઈટ વિના પણ પશ્ચિમમાં ગ્રીકોએ પહેલી વાર વિચાર્યું કે ધરતી એક ગોળો છે!

આશરે ૨૫૦૦ વરસ પહેલા પ્રમેયને લીધે ખ્યાતનામ ગ્રીક ગણિતશાસ્ત્રી પાયથાગોરસે ચંદ્રગ્રહણના અવલોકનો પરથી પૃથ્વીના ગોળાકાર આકારનું સૂચન કર્યું. એના અઢીસો વર્ષ પછી ગ્રીક ખગોળશાસ્ત્રી ઈરેટોસ્થેનિસે ઈજિપ્તના સાયેન અને એલેક્ઝાન્ડ્રિયાથી મળેલાનિરીક્ષણો પરથી પૃથ્વીને ગોળ સમજીને એનો ઘેરાવો માપવાની કોશિશ કરી.



















પણ પાયથાગોરસનો સમકાલીન એવો ગ્રીક ફિલોસોફર હતો પરમેનાઈડસ. એણે તર્ક લડાવેલો કે પૃથ્વી તો પૂર્ણ જ હોય. ખંડિત નહિ અને સૌથી પૂર્ણ સપ્રમાણ આકાર તો ગોળ છે. એટલે પૃથ્વી ગોળ હોવી જોઈએ! એ જ અરસામાં અઢી હજાર વર્ષ પહેલા આપણા ભારતના મહાન ગણિતશાસ્ત્રી આર્યભટ્ટે 'આર્યભટીય' નામનો ગ્રંથ લખ્યો, જેમાં દશાંશ પદ્ધતિ અને ગોલક (સ્ફીઅર) વિશે ઊંડી ચર્ચા છે. 'ધ ગ્રેટ જીઓમીટર' તરીકે ઓળખાતા એપોલોનિયસે 'કોનિક્સ' નામનું પુસ્તક લખ્યું, જેમાં તેમણે પેરાબોલા, ઈલિપ્સ (લંબગોળ) અને હાઈપરબોલા જેવા શબ્દો અને તેના ખ્યાલો રજૂ કર્યા.

રોમન યુગ દરમિયાન, ઈજનેરો અને આર્કિટેક્ટ્સે બાંધકામમાં ભૂમિતિનો અદ્ભુત ઉપયોગ કર્યો. રોમના જગવિખ્યાત કોલોઝિયમ અને કમાનો (આર્ચ) હજુ તેની સાક્ષી પૂરે છે. ગોળાકાર આકારો અને ગુંબજોના ઉપયોગથી ઈમારતો માત્ર સુંદર જ નહોતી દેખાતી, પણ ખૂબ જ મજબૂત પણ બનતી. ૮મી થી ૧૪મી સદી દરમિયાન, ઈસ્લામના સુવર્ણકાળમાં અલ-હૈથમ (ઓપ્ટિક્સના પિતા) અને અલ-ખ્વારિઝમી (બીજગણિતના પિતા) જેવા વિદ્વાનોએ માનવજાતના વારસા જેવા પ્રાચીન ગણિતને સાચવ્યું અને તેમાં વધારો કર્યા. તેમણે પણ શંકુ અને વર્તુળના ગુણધર્મોનો ઊંડો અભ્યાસ કર્યો.

૧૪મી થી ૧૭મી સદી દરમિયાન યુરોપમાં રેનેસાંની ક્રાંતિ થઈ અને કલા તથા વિજ્ઞાનનો પવન ફૂંકાયો. જિનિયસ આર્ટીસ્ટ એન્ડ સાયન્ટિસ્ટ લિયોનાર્દો દ વિન્ચીએ માત્ર મોનાલિસામાં ગાલ ગોળ ન્હોતા જોયા, પણ તેમણે પાણીના વમળ અને પ્રકૃતિમાં જોવા મળતા ગોળ આકારોનું ખૂબ જ ઝીણવટભર્યું અવલોકન કરી ગ્રાફિક સાથે ડાયરી લખેલી!

૧૭મી સદીમાં 'આઈ થિંક ધેરફોર આઈ એમ' જેવું વિશ્વવિખ્યાત સૂત્ર આપનાર રેને દેકાર્તે બીજગણિત અને ભૂમિતિને જોડીને 'એનાલિટિકલ જિયોમેટ્રી'ની શરૂઆત કરી. ત્યારબાદ ૧૮મી અને ૧૯મી સદીમાં આઈઝેક ન્યુટન અને ગોટફ્રાઈડ લિબનિઝે 'કેલ્ક્યુલસ' (કલનગણિત)ની શોધ કરી, જેણે વર્તુળો અને વળાંકોના અભ્યાસને એક નવી જ દિશા આપી. જો કે જેમાં ઉલ્લેખ વિના ગોળાકારની ગાથા અધૂરી રહે એવા આજે પણ ભણવામાં આવતો સિમ્બોલ ''પાઈ''!

ઘનતા માટે વિખ્યાત એવા સમીકરણનો જવાબ જડતા યુરેકા યુરેકા કહેતા ભાન ભૂલીને નગ્ન અવસ્થામાં બહાર દોડી ગયેલો ભેજાંબાજ ગણિતશાસ્ત્રી આર્કિમિડીઝ યાદ છે? એ આર્કિમિડીઝે વર્તુળની અંદર અને બહાર બહુકોણ (પોલીગોન) દોરીને વર્તુળના ક્ષેત્રફળનો અંદાજ કાઢવાની એક અનોખી રીત શોધી. જેમ જેમ તેમણે બહુકોણની બાજુઓ વધારી, તેમ તેમ તેમની ગણતરી વર્તુળના સાચા ક્ષેત્રફળની વધુ નજીક પહોંચી. તેના પરથી એક ચોક્કસ નંબર મળ્યો, એને આજે આપણે ધપાઈધ તરીકે ઓળખીએ છીએ. સરળ શબ્દોમાં કહીએ તો, વર્તુળના પરિઘ અને તેના વ્યાસ વચ્ચેનો જે ગુણોત્તર (રેશિયો) છે, તે જ 'પાઈ' છે. વર્તુળ નાનું હોય કે મોટું બાવીસ સપ્તમાંશ અર્થાત આશરે ૩.૧૪ની ટકાવારી અચળ રહે છે કુદરતમાં. શા માટે? બસ, એ જવાબ અકળ છે.

■ ■ ■

એક ક્ષણ માટે તમારી આસપાસ જુઓ. તમને ક્યા આકારો દેખાય છે?

કદાચ તમને કોઈ સિક્કો, ઘડિયાળ, થાળી, વાટકો કે પૈડું દેખાશે. ટામેટાં, લીંબુ, દ્રાક્ષ કે દાળ દેખાશે. લખોટી, બોલ કે રોટલી દેખાશે. મોબાઈલ છોડી જરા બહાર જઈને જુઓ, તમને હજી વધુ ગોળ આકારો જોવા મળશે : સૂર્ય, ચંદ્ર, ખાબોચિયામાં પડતા વમળ, ફૂલનો મધ્યભાગ, અથવા તો ઝાડના થડની અંદર જોવા મળતી રિંગ્સ (વલયો). ઈન્સ્ટાગ્રામની રીલમાં સિડની સ્વિની જેવી માદક માનુનીઓ જુઓ. સુડોળ ગોળ સ્તનો અને નિતંબો દેખાશે ને એ જોઈ હોઠનો થતો પાઉટ પણ ગોળ, સ્કિન નહીં તો સ્ક્રીન પર ફરતાં ટેરવાં પણ ગોળ! એ જોતી આંખના ડોળા ને કીકી પણ ગોળ ને આ વાંચતા માથું ખંજવાળી લો તો વાળ પણ મોટા ભાગના અંગોની જેમ કર્વ લેતા ગોળ! અરે ગરણીની જેમ જે ચક્રવાત આવે ટોર્નેડો કે ટવીસ્ટર જેવો એ પણ ગોળ ફરતો હોય અને વરસાદ હોય કે ઝાકળ પાણીના ટીપાં પણ ગોળ જ છે. પ્રકૃતિ વર્તુળમાં જ વ્યક્ત થાય છે. યે દુનિયા ઘૂમ રહી હૈ ગોલ ગોલ ગોલ ગોલ!

ના, આ કોઈ અમસ્તો સંયોગ નથી. ટોયલેટ ને ટાયર પણ ગોળ. પિત્ઝા ને રોટલો ગોળ. શૂન્ય પણ

**પૃથ્વી ગોળાકાર કેમ છે? પુષ્પ હોય કે પરપોટો નેચરમાં કેમ બધું કર્વમાં હોય? રાઉન્ડ શેપના રહસ્યો શોધવાનો ઈતિહાસ જાણો છો? ગોળાકારનું ગણિત અને ગતિમાં વર્તુળનું વિજ્ઞાન શું છે?**

ગોળ ને ઓમ પણ કર્વવાળો રાઉન્ડ! બાળક જન્મે ત્યારે એનો ચહેરો રાઉન્ડ શેપ જ હોય. બટાકાવડા કે પેંડા, ઘારી કે પતાસાં પણ ગોળ! મોટા ભાગના ફળો તડબૂચથી ટેટી, જામફળથી ચીકૂ સુધી બધા ગોળ, સ્ક્વેર સાઈઝમાં કપાતા કાગળ પણ પેક થાય ગોળ રીમ યાને ભૂંગળામાં. સ્ટ્રો હોય કે કપરકાબી. યાદી કરીને હાંફી જશો એટલા ગોળાકાર આસપાસ દેખાશે. નાના સાબુના પરપોટાથી લઈને આખેઆખા ગ્રહો સુધી, ગરબાની ફુદરડીથી આકાશગંગાઓના પથારા સુધી આ બ્રહ્માંડમાં ચોરસ કે ત્રિકોણનો બદલે આઈફોન ટાઈપ કર્વ ધરાવતા ગોળ આકારો જ વારંવાર કેમ જોવા મળે છે તેની પાછળ નક્કર વૈજ્ઞાનિક કારણો છે!

પ્રકૃતિમાં વર્તુળો એટલા માટે જોવા મળે છે કારણ કે તે અસ્તિત્વમાં રહેલા સૌથી સંતુલિત અને કાર્યક્ષમ આકારોમાંનો એક છે. બેલેન્સ્ડ એન્ડ એફિશિયન્ટ. નેચરમાં ઘણા ફોર્સીઝ બધી જ દિશાઓમાં સમાન રીતે કામ કરે છે. જ્યારે આવું થાય છે, ત્યારે જે આકાર બને છે તે મોટેભાગે વર્તુળ કે ગોળાનો જ હોય છે. પાણીના એક ટીપાંનો જ વિચાર કરો. પાણીના અણુઓ એકબીજા તરફ ખેંચાય છે. તેઓ જે સૌથી આસાન અને સમાન આકાર બનાવી શકે છે તે ગોળાકાર છે. પાણીના ટીપાં કે પરપોટા ગોળ છે કારણ કે, વર્તુળ કોઈપણ વસ્તુને કેન્દ્રબિંદુની આસપાસ સમાન રીતે ફેલાવે છે, જેથી ઊર્જાને ઈકવલી ડિસ્ટ્રીબ્યુટેડ રાખવાનો કુદરતી ધારો હોય ત્યારે આ આકાર શ્રેષ્ઠ સાબિત થાય! પરપોટો જેમ સરફેસ ટેન્શન યાને પૃષ્ઠતાણ ને લીધે ગોળાઈ ધારણ કરે છે, જેમ એની સપાટી સેન્ટર તરફ ખેંચાયેલી રહે છે, એ જ રીતે તમામ ગ્રહો પણ ગુરુત્વાકર્ષણને કારણે ગોળ હોય છે.

ગુરુત્વાકર્ષણ બધું જ પદાર્થના કેન્દ્ર તરફ ખેંચે છે. જ્યારે કોઈ ગ્રહની રચના થાય છે, ત્યારે ગુરુત્વાકર્ષણ દ્રવ્ય(મેટર)ને બધી દિશાઓમાંથી સમાન રીતે ખેંચે છે. સમય જતાં, આ પ્રક્રિયા ગ્રહને એકદમ ગોળ સ્ફીઅર બનાવી દે છે. યાને માતાજીની આ જ ઈચ્છા છે કે ગરબાના ઘડાની જેમ બધું કર્વમાં ગોળાકાર રહે!

અવકાશમાં રહેલા નાના પદાર્થો- જેમ કે એસ્ટરોઈડ્સ (લઘુગ્રહો) મોટેભાગે ખરબચડા કે આડાઅવળા દેખાય છે. તેમનું ગુરુત્વાકર્ષણ એટલું મજબૂત નથી હોતું કે તે તેમને ગોળ આકાર આપી શકે. યાને જેમાં ગોળ વળાંકો નથી એ એટલું સુંદર પણ નથી! ઘણી વનસ્પતિઓ કેન્દ્રબિંદુથી બહારની તરફ વિકસે છે, જે કુદરતી રીતે જ વર્તુળાકાર પેટર્ન બનાવે છે. ઘણા સજીવો પણ ગોળ વળાંકોને લીધે ક્યૂટ લાગે છે. જ્યારે કોઈ ઝાડ ઉગે છે, ત્યારે તે દર વર્ષે એક નવું પડ ઉમેરે છે. સમય જતાં આ પડ રિંગ્સ બનાવે છે જે પાણીના વમળની જેમ બહારની તરફ ફેલાય. જેનો અભ્યાસ કરતા ઝાડની ઉંમર અને ભૂતકાળની આબોહવાની સ્થિતિ વિશે માહિતી મળે!

અનુસંધાન પાનાનં ૦૬ પર

# દોઢ વાર બનેલી રિ-મેકની રિ-મેકની રિ-મેક

**બાયોસ્કોપવાલા**

**મન્નુ શેખચલ્લી**

પૂનાની ફિલ્મ ઈન્સ્ટીટયૂટમાં જ્યારે ફાઈનલ યરનો કોઈ સ્ટુડન્ટે એની ૨૦-૨૫ મિનિટની ડિપ્લોમા ફિલ્મ બનાવવામાં સતત મોડું જ કર્યા કરે (કેમકે મફતના ભાવે હોસ્ટેલમાં પડ્યા રહેવાનું મળે અને સ્ટુડન્ટ લાઈફના જલસા ચાલુ રાખી શકાય) ત્યારે એમના સર એમને કહેતાં :

'અરે ભઈ, 'મુગલ-એ-આઝમ' બના રહે હો ક્યા ? જલ્દી ખતમ કરો યાર ?'

આ 'મુગલ-એ-આઝમ'નાં મુહાવરો શા માટે પ્રચલિત થયો ? કેમકે એ જમાનામાં કે.આસિફ નામનો ધૂની ડિરેક્ટર એને લગભગ દોઢ વખત ફરી બનાવી ચૂક્યો હતો! છતાં એની જીદ હતી કે 'ના...ના...રિલીઝ કરતાં પહેલાં એને હજી એકવાર નવેસરથી ફરી બનાવવી છે!

અચ્છા, આ લગભગ દોઢ વખત 'રિ-મેક'નો મામલો શું હતો ? તો જરા ફલેશ-બેકમાં જવું પડશે...

જો તમે ભૂલથી પણ એમ સમજતા હો કે સલીમ-અનારકલીની આ સ્ટોરી ખરેખર ઐતિહાસિક 'ટ્રુ-સ્ટોરી' છે, તો તમે (ડાયાબિટીસ વિનાની) ખાંડ ખાઈ રહ્યા છો. કેમકે છેક ૧૯૨૨માં ઈમ્તિયાઝ અલી તાજ નામના એક લેખકે 'અનારકલી' નામનો એક ઉર્દૂ ડ્રામા લખ્યો હતો. એ જમાનામાં આ ઉર્દૂ નાટક એટલું મશહૂર બન્યું હતું કે ૧૯૨૮માં જ તેની ઉપરથી 'અનારકલી' નામની મુંગી ફિલ્મ બની હતી ! (કલ્પના કરો, નૃત્ય કરીને ગાયન ગાતી અનારકલી પણ મુંગી ! એ તો ઠીક, કડક અવાજે ઘાંટા પાડતો અકબર પણ મુંગો !)

એ પછી ૧૯૩૫માં જે 'અનારકલી' બની તે બોલતી અને ગાતી પણ હતી. (બન્નેના પ્રોડ્યુસર હતા અરદેશર ઈરાની) જેમાં એ જમાનાની વિદેશી બ્યુટી રૂબી માયર્સ હિરોઈન હતી અને દિનશા બિલીમોરીયા નામનો એક પારસી માટીડો સલીમ બન્યો હતો. આર.એસ. ચૌધરી નામના ડીરેક્ટરે એ વખતે પણ ભવ્ય અને જાજરમાન સેટિંગ્સ ઊભા કર્યા હતા.

ત્યારબાદ ૧૯૫૩ વાળી 'અનારકલી' પણ આવી ગઈ ! પ્રદીપ કુમાર અને બીના રાયવાળી એ ફિલ્મ પણ એ વર્ષની નંબર વન હિટ હતી ! એનાં સી. રામચંદ્રનાં ગાયનો આજે પણ યાદગાર છે : 'જિંદગી પ્યાર કી દો ચાર ઘડી હોતી હૈ....' 'યે જિંદગી ઉસી કી હૈ, જો કીસી કા હો ગયા....' 'જાગ દર્દે ઈશ્ક જાગ...' 'દુઆ કર ગમે દિલ દુઆ કર...' વગેરે.

છતાં કે આસિફનો કોન્ફિડન્સ જુઓ! એ તો છેક ૧૯૪૧થી 'મુગલ-એ-આઝમ' બનાવી રહ્યા હતા, છતાં એમને ખાતરી હતી કે 'આ અનારકલી તો કંઈ નથી ! મારી અનારકલી પરદા પર આવે ત્યારે જોઈ લેજો, બોસ !'

એમ તો ૧૯૫૮માં પાકિસ્તાનમાં પણ એક 'અનારકલી' બની હતી ! જેમાં ભારતથી ત્યાં જતી રહેલી ગાયિકા કમ અભિનેત્રી નૂરજહાઁ હિરોઈન બની હતી. જોકે આ પાકિસ્તાની ફિલ્મની તો કોઈ અસર ભારતમાં પડવાની જ નહોતી. (અહીં મારા જેવા લેખકને જરૂર સવાલ થાય કે ભાઈ, પેલું ઓરીજીનલ ઉર્દૂ નાટક લખનાર ઈમ્તિયાઝભાઈને કોઈએ આ બધી ઉઠાંતરી બદલ કોઈ રોયલ્ટી ચૂકવેલી ખરી ?) ખેર છોડો...કે.આસિફની ઝનૂની (પેશનેટ) મેકિંગની સ્ટોરી ઉપર આવીએ. તો મામલો શરૂ થાય છે ૧૯૪૦ના દાયકામાં જ્યારે શીરાઝઅલી હકીમ નામના નિર્માતા અને કે.આસિફ નામના નવાસવા દિગ્દર્શકે આ કહાણીને આજ પહેલાં કોઈએ ના બનાવી હોય એટલા મોટા સ્કેલ પર બનાવવાનું નક્કી કર્યું. જેની સ્ક્રીપ્ટ લખવા માટે ચાર દિગ્ગજ લેખકોને કામે લગાડ્યા. કમાલ અમરોહી (પાકીઝાવાળા). વજાહત મિર્ઝા, અમાનુલ્લા ખાન અને એહસાન રિઝવી. આખી પટકથા સંવાદો સાથે પુરી કરવામાં ત્રણ વરસ લાગી ગયાં.

૧૯૪૪માં હવે એનું પ્રોડક્શન શરૂ થયું. અને એ પણ ભવ્ય સ્કેલ ઉપર ! તોતિંગ સાઈઝના સેટ્સ અને અત્યંત મોંઘા કોસ્ચ્યુમ...પણ હલો, દિલીપકુમાર, મધુબાલા વગેરે તો એ વખતે બચ્ચાં હતાં !




તો સ્ટાર કાસ્ટ શું હતું ? તમને જાણીને નવાઈ લાગશે, પણ, અકબર તરીકે પેલી માંજરી આંખો અને ખતરનાક ચહેરાવાળો ચંદ્રમોહન હતો ! (હા, મહેબૂબ ખાનની 'રોટી' વાળો) અને સલીમ તરીકે કોણ હતો ? હવે આ નામ સાંભળીને હસતા નહીં...કેમકે સલીમ બન્યા હતા એવી જ માંજરી આંખોવાળા સપ્રુ ! (હા, એ જ સપ્રુ જે પાછળથી ફિલ્મોમાં 'ઓર્ડર ઓર્ડર' કરીને હથોડી પછાડનારા જજ બનતા હતા.)

જોકે એ વખતે સપ્રુ બડા હેન્ડસમ લાગતા હતા, અને અનારકલી કોણ હતું ? નરગિસ! જેની ઉંમર તે વખતે માંડ ૧૫ વરસની હતી! આમાં ચોંકવાની જરૂર નથી કેમકે ૧૪ વરસની ઉંમરે જ તે મોતીલાલની હિરોઈન બની ચૂકી હતી. (તકદીર : ડિરેક્ટર મહેબૂબ ખાન).

**આસિફનો કોન્ફિડન્સ જુઓ! એ તો છેક ૧૯૪૧થી 'મુગલ-એ-આઝમ' બનાવી રહ્યા હતા, છતાં એમને ખાતરી હતી કે 'આ અનારકલી તો કંઈ નથી ! મારી અનારકલી પરદા પર આવે ત્યારે જોઈ લેજો, બોસ!'**

કે.આસિફ એમના આ લાર્જર-ધેન-લાઈફ સપનાને સાકાર કરવા માટે પ્રોડ્યુસર પાસે લખલૂંટ ખર્ચો કરાવી રહ્યા હતા.પણ તકદીરના ખેલ જુઓ, ૧૯૪૯માં, જ્યારે ફિલ્મ લગભગ 'અડધી બની ચૂકી હતી ત્યારે અકબર બનેલા ચંદ્રમોહનનું અચાનક હાર્ટ એટેકથી મૃત્યુ થઈ ગયું !'

એ તો ઠીક, ૧૯૪૭માં જ્યારે ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે પેલા નાણાં રોકનાર શીરાઝઅલી હકીમ (કદાચ દેવાળું ફૂંકીને) પાકિસ્તાન જતા રહેલા ! જોકે જતાં પહેલાં એક બહુ મહત્ત્વનું કામ કરેલું. પ્રોડ્યુસર-ફાઈનાન્સર તરીકે એ સમયના એક દિલદાર કરોડપતિ પારસીબાવા શાપુરજી પાલનજીનું નામ સૂચવતા ગયેલા !

આ શાપુરજી ફિલ્મ લાઈનનો કક્કો પણ જાણતા નહોતા. છતાં કે.આસિફે એમને 'રદ' કરેલી ફિલ્મનાં દ્રશ્યો બતાડ્યાં, અને શી ખબર ક્યાલોજિકથી શાપુરજી આ એકમાત્ર ફિલ્મ પાછળ પાણીની જેમ પૈસા વહાવતા રહ્યાં !

એમાંય, જ્યારે બ્લેક એન્ડ વ્હાઈટને બદલે કલરનો જમાનો આવી ગયો ત્યારે કે.આસિફ હજી આખેઆખી ફિલ્મ ટેકનિકલરમાં ફરીથી બનાવવા માગતા હતા ! પણ શાપુરજીએ આખરે બ્રેક મારી...એટલે છેવટે છેલ્લાં ચાર રીલ કલરમાં બન્યાં.

શાપુરજી પાલનજી આ ફિલ્મ પાછળ દોઢ કરોડ જેવી માતબર રકમ લગાવી ચૂક્યા હતા. પરંતુ એ જુગાર સફળ નીવડ્યો. કેમકે પુરા પંદર વરસ સુધી 'મુગલ-એ-આઝમ'ની કમાણીના રેકોર્ડને કોઈ ફિલ્મ તોડી શકી નહોતી !

- **અકબર બનેલા પૃથ્વીરાજ કપૂરનો કુદરતી અવાજ કોઈ કારણસર ખરાબ થઈ ગયો હતો. તે આવા ભારે અને ખારા અવાજમાં જ બોલી શકતા હતા. જે અકબરનું વિશિષ્ટ 'કેરેક્ટર' બની ગયું!**
- **યુદ્ધનાં દ્રશ્યો માટે જવાહરલાલ નહેરુએ ખાસ ભલામણ કરીને ભારતીય સેનાની આખી એક ફૌજી ઘોડેસવારોની રાજસ્થાની બટાલિયન ઉપલબ્ધ કરાવી હતી! બોલો.**
- **દોઢ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મે કુલ ૧૬.૫ કરોડનો બિઝનેસ કર્યો હતો.**
- **યુદ્ધનાં દ્રશ્યો માટે ૨૦૦૦ ઊંટ, ૪૦૦૦ હજાર ઘોડા અને ૮૦૦૦ સૈનિકોનો ઉપયોગ થયો હોવાનું કહેવાય છે.**
- **ઉસ્તાદ બડે ગુલામઅલી ખાનને તાનસેનના અવાજમાં માત્ર બે ગીતો ગાવા માટે ૨૫,૦૦૦ રૂપિયાની માતબર રકમ ચૂકવાઈ હતી જે રેકોર્ડ આજે પણ અકબંધ છે!**
- **૨૦૦૪માં 'મુગલ-એ-આઝમ'ને ડિજીટલી કલર કરીને રીલીઝ કરી ત્યારે પણ ૧૦ કરોડના મૂડી રોકાણ સામે ૨૭ કરોડની કમાણી કરી હતી.**

# શું તમે પણ AIની મદદથી ફિલ્મ બનાવવા માગો છો?

**સિનેમા એક્સપ્રેસ**

**શિશિર રામાવત**




આપણે ગયા રવિવારે બે તેજસ્વી એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ફિલ્મમેકર્સની વાત કરી હતી - 'તુમ્બાડ' ફેમ રાહી અનિલ બર્વે અને સાવ નવો નિશાળિયો, ઝાહિદ ઈક્બાલ. આ બન્નેએ એઆઈની મદદથી તદ્દન ઓછા બજેટમાં અનુક્રમે 'મન-પિશાચ' - 'વન-વિદિશા' અને 'ધ મધર્સ મોન્સ્ટર' નામની અફલાતૂન ફિલ્મો બનાવી છે અને યુટ્યુબ પર શેર કરીને અધધધ વ્યુઝ મેળવ્યા છે. તમારા મનમાં સહેજે સવાલ જાગી શકે: હું કંઈ ફિલ્મમેકર નથી, મેં ક્યારેય ફિલ્મના સેટ પર કામ કર્યું નથી, તોય શું હું પણ એઆઈની મદદથી ઘરબેઠાં ફિલ્મ બનાવી શકું? અને તે પણ ઓછા બજેટમાં? આ બન્ને સવાલના ઉત્સાહવર્ધક જવાબ છે: હા. તમે એઆઈની મદદ લઈને ઘરબેઠાં સાવ એકલપંડે એઆઈ ફિલ્મ જરૂર બનાવી શકો. કેવી રીતે?

આના જવાબ પર આવતાં પહેલાં રાહી બર્વે અને ઝાહિદના કિસ્સા પરથી સૌથી પહેલાં તો એ શીખવાનું છે કે લાખો-કરોડોનું બજેટ હોય તો જ ફિલ્મ બનાવી શકાય તે વાત ખોટી. શરૂઆત થોડા હજાર રૂપિયાથી થઈ શકે છે. હા, તમારી કલ્પના અને ક્રિયેટિવિટી તમારા બજેટ કરતાં મોટી હોવી જોઈએ. એઆઈ તમને છૂટક ડ્રેગન, મહેલો, રાક્ષસો, અવકાશયાન, સુંદર કુદરતી દ્રશ્યો આ બધું બનાવી આપશે, પણ એમાંથી આખી ફિલ્મ કેવી રીતે ઊભી કરવી? ઝાહિદ ઈક્બાલની સ્ટોરીનો આઈડિયા સાવ સાદો હતો: એક સ્ત્રી ડ્રેગનને જન્મ આપે તો? 'ધ મધર્સ મોન્સ્ટર' સુપર હિટ થઈ કેમ કે, તેના પાયામાં એક માતાની મમતા છે, સાથે સાથે સંતાન, તેનો અસ્વીકાર, ગામલોકો તરફથી થતો અત્યાચાર, બલિદાન અને છેલ્લે બદલાની વાત પણ છે. ડ્રેગન એ ટેકનોલોજીની કમાલ છે, પણ મા-સંતાનનો સંબંધ એ વાર્તા છે. નવા ફિલ્મમેકરે આ તફાવત ખાસ સમજવો પડે. જો તમે તમારી ફિલ્મમાંથી એઆઈ બાદ કરી નાખો ને વાર્તા પડી ભાંગે, તો એવું ન ચાલે. જો આવું થાય તો એનો સાદો

**પહેલી એઆઈ ફિલ્મનું વાસ્તવિક બજેટ પાંચથી ૧૦ હજાર રૂપિયા જેટલું રાખવું. ૧ લાખ કે ૫ લાખ નહીં. આ પૈસા મુખ્યત્વે એઆઈ જનરેશન ક્રેડિટ્સ પાછળ વપરાય છે, કારણ કે અંતિમ શોટ મેળવવા માટે વારંવાર પ્રયાસ કરવા પડે છે. એઆઈ ફિલ્મમેકિંગ સાવ 'મફત ફિલ્મમેકિંગ' તો નથી જ. ટૂંકમાં, ખર્ચ હવે કેમેરા અને સેટ્સ પાછળ નહીં, પણ કમ્પ્યુટિંગ પાવર અને ક્રેડિટ્સ પાછળ થવાનો છે...**

અર્થ એવો થયો કે તમારી પાસે ફક્ત ટેકનોલોજીનો ડેમો હતો, ફિલ્મ નહીં.

ભલે તમે ડિરેક્ટર બનવા માંગતા હો, પણ તમારે સાથે સાથે રાઈટર, સાઉન્ડ ડિઝાઈનર અને એડિટર પણ બનવું પડશે. તમે એઆઈથી ૮ સેકન્ડનો એક શાનદાર શોટ જનરેટ કરી શકો છો, પરંતુ સિનેમા એ કંઈ માત્ર આઠ-આઠ સેકન્ડના શોટ્સ નથી. તેથી ઉભરતા ફિલ્મમેકરે એડિટિંગ, પેસિંગ, રિધમ, સાઉન્ડ ટ્રાન્ઝિશન આ બધું પણ શીખવું પડે. સાઉન્ડ એક એવી ચીજ છે, જેને બહુ ઓછું મહત્ત્વ અપાતું હોય છે. તમે વિઝ્યુઅલ્સ પાછળ ૯૦ ટકા મહેનત કરો અને સાઉન્ડ પાછળ ફક્ત ૧૦ ટકા સમય ને શક્તિ ખર્ચો તે ન ચાલે.

હવે ઉભરતા એઆઈ ફિલ્મમેકર્સનો સૌથી પહેલો સવાલ આ હોવાનો: શું સામાન્ય લેપટોપ પર એઆઈ ફિલ્મ બની શકે? હા, બની શકે. ૧૬ જીબી રેમ અને વધારે સારી રીતે ૫૧૨ જીબી-૧ ટીબી એસએસડી ધરાવતું આધુનિક લેપટોપ પૂરતું છે. જો ૩૨ જીબી રેમ અને અલગ જીપીયુ હોય, તો વધુ સારું. પણ ફક્ત એઆઈ ફિલ્મમેકિંગ શરૂ કરવા માટે જ દોઢ-બે લાખનું ગેમિંગ લેપટોપ ખરીદવાની જરૂર નથી. એ જ રીતે, એઆઈ ફિલ્મમેકર બનવા માટે તમારે ખૂબ બધા પૈસા ખર્ચીને જુદી જુદી ૧૫ એપ્લિકેશન્સ ખરીદવાની કશી જરૂર નથી.

એક મુખ્ય વીડિયો પ્લેટફોર્મથી શરૂઆત કરો. આજની તારીખે નવાનિશાળીયાઓ માટે 'રનવે' નામનું પ્લેટફોર્મ ઉપયોગી છે, કેમ કે તેમાં વીડિયો જનરેશન, રેફરન્સ, એડિટિંગ ટૂલ્સ અને શીખવા માટેની સામગ્રી બધું એક સાથે મળે છે. તેનું રેફરન્સ વર્કફ્લો પાત્રો અને લોકેશનની એકસૂત્રતા જાળવવા માટે જ બન્યું છે. તેની રનવે એકેડેમી પણ ખૂબ ઉપયોગી છે, જેમાં કેરેક્ટર

અનુસંધાન પાનાનં ૦૬ પર